દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 73 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ફાલ્ગુન વદ-૧૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 28 March 2025, Friday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 *
શુક્રવાર, ૨૮ માર્ચ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# અમદાવાદ ઑલિમ્પિક્સ બિડ અમેરિકાથી મોંઘી

## ૨૦૩૬ની ઑલિમ્પિક ગેમ્સની હરીફાઈઓ ગુજરાતનાં બે શહેર અને મુંબઈ સહિત છ શહેરમાં યોજવાની વિચારણા

નવી દિલ્હીઃ ૨૦૩૬ની ઑલિમ્પિક ગેમ્સ ભારતમાં યોજવા માટે ભારત બિડ કરવાનું છે. ૧૧ વર્ષ પછી અમદાવાદ અને ગાંધીનગર, ગુજરાતનાં આ બે શહેરમાં દુનિયાનો આ સૌથી મોટો રમતોત્સવ યોજવા વિશે ભારત સરકાર દ્વારા પ્રયાસો થઈ રહ્યા છે. ઇન્ડિયન ઑલિમ્પિક ઍસોસિયેશન (આઇઓએ)એ ઇન્ટરનૅશનલ ઑલિમ્પિક કમિટી (આઇઓસી)ને પ્રારંભિક અરજી મોકલી છે. હવે આ મેગા સ્પોર્ટ્સ-ફેસ્ટિવલ યોજવા બાબતમાં શું તૈયારીઓ કરવી પડશે એનો અંદાજ લેવામાં આવી રહ્યો છે. એક અહેવાલ મુજબ ભારતમાં ૨૦૩૬ની ઑલિમ્પિક્સ યોજવા પાછળ વધુમાં વધુ અંદાજે ૭.૪૭ અબજ ડૉલર (આશરે ૬૪,૦૦૦ કરોડ રૂપિયા)નો ખર્ચ થશે અને એ ખર્ચ ૨૦૨૮માં અમેરિકાના લૉસ ઍન્જલસ શહેરમાં યોજાનારી ઑલિમ્પિક ગેમ્સ પાછળના પાંચ અબજ ડૉલર (૪૩,૬૩૩ કરોડ રૂપિયા)થી ઘણો વધુ અંદાજવામાં આવી રહ્યો છે. એ રીતે, અમદાવાદની ઑલિમ્પિક ગેમ્સ આ વૈશ્વિક રમતોત્સવના ઇતિહાસમાં સૌથી મોંઘી સાબિત થશે.

બીજી બાજુ, અમદાવાદ ઑલિમ્પિક્સ અને લૉસ ઍન્જલસ ઑલિમ્પિક્સના આયોજન પાછળના ઓછામાં ઓછા ખર્ચ વચ્ચેનો તફાવત એક મિલિયન ડૉલર અને એ રીતે અમદાવાદ ઑલિમ્પિક્સના આયોજન પાછળનો ન્યૂનતમ ખર્ચ ચાર અબજ ડૉલર (૩૪,૭૦૦ કરોડ રૂપિયા) અંદાજવામાં આવી રહ્યો છે.

આ સંભવિત ખર્ચને લગતી યોજના તાજેતરમાં ગાંધીનગરમાં ઉચ્ચ-સ્તરીય સંકલન સમિતિ દ્વારા રજૂ કરવામાં આવેલી બ્લ્યૂ પ્રિન્ટમાં દર્શાવવામાં આવી હતી.

એવું મનાય છે કે ભારતને ૨૦૩૬ની ઑલિમ્પિક ગેમ્સના આયોજનનો અવસર મળશે તો એની રમતોની હરીફાઈઓ મુખ્યત્વે અમદાવાદ તથા ગાંધીનગર ઉપરાંત અમુક હરીફાઈઓ મુંબઈ, પુણે, ભોપાલ અને ગોવામાં પણ યોજાશે.

ઉલ્લેખનીય છે કે ભારતે ૨૦૩૦ની કૉમનવેલ્થ ગેમ્સના આયોજન માટેનો પ્રબળ દાવો કર્યો છે અને એ પ્રકલ્પ ભારતને મળવાની પાકી સંભાવના છે. એવું મનાય છે કે ૨૦૩૬ની ઑલિમ્પિક્સનું આયોજન આસાન બની રહે એ હેતુથી ભારત સરકાર એના છ વર્ષ પહેલાં (૨૦૩૦માં) કૉમનવેલ્થ ગેમ્સના સફળ આયોજનનું ઉદાહરણ દુનિયા સમક્ષ મૂકવા માગે છે. એવું પણ મનાય છે કે ૨૦૩૦ની કૉમનવેલ્થ ગેમ્સ પણ અમદાવાદમાં યોજવામાં આવશે કે જેથી ત્યાર બાદ ઑલિમ્પિક્સના આયોજનમાં

(જુઓ પાનું ૨) ▶▶

## આસારામના આશ્રમની જમીનનો ઉપયોગ ઑલિમ્પિક્સ માટે થશે?

અમદાવાદઃ ધાર્મિક ગુરુ આસારામ સામે વર્ષ ૨૦૧૩માં એક સગીરા પર બળાત્કાર ગુજારવાનો આરોપ લાગ્યો હતો, ત્યાર બાદ તેની ધરપકડ કરવામાં આવી હતી અને વર્ષ ૨૦૧૮ માં જોધપુર કોર્ટે તેને દોષી ઠેરવીને આજીવન કેદની સજા ફટકારી હતી. આસારામનો એક આશ્રમ અમદવાદના મોટેરા વિસ્તારમાં આવેલો છે, જે હજુ પણ સક્રિય છે. આ આશ્રમમાં આસારામના અનુયાયીઓ એકઠા થતા હોય છે. એક અહેવાલ મુજબ આ આશ્રમ તોડી પાડવામાં આવશે. આશ્રમની જમીનનો ઉપયોગ ઓલિમ્પિક્સ ગેમ્સ માટે કરવામાં આવશે.

ભારતે ઓલિમ્પિક ગેમ્સ ૨૦૩૬ ની યજમાની માટે બીડ દાખલ કરી છે. સરકાર અમદાવાદમાં ઓલિમ્પિક ગેમ્સ યોજવા ઈચ્છે છે, જેના માટે સરકારે તૈયારીઓ પણ શરૂ કરી દીધી છે. ઓલિમ્પિક ૨૦૩૬ના આયોજન માટે મોટેરા પાસે સરદાર પટેલ

(જુઓ પાનું ૨) ▶▶

## ઈન્કમ ટેક્સ ઑફિસ ૨૯થી ૩૧ માર્ચ ખુલ્લી રહેશે

નવી દિલ્હીઃ કરદાતાઓ ચાલુ નાણાકીય વર્ષ માટેની ઈન્કમ ટેક્સ સંબંધિત પ્રક્રિયાઓ પૂરી કરી શકે તે માટે દેશભરમાં ઈન્કમ ટેક્સ ઓફિસ ૨૯, ૩૦ અને ૩૧મી માર્ચે ખુલ્લી રહેશે. ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ ૩૧મી માર્ચે પૂરું થશે. વીકએન્ડ અને ઈદ-અલ-ફિત્રનો તહેવાર કદાચ સોમવારે આવે એમ હોવા છતાં દેશભરમાં ઈન્કમ ટેક્સ ઓફિસ ૨૯થી ૩૧ માર્ચ ખુલ્લી રહેશે.

સેન્ટ્રલ બૉર્ડ ઑફ ડિરેક્ટ ટેક્સિસ (સીબીડીટી) દ્વારા બહાર પાડવામાં આવેલા આદેશમાં જણાવ્યાનુસાર આવકવેરા ખાતાના બાકી રહેલાં કામ પૂરાં કરવા દેશભરમાં આવકવેરા વિભાગનાં કાર્યાલયો ૨૯, ૩૦ અને ૩૧મી માર્ચે ખુલ્લાં રહેશે. ૩૧મી માર્ચ ચાલુ નાણાકીય વર્ષનો છેલ્લો દિવસ હોવાને કારણે નાણાંકીય વર્ષ સંબંધિત તમામ સરકારી પેમેન્ટ અને સેટલમેન્ટ ૩૧મી માર્ચ સુધીમાં પૂરા કરવા પડશે. વર્ષ ૨૦૨૩-૨૪ના નાણાકીય વર્ષનું અપડેટેડ આઈટી રિટર્ન ફાઈલ કરવા માટે પણ ૩૧મી માર્ચ અંતિમ તારીખ છે.

દેશભરમાં સ્પેશિયલ ક્લિયરિંગ ઑપરેશન હાથ ધરી શકાય તે માટે જરૂરી તમામ વ્યવસ્થા પણ કરવામાં આવી હોવાનું આરબીઆઈ દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું. (એજન્સી)■

## વ્યાજદરમાં ઘટાડાની વકી

નવી દિલ્હી /મુંબઈ : રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા (આરબીઆઈ) મોનેટરી પૉલિસી કમિટી આવતા મહિનાની નીતિ સમીક્ષા બેઠકમાં વિકાસને ઉત્તેજન આપવા વ્યાજદરમાં ૨૫ બેસિસ પોઈન્ટ્સનો ઘટાડો કરે એવી અપેક્ષા છે એમ ઈન્ડિયા રેટિંગ એન્ડ રીસર્ચે ગુરુવારે કહ્યું હતું. તેના વડા અર્થશાસ્ત્રી અને પબ્લિક ફાયનાન્સના વડા દેવેન્દ્ર કુમાર પંતે કહ્યું હતું કે અમે નાણાકીય વર્ષમાં ફુગાવો ૪.૭ ટકા પર સ્થિર રહે એવી અપેક્ષા રાખીએ છીએ. નાણાકીય વર્ષમાં નાણાકીય સ્થિતિ હળવી થશે અને વ્યાજદરમાં ૭૫ બીપીએસનો ઘટાડો થશે.

નિવેદનમાં વધુમાં જણાવ્યું હતું કે જો અમેરિકાના જેવા સાથે તેવા (રેસિપ્રોકલ) ટેરિફ અપેક્ષા કરતાં વધારે આવશે તો વ્યાજદરમાં વધુ ઘટાડો જોવા મળશે. રેટિંગ એજન્સીએ કહ્યું હતું કે અમે સમિતિ એપ્રિલ ૨૦૨૫માં વ્યાજદરમાં ૨૫ બેસિક પોઈન્ટસનો ઘટા ડો કરે એવી અપેક્ષા રાખીએ છીએ. ઊંચા ફુગાવાને લીધે કેન્દ્રીય બૅન્કે મે ૨૦૨૨થી ફેબ્રુઆરી ૨૦૨૩ સુધી વ્યાજદર ૨૫૦ બેસિસ પોઈન્ટ્સ વધારતા વ્યાજદર સાડાછ ટકા થયો છે. રેટિંગ એજન્સી કહે છે કે નાણાકીય વર્ષ '૨૬માં મહત્તમ ત્રણ વાર વ્યાજદરમાં ઘટાડા જોવા મળી શકે. આ ઘટાડો ૭૫ બેસિસ પોઈન્ટ્સ જેટલો હશે.

રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા (આરબીઆઈ)એ બુધવારે મોનેટરી

(જુઓ પાનું ૨) ▶▶

## ગૌતમ અદાણીની મિલકત વધી, અંબાણીની ઘટી

મુંબઈઃ દેશના ૨૮૪ અબજપતિઓની કુલ સંપત્તિ દેશના કુલ જીડીપીના ત્રીજા ભાગ જેટલી હોવાનું ગુરુવારે જાહેર કરવામાં આવેલા રિપોર્ટમાં જણાવવામાં આવ્યું હતું.

હૂરુન ગ્લોબલ રિચ લીસ્ટ મુજબ મિલકતમાં એક લાખ કરોડના વધારા સાથે ગુજરાતના અમદાવાદમાં કંપનીનું વડુંમથક ધરાવતા ગૌતમ અદાણી મિલકતમાં વધારાને મામલે વિશ્વમાં ટોચના સ્થાને રહ્યા છે. કુલ સંપત્તિમાં એક લાખ કરોડ રૂપિયાના વધારા સાથે ગૌતમ અદાણીની કુલ સંપત્તિનો આંક વધીને રૂ. ૮.૪ લાખ કરોડ થઈ ગયો છે.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના મૂકેશ અંબાણીની સંપત્તિ ૧૩ ટકા ઘટીને રૂ. ૮.૬ લાખ કરોડ થઈ ગઈ છે. જોકે આમ છતાં એશિયાના સૌથી સંપત્તિવાનનું ટાઈટલ જાળવી રાખવામાં મૂકેશ અંબાણી સફળ રહ્યા છે.

હિન્ડન્બર્ગ રિપોર્ટને પગલે સંપત્તિમાં અસાધારણ ઘટાડાનો સામનો કરનાર અદાણીની ગયા વરસની કુલ સંપત્તિના આંકમા ૧૩ ટકાનો વધારો નોંધાયો હોવાનું રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે.

દેશમાં હાલ ૨૮૪ અબજપતિ છે જેમની સંપત્તિમાં કુલ ૯૮ લાખ કરોડનો વધારો થયેલો જોવા મળ્યો છે જે દેશના કુલ જીડીપીના ત્રીજા ભાગ જેટલો હોવાનું રિપોર્ટમાં જણાવવામાં આવ્યું

(જુઓ પાનું ૨) ▶▶

## કેન્દ્ર ગુજરાતમાંથી ચણા, મસૂર, રાઈની ખરીદી કરશે

નવી દિલ્હી : સરકાર ગુજરાત અને બીજાં રાજ્યો પાસેથી ચણા, મસૂર અને રાઈની ખરીદી કરશે. કેન્દ્રના કૃષિપ્રધાન શિવરાજ સિંહ ચૌહાણે જાહેરાત કરી હતી કે વર્ષ ૨૦૨૫માં કેન્દ્ર સરકાર ૩૭.૩૯ લાખ ટન ચણા અને મસૂર તથા ૨૮.૨૮ લાખ ટન રાઈની ખરીદી કરશે. સરકાર આ કોમોડિટી સેન્ટ્રલ નોડલ એજન્સી જેવી કે નાફેડ અને એનસીસીએફ વાટે પ્રાઈસ સપોર્ટ સ્કીમ હેઠળ ખરીદી કરશે. રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને ગુજરાત આ જણસો ઉગાડે છે.

ચૌહાણે કહ્યું હતું કે કઠોળની પ્રાપ્તિમાં ૨૭.૯૯ લાખ ટન ચણા અને ૯.૪૦ લાખ ટન મસૂરનો સમાવેશ થાય છે.

તેમણે રાજ્ય સરકારોને એ વાતની તકેદારી લેવાનું કહ્યું હતું કે અનાજની ખરીદી લઘુતમ ટેકાના ભાવથી નીચા ભાવમાં ન કરાય.

ખરીફ (ઉનાળા)ના કઠોળો પર પ્રધાને કહ્યું હતું કે પ્રાપ્તિ ૨.૪૬ લાખ ટન પર પહોંચી છે અને આનાથી ૧.૭૧ લાખ ખેડૂતોને ફાયદો થયો છે.

તુવેર, અળદ અને મસૂર આંધ્ર પ્રધેશ. ગુજરાત અને મહારાષ્ટ્ર સહિતનાં નવ રાજ્યોમાંથી ખરીદવામાં આવે છે. ચૌહાણે પત્રકારોને કહ્યું હુતં કે આંધ્ર પ્રદેશ, ગુજરાત, કર્ણાટક અનેે તેલંગણામાં લઘુતમ ટેકાના ભાવે ખરીદી ચાલુ છે. ઉત્તર પ્રદેશમાં તુવેરના ભાવ એમએસપી કરતાં વધારે છે અને સરકાર નોડલ એજન્સી વાટે ૧૦૦ ટકા ખરીદી માટે પ્રતિબદ્ધ છે. (એજન્સી)■

## કર્ણાટકમાં દૂધની કિંમતમાં ચાર રૂપિયાનો વધારો

બેંગલૂરુઃ કર્ણાટકમાં દૂધના ભાવમાં વધારો થયો છે. હવે લોકોને પ્રતિ લિટર દૂધ માટે ૪ રૂપિયા વધારાના ચૂકવવા પડશે. રાજ્યના સહકાર મંત્રી કે.એન. રાજન્નાએ આ માહિતી આપી હતી. વાસ્તવમાં ખેડૂતો અને અન્ય સંગઠનો લાંબા સમયથી ભાવ વધારાની માગ કરી રહ્યા છે. રાજ્યમાં ડેરી ખેડૂતોને પ્રોત્સાહન આપવા અને દૂધ ઉત્પાદન ખર્ચને ધ્યાનમાં રાખીને આ પગલું લેવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે નવા ભાવનો લાભ સીધો રાજ્યના પશુપાલકો સુધી પહોંચે તેવી ખાતરી કરવામાં આવશે.

રાજ્યના સહકાર મંત્રી કે.એન. રાજન્નાએ કહ્યું હતું કે ૧ એપ્રિલથી રાજ્યમાં દૂધના ભાવમાં લિટર દીઠ ૪ રૂપિયાનો વધારો થશે. તેમણે

(જુઓ પાનું ૨) ▶▶

## ભારતીય માછીમારની પાક જેલમાં આત્મહત્યા

કરાચીઃ પાકિસ્તાનના કરાચીસ્થિત માલિર જેલમાં બાવન વર્ષના એક ભારતીય માછીમારે આત્મહત્યા કરીને જીવનનો અંત આણ્યો હોવાનું જેલના અધિકારીઓએ ગુરુવારે કહ્યું હતું.

ગોરવ રામ આનંદ નામના ભારતીય માછીમારે મંગળવારે રાત્રે બરાકમાં પડેલા દોરડાની મદદથી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હોવાનું જેલ સુપરિન્ટેન્ડન્ટ અર્શદ હુસૈને સમાચારસંસ્થાને આપેલી મુલાકાતમાં કહ્યું હતું. પાકિસ્તાનની જેલમાં સજા કાપી રહેલા મોટાભાગના માછીમારો ગુજરાતના ગીર સોમનાથ વિસ્તારના વતની છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે ઈદી ફાઉન્ડેશન, અન્સાર બર્ની વેલ્ફેર ટ્રસ્ટ અને સરકારી સૂત્રોએ આપેલી માહિતી મુજબ અંદાજે ૧૯૦ જેટલા ભારતીય માછીમારો હજુ પણ પાકિસ્તાનની જેલમાં સબડી રહ્યા છે. (એજન્સી) ■

## રસ્તાઓ અને છત પર જુમાની નમાજ પઢવા પર સંભલ પોલીસે લગાવ્યો પ્રતિબંધ

સંભલ (ઉત્તર પ્રદેશ): સંભલ પોલીસે શુક્રવારની નમાજને લઈને નવા નિર્દેશ જાહેર કર્યા હતા. સંભલ પોલીસે શુક્રવારે રસ્તાઓ અને છત પર જુમાની નમાજ અદા કરવા પર પ્રતિબંધ મૂક્યો હતો. સંભલના એડિશનલ પોલીસ અધિક્ષક (એએસપી) શ્રીશ ચંદ્રએ ગુરુવારે જણાવ્યું હતું કે પરંપરાગત રીતે નમાજ પઢવા પર કોઈ પ્રતિબંધ નથી, પરંતુ અકસ્માતો અટકાવવા માટે છત પર મોટી સંખ્યામાં ભેગા થવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જુમા (શુક્રવાર) અલવિદાની નમાજની તૈયારીઓ અંગે પત્રકારો સાથે વાત કરતા એએસપીએ જણાવ્યું હતું કે લોકો શાંતિથી નમાજ અદા કરે તે સુનિશ્ચિત કરવા માટે સેક્ટરો અને ઝોનમાં પૂરતી સંખ્યામાં પોલીસ દળો તૈનાત કરવામાં આવ્યા છે.

તેમણે કહ્યું કે બુધવારે શાંતિ સમિતિની બેઠકમાં કેટલાક લોકો દ્વારા છત પર નમાજ અદા કરવાનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. એએસપીએ જણાવ્યું હતું કે તે લોકોએ પૂછ્યું હતું કે શું તેઓ નજીકના છત પર

(જુઓ પાનું ૨) ▶▶

## ભારત ધર્મશાળા નથીઃ અમિત શાહ

નવી દિલ્હીઃ લોકસભાએ ગુરુવારે ઈમિગ્રેશન અને વિદેશીઓને લગતા ખરડાને પસાર કર્યો હતો. અમિત શાહે લોકસભામાં જણાવ્યું હતું કે ભારતમાં ધંધા, શિક્ષણ, રોકાણ માટે આવનારા લોકોને આવકારીએ છીએ, પણ ભારત ધર્મશાળા નથી એ ધ્યાન રાખવું જોઈએ.

અગાઉ, કૉંગ્રેસના નેતા પ્રાઈમ મિનિસ્ટર્સ નેશનલ રિલીફ ફંડ (પીએમએનઆરએફ)નો હિસ્સો હોવાના કરેલા નિવેદનને પ્રમાણિત કરવા પ્રધાને વર્ષ ૧૯૪૮માં સરકારની પ્રેસ રિલીઝને ટાંક્યા બાદ રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખડે ગુરુવારે કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહ સામેની પ્રિવિલેજ નોટિસ નકારી કાઢી હતી.

કૉંગ્રેસના મહામંત્રી જયરામ રમેશની વિશેષાધિકાર ભંગની નોટિસ અંગે ચુકાદો આપતાં ધનખડે કહ્યું હતું કે અમિત શાહે કાયદાનું ઉલ્લંઘન

(જુઓ પાનું ૨) ▶▶



એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ઓટો સેક્ટર પર ટેરિફ, ટ્રમ્પ સેલ્ફ ડિસ્ટ્રક્ટિવ મોડમાં

**અમેરિકાના** પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ભારત સહિતના દેશોના અમેરિકામાં જતા માલ પર ટેરિફ લાદવાની જાહેરાત કરી છે અને ૨ એપ્રિલની તારીખ પણ નક્કી કરી નાંખી છે. ૨ એપ્રિલ આડે હવે આંગળીના વેઢે ગણાય એટલા દિવસો બાકી રહ્યા છે. ભારત સરકાર ટ્રમ્પને ટેરિફ નહીં લાદવા વિનવી રહી છે અને મંત્રણાઓ પર મંત્રણા કરી રહી છે ત્યારે ટ્રમ્પે ફરી એક વાર ટેરિફની ચાબુક ચલાવી દીધી છે. ટ્રમ્પે ટેરિફના નવા વારમાં અમેરિકામાં આવતા ઓટો સેક્ટરના માલ પર ૨૫% ટેરિફ લાદવાની જાહેરાત કરી છે. ડોનલ્ડ ટ્રમ્પે કરેલી જાહેરાત હેઠળ અમેરિકામાં આવતી કાર અને કારના પાર્ટ્સ બંને પર ૨૫ ટકા ટેરિફ લાગશે.

ઓવલ ઓફિસમાં એક કાર્યક્રમ દરમિયાન ટ્રમ્પે જાહેરાત કરી હતી કે, યુએસમાં ઈમ્પોર્ટ કરવામાં આવતી તમામ વિદેશી કાર પર હવે ૨૫ ટકા ટેરિફ લાદવામાં આવશે અને આ કામચલાઉ નિર્ણય નથી, પરંતુ કાયમી નિર્ણય છે. ટ્રમ્પે એલાન કર્યું છે કે, ઓટો સેક્ટર પરના નવા ટેરિફ ૨ એપ્રિલથી અમલમાં આવશે. તેમાં સૌથી પહેલાં કાર પર ટેરિફ લાગશે. વાહનોની આયાત કરતા વ્યવસાયો પર ૩ એપ્રિલથી લાગશે જ્યારે ઓટો પાર્ટ્સ પર મે મહિનામાં અથવા તેના પછી ટેરિફ લાગશે. ટ્રમ્પનો દાવો છે કે, ઓટો સેક્ટરની આયાત પર ૨૫ ટકા ટેરિફના આ પગલાંથી કાર ઉદ્યોગ જબરદસ્ત વિકાસ કરશે અને તેનાથી અમેરિકામાં નોકરીઓ અને રોકાણને વેગ મળશે.

ટ્રમ્પના કહેવા પ્રમાણે, આ નિર્ણયથી અમેરિકામાં નવી ફેક્ટરીઓ ખુલશે. કેનેડા અને મેક્સિકોમાં બનતા વિવિધ ઓટો પાર્ટ્સ અને તૈયાર વાહનો હવે યુએસમાં જ બનશે તેથી અમેરિકામાં મેન્યુફેક્ચરિંગ સેક્ટરને વેગ મળશે. વ્હાઇટ હાઉસને અપેક્ષા છે કે, આ નિર્ણયથી આવકમાં વાર્ષિક ૧૦૦ અબજ ડોલરનો વધારો થશે. અમેરિકાએ ગયા વર્ષે લગભગ ૮૦ લાખ કારની આયાત કરી હતી. તેના આધારે ટ્રમ્પની ઓફિસ આ ગણતરી કરી રહી છે.

વિશ્લેષકોના મતે, ટ્રમ્પની વાતો શેખચલ્લી જેવી છે અને તેનાથી અમેરિકાને ફાયદો નથી થવાનો પણ ભારે નુકસાન થશે. આ પગલાંથી અમેરિકામાં કાર ઉત્પાદન કામચલાઉ રીતે બંધ થશે કેમ કે વિદેશથી મંગાવાતા ઓટો પાર્ટ્સ મોંઘા થશે. અમેરિકન કાર કંપનીઓ મોટા ભાગના ઓટો પાર્ટ્સ અન્ય દેશોમાંથી આયાત કરે છે. કારની કિંમતોમાં વધારો થશે કેમ કે ટેરિફના કારણે ઓટો પાર્ટ્સ મોંઘા પડશે. આ ટેરિફથી વાહન ઉત્પાદકોના ખર્ચમાં વધારો થશે તેથી વેચાણમાં ઘટાડો થઈ શકે છે. આ સિવાય સાથી દેશો સાથેના સંબંધોમાં તણાવ આવશે.

વિશ્લેષકોની વાત સાચી છે કેમ કે ટ્રમ્પની જાહેરાતે ગભરાટ ફેલાવી જ દીધો છે. બિઝનેસ જગતમાં ફેલાતા ગભરાટનું પ્રતિબિંબ સૌથી પહેલાં શૅરબજાર પર પડે છે તેથી દુનિયાભરનાં શૅરબજારોમાં ઓટો કંપનીઓના શેરોમાં કડાકો બોલી ગયો છે. ભારતમાં ટોચની કંપની ટાટા મોટર્સના શેર લગભગ ૬ ટકા ઘટી ગયા કેમ કે ટાટા મોટર્સ અમેરિકામાં મોટા પ્રમાણમાં કાર વેચે છે.

ટાટા મોટર્સની માલિકીની જગુઆર લેન્ડ રોવરની નિકાસમાં ૨૨ ટકા હિસ્સો અમેરિકામાં વેચાતી કારનો હોવાથી ટ્રમ્પના ૨૫ ટકા ટેરિફની સીધી અસર ટાટા મોટર્સને થશે. ટાટા મોટર્સે ૨૦૨૪માં વિશ્વભરમાં ૪ લાખ કારનું વેચાણ કર્યું હતું અને તેમાં ૨૨ ટકા એટલે કે લગભગ ૮૮ હજાર કાર અમેરિકામાં વેચાઈ હતી. કંપની લેન્ડ રોવરની કારનું મેન્યુફેક્ચરિંગ મુખ્યત્વે બ્રિટનમાં કરે છે પણ હેડક્વાર્ટર ભારતમાં છે તેથી ભારતમાં તેની અસર થાય એ સ્વાભાવિક છે. ભારતની મહિન્દ્રા, આઈશર સહિતની અમેરિકામાં આયાત કરાતી કારોના શેર પણ તૂટ્યા છે.

બીજા દેશોમાં પણ કાર કંપનીના શેરના ભાવોમાં કડાકો બોલી ગયો છે. બીજા દેશોની વાત છોડો પણ અમેરિકામાં પણ ઓટો કંપનીના શેર તૂટી ગયા છે. બુધવારે અમેરિકન ઓટોમોબાઈલ કંપની જનરલ મોટર્સના શેરમાં ૩ ટકાનો ઘટાડો થયો હતો જ્યારે જીપ અને ક્રાઇસ્લરના માલિક સ્ટેલાન્ટિસના શેર પણ લગભગ ૩.૬ ટકા ઘટ્યા હતા. બીજી કંપનીઓના શેરોના ભાવ પણ ઘટ્યા છે કેમ કે ટ્રમ્પના ટેરિફના તુક્કાને કારણે આ કંપનીઓને પણ અસર થશે જ. આ કંપનીઓના પ્લાન્ટ ભલે અમેરિકામાં હોય ને કારનું ઉત્પાદન પણ અમેરિકામાં થતું હશે પણ કાર માટેના ઓટો પાર્ટ્સ વિદેશથી જ આવે છે.

મોટી કંપનીઓને એ જ સસ્તું પડે કેમ કે કાર માટેની નાની નાની ચીજો બનાવવા એ લોકો કંઈ પ્લાન્ટ ના નાંખે. એક કારમાં સો-બસો નટ-બોલ્ટ્સ જોઈતા હોય તો એ બહારથી મંગાવવા જ સસ્તા પડે, તેના માટે ફેક્ટરી ના નંખાય. દુનિયાભરમાં કોઈ પણ પ્રોડક્ટ બનાવતી કંપની એ રીતે જ કામ કરતી હોય છે. ટ્રમ્પને પણ આ વાતની ખબર છે એટલે તેમણે પણ ઓટો પાર્ટ્સ પર તાત્કાલિક ટેરિફ નથી લાદ્યો પણ તેનાથી મોટો ફરક નહીં પડે. આ તો આજનું મોત કાલ પર ઠેલવાની વાત છે એટલે ગભરાટ તો ફેલાયો જ છે.

અમેરિકાના વરસોના સાથી એવા યુરોપિયન યુનિયનના દેશો અને કેનેડા પણ આ નિર્ણયથી ધૂંઆપૂંઆ છે. કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્નીએ તો ટેરિફ લાદવાના ટ્રમ્પના નિર્ણયની ટીકા કરીને કહ્યું છે કે આ અમારા પર સીધો હુમલો છે પણ અમે અમારા કામદારો અને કંપનીઓની સુરક્ષા કરીશું જ. યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેને પણ અમેરિકાના નિર્ણયને ખરાબ ગણાવીને કહ્યું કે ટેરિફ કોઈ પણ સેક્ટર માટે પણ ખરાબ છે અને ગ્રાહકો માટે પણ ખરાબ છે. ભારતે કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપી નથી પણ ભારતની લાગણી અલગ નહીં જ હોય કેમ કે ભારતના ઓટો સેક્ટરને પણ મોટી અસર થશે જ.

ટ્રમ્પના નિર્ણયોને જોતા લાગે છે કે, સેલ્ફ ડિસ્ટ્રક્ટિવ મોડમાં આવી ગયા છે અને અમેરિકાને સરભર ના થાય એવું નુકસાન કરીને જ જંપશે. ટ્રમ્પ એકદમ અહંકારી રીતે વર્તી રહ્યા છે અને દુનિયાના બધા દેશોને પોતાની ગરજ હોવાથી પોતાના પગમાં આળોટી જશે એવું માને છે. ટ્રમ્પનો આ બહુ મોટો ભ્રમ છે અને આ ભ્રમ દૂર થાય એ જરૂરી છે. એ માટે ટ્રમ્પની દાદાગીરીનો ભોગ બનેલા દેશોએ એક થવું પડે. અમેરિકાની વસતી ૩૫ કરોડ છે અને અમેરિકા સમૃદ્ધ દેશ છે તેથી બહુ મોટું બજાર છે એ સાચું પણ ટ્રમ્પ દાદાગીરી કર્યા કરે તો તેમને બાજુએ મૂકીને બધા દેશોએ એકબીજા માટે પોતપોતાનાં બજારો ખોલવાં પડે. તેના કારણે આર્થિક રીતે ફટકો પડશે એટલે અમેરિકાની સાન આપોઆપ ઠેકાણે આવશે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ-સૌર વસંતઋતુ, શુક્રવાર, તા. ૨૮-૩-૨૦૨૫, પંચક, ભદ્રા

- ભારતીય દિનાંક ૭, માહે ચૈત્ર, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, ફાગણ વદ -૧૪
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ફાગણ, તિથિ વદ-૧૪
- પારસી શહેનશાહી રોજ ૧૬મો મેહેર, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૬મો મેહેર, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૮મો દએપઆદર, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૭મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૯મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૬
- નક્ષત્ર પૂર્વાભાદ્રપદા રાત્રે ક. ૨૨-૦૮ સુધી, પછી ઉત્તરા ભાદ્રપદા.
- ચંદ્ર કુંભમાં સાંજે ક. ૧૬-૨૭ સુધી, પછી મીનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ), મીન (દ, ચ, ઝ, થ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૭ , અમદાવાદ ક. ૦૬ મિ. ૩૮, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૦, અમદાવાદ ક. ૧ ૮ મિ. ૫૨, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતીઓટ :-
- ભરતીઃ સવારે ક. ૧૧-૧૬, રાત્રે ક. ૨૩-૩૧
- ઓટઃ સાંજે ક. ૧૭-૧૭, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૪૨ (તા. ૨૯)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ફાગણ કૃષ્ણ - ચતુર્દશી. પંચક, ભદ્રા સમાપ્તિ ક. ૦૯-૩૨.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ અજૈકપાદ દેવતાનું પૂજન, ગુરુ ગ્રહદેવતાનું પૂજન વિશેષરૂપે, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન કથા વાંચન, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર વાંચન, શ્રીસુક્ત, પુરુસુક્ત, શ્રી ગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, ખેતીવાડી, પશુ લે-વેંચ.

આચમનઃ ચંદ્ર-મંગળ ત્રિકોણ મહેનતુ, ચંદ્ર-શનિ યુતિ શંકાશીલ, ચંદ્ર-રાહુ યુતિ અચોક્કસ મન, ચંદ્ર-શુક્ર યુતિ લોકપ્રિય, ચંદ્ર-નેપ્ચૂન યુતિ સ્વપ્નદૃષ્ટા, ચંદ્ર-બુધ યુતિ દૃઢ સ્વભાવના.

- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ ત્રિકોણ, ચંદ્ર-શનિ યુતિ, ચંદ્ર-રાહુ યુતિ, ચંદ્ર-શુક્ર યુતિ (તા. ૨૯), ચંદ્ર-નેપ્ચૂન યુતિ (તા. ૨૯), ચંદ્ર-બુધ યુતિ (તા. ૨૯), ચંદ્ર ક્રાંતિવૃત્ત પર આવી ઉત્તરે થશે.
- ગોચરગ્રહોઃ સૂર્ય-મીન, માર્ગી મંગળ-મિથુન, વક્રી બુધ-મીન, માર્ગી ગુરુ-વૃષભ, વક્રી શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# જમ્મુ-કાશ્મીરમાં બે આતંકીને ઠાર મરાયાઃ પાંચ સુરક્ષાકર્મીઓ ઈજાગ્રસ્ત

જમ્મુઃ જમ્મુ કાશ્મીરના કઠુઆ જિલ્લાના જંગલ વિસ્તારમાં ભીષણ ગોળીબારમાં બે આતંકવાદીઓને ઠાર મારવામાં આવ્યા હતા. આ અથડામણમાં પાંચ સુરક્ષા કર્મચારીઓ ઘાયલ થયા હતા.

અધિકારીઓએ ગુરુવારે જણાવ્યું હતું કે સુરક્ષા દળોએ લગભગ પાંચ આતંકવાદીઓનું જૂથે ઘૂસણખોરી કરી હોવાની જાણકારી મળતા કાર્યવાહી શરૂ કરી હતી. તે તાત્કાલિક સ્પષ્ટ થઈ શક્યું નથી કે આ તે આતંકવાદીઓ છે જે કઠુઆ ક્ષેત્રના સાન્યાલ જંગલમાં અગાઉના ઘેરાબંધીમાંથી ભાગી ગયા હતા કે પછી આતંકવાદીઓનું નવું જૂથ હતું.

અધિકારીઓએ જણાવ્યું હતું કે એન્કાઉન્ટરમાં ભારે ગોળીબાર અને વિસ્ફોટ થયા હતા. રાજબાગના ઘાટી જુથાના વિસ્તારમાં જાખોલે ગામ નજીક આ ફાયરિંગમાં લગભગ પાંચ આતંકવાદીઓનું એક ગ્રૂપ સામેલ હતું. ફાયરિંગની શરૂઆતમાં સ્પેશિયલ પોલીસ અધિકારી ભરત ચલોત્રા ઘાયલ થયા હતા, જેમના ચહેરા પર ઇજા પહોંચી હતી. જમ્મુની સરકારી મેડિકલ કોલેજ હોસ્પિટલમાં ખસેડવામાં આવતા પહેલા તેમને કઠુઆ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી, જ્યાં તેમની હાલત સ્થિર છે.

# પુતિન ભારત આવશે

મોસ્કો : રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિને ભારત આવવાનું વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું આમંત્રણ સ્વીકાર્યું છે અને આ માટે તૈયારીઓ થઈ રહી છે એવી માહિતી રશિયાના વિદેશ પ્રધાન સર્જે લાવરોવે ગુરુવારે આપી હતી. રશિયન ઈન્ટરનેશનલ અફેર્સ કાઉન્સિલે યોજેલી 'ભારત અને રશિયા : નવા દ્વિપક્ષીય એજન્ડા ભણી' વિશેની પરિષદને વીડિયોના માધ્યમથી સંબોધતાં લાવરોવે કહ્યું હતું કે પુતિનના ભારતની મુલાકાતની વ્યવસ્થા કરાઈ રહી છે. પ્રમુખ પુતિને ભારતની મુલાકાત લેવાનું એ દેશના વડાનું આમંત્રણ સ્વીકાર્યું છે. ભારત પ્રજાસત્તાકની રશિયાના વડા મુલાકાત લે એની તૈયારીઓ થઈ રહી છે.

તાસના અહેવાલ મુજબ લાવરોવે કહ્યું હતું કે વડા પ્રધાન મોદી ગયા વર્ષે ફરી સત્તા પર આવ્યા બાદ પહેલી મુલાકાત રશિયાની લીધી હતી. હવે રશિયાનો વારો છે. જોકે મુલાકાતની તારીખ નક્કી થઈ નથી. મોદીએ જુલાઈ ૨૦૨૪માં રશિયાની મુલાકાત લીધી હતી. મોદીએ મુલાકાત દરમિયાન પુતિનને ભારત આવવાનું આમંત્રણ આપ્યું હતું. (એજન્સી)

# ઝારખંડમાં નવ કલાકનો બંધ પળાયો

ઝારખંડમાં પોતાની પાર્ટીના નેતાની હત્યાના વિરોધમાં રસ્તા પર ઊતર્યા ભાજપના કાર્યકરો, નવ કલાક સુધી પાળ્યો બંધ

રાંચીઃ ઝારખંડની રાજધાની રાંચીમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના નેતાની હત્યાના વિરોધમાં ગુરુવારે ભાજપ અને ઓલ ઝારખંડ સ્ટુડન્ટ્સ યુનિયન (એજેએસયુ) પાર્ટી અને અન્ય સંગઠનોના સમર્થકો રસ્તા પર ઊતરી આવ્યા હતા અને તેમણે નવ કલાક સુધી બંધની જાહેરાત કરી હતી.

ભાજપના રાંચી ગ્રામીણ જિલ્લા મહાસચિવ અનિલ મહતો ટાઇગરની બુધવારે ધોળા દિવસે રાંચીમાં ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. તેઓ પૂર્વ જિલ્લા પરિષદના સભ્ય પણ હતા. પાર્ટીના ઝંડા સાથે કાર્યકર્તાઓએ રાંચીના હરમૂ, ધુર્વા અને પિસ્કા મોડ સહિત વિવિધ વિસ્તારોમાં પ્રદર્શન કર્યું હતું. પાર્ટીના પ્રવક્તા પ્રદીપ સિંહાએ કહ્યું હતું કે, ''અમે રાજ્યમાં કથળતી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અને અનિલ મહતો ટાઇગરની હત્યાના વિરોધમાં સાંજે ૫ વાગ્યા સુધી નવ કલાકના બંધનું આહ્વાન કર્યું છે.''

ઝારખંડ ક્રાંતિકારી લોકતાંત્રિક મોરચા, કેન્દ્રીય સરના સમિતિ અને કેટલાંક અન્ય સંગઠનોએ પણ બંધને સમર્થન આપ્યું છે. બંધને ધ્યાનમાં રાખીને ગુરુવારે શહેરની મોટાભાગની શાળાઓ બંધ રહી હતી. સવારના સમયે માર્ગો પર વાહનોની સંખ્યા પણ અન્ય દિવસોની સરખામણીએ ઓછી જોવા મળી હતી. રાંચી પ્રશાસને કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે વિસ્તૃત સુરક્ષા વ્યવસ્થા કરી છે તથા પ્રદર્શનકારીઓને શાંતિપૂર્ણ રીતે બંધ પાળવાની અપીલ કરી હતી.

# હુર્રિયતના વધુ બે ગ્રૂપે ભાગલાવાદને જાકારો આપ્યો

નવી દિલ્હી : જમ્મુ અને કાશ્મીરસ્થિત હુર્રિયત કોન્ફરન્સના વધુ બે ઘટકોએ અલગતાવાદને તરછોડીને વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા રચાતા નવા ભારતમાં વિશ્વાસ વ્યક્ત કર્યો છે એવી માહિતી કેન્દ્રના ગૃહપ્રધાન અમિત શાહે આપી હતી. આના બે દિવસ અગાઉ અલગતાવાદી મહાગઠબંધનને બીજા બે ઘટકોએ તિલાંજલિ આપી હતી. મંગળવારે જમ્મુ એન્ડ કાશ્મીર પીપલ્સ મુવમેન્ટ (જેકેપીએમ) અને જમ્મુ એન્ડ કાશ્મીર ડેમોક્રેટિક પોલિટિકલ મુવમેન્ટે અલગતાવાદ સાથેના બધા નાતા તોડવાની જાહેરાત કરી હતી.

શાહે કહ્યું હતું કે મોદી સરકાર હેઠળ અલગતાવાદ તેના છેલ્લા શ્વાસ લઈ રહ્યો છે. અને એકતાના વિજયના પડઘા આખા કાશ્મીરમાં સંભળાઈ રહ્યા છે.

શાહે એક્સ પર લખ્યું હતું કે કાશ્મીર ખીણમાંથી વધુ એક સારા સમાચાર. હુર્રિયત સાથે સંકળાયેલા બે વધુ જૂથોએ છેડો ફાડ્યો. જે એન્ડ કે તહરેકી ઈસ્તાકલાલ અને જેએન્ડ કે તહરીક-એ-ઈસ્તીકમાતે અલગતાવાદ છોડી દીધો છે અને મોદીજીના નવા ભારતમાં વિશ્વાસ વ્યક્ત કર્યો છે. (એજન્સી)

# એમેઝોન, ફ્લિપકાર્ટના વેરહાઉસ પર દરોડા

નવી દિલ્હીઃ બ્યૂરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (બીઆઈએસ) એ અહીં એમેઝોન અને ફ્લિપકાર્ટના વેરહાઉસ પર વ્યાપક દરોડા પાડ્યા છે અને યોગ્ય ગુણવત્તાના પ્રમાણપત્રો ન ધરાવતા હજારો ઉત્પાદનો જપ્ત કર્યા છે, એમ સરકારે ગુરુવારે જણાવ્યું હતું.

મોહન કો-ઓપરેટિવ ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં એમેઝોન સેલર્સ પ્રાઈવેટ લિમિટેડના વેરહાઉસમાં ૧૯ માર્ચે ૧૫ કલાકની કામગીરીમાં, બીઆઈએસનાં અધિકારીઓએ આશરે ₹૭૦ લાખની કિંમતનાં ગીઝર અને ફૂડ મિક્સર સહિત ૩૫૦૦ થી વધુ ઇલેક્ટ્રિકલ પ્રોડક્ટ્સ જપ્ત કર્યાં હતાં.

ફ્લિપકાર્ટની પેટાકંપની, ઇન્સ્ટાકાર્ટ સર્વિસિસ પર એક અલગ દરોડાને પરિણામે જરૂરી ઉત્પાદન ગુણ વગરના સ્પોર્ટ્સ ફૂટવેરની ૫૯૦ જોડી જપ્ત કરવામાં આવી હતી, જેની કિંમત આશરે ₹૬ લાખ છે, એમ એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે. આ કામગીરી ગુણવત્તાના ધોરણોને લાગુ કરવા માટે બીઆઈએસ દ્વારા વ્યાપક રાષ્ટ્રવ્યાપી અભિયાનનો એક ભાગ છે. પાછલા મહિનામાં, દિલ્હી, ગુરુગ્રામ, ફરીદાબાદ, લખનૌ અને શ્રીપેરમ્બદુર સહિત અનેક સ્થળોએ સમાન દરોડા પાડવામાં આવ્યા હતા.

# એચડીએફસી અને પંજાબ એન્ડ સિંધ બૅન્કને દંડ

મુંબઇઃ આરબીઆઇએ નિયમનકારી પાલનમાં ખામીઓ બદલ એચડીએફસી બૅન્ક અને પંજાબ એન્ડ સિંધ બૅન્કને દંડ ફટકાર્યો છે. આ જાણકારી રિઝર્વ બૅન્કે બુધવારે આપી હતી.

કેન્દ્રીય બૅન્કે એક નિવેદનમાં જણાવ્યું કે આરબીઆરઇ દ્વારા 'તમારા ગ્રાહકને જાણો' (કેવાયસી) પર જારી કરાયેલા કેટલાક નિર્દેશોનું પાલન ન કરવા બદલ એચડીએફસી બૅન્કને ૭૫ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. એક અન્ય નિવેદનમાં આરબીઆઇએ જણાવ્યું કે પંજાબ એન્ડ સિંધ બૅન્કને 'બૅન્કોમાં મોટા શેર કરેલા જોખમોના કેન્દ્રીય ભંડારની રચના' અને 'નાણાકીય સમાવેશ-બૅન્કિંગ સેવાઓ સુધી પહોંચ-બેસિક સેવિંગ્સ બૅન્ક ડિપોઝિટ એકાઉન્ટ(બીએસબીડીએ)' પરના કેટલાક નિર્દેશોનું પાલન ન કરવા બદલ રૂા. ૬૮.૨૦ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે.

રિઝર્વ બૅન્કે ડિવિડન્ડની ઘોષણા સંબંધિત આવશ્યકતાઓનું પાલન ન કરવા બદલ કેએલએમ એક્સિવા ફિનવેસ્ટને પણ ૧૦ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. કેન્દ્રીય બૅન્કે જણાવ્યું કે તમામ કેસોમાં દંડ નિયમનકારી પાલનમાં ખામીઓ પર આધારિત છે તથા તેનો હેતુ સંસ્થાઓ દ્વારા તેમના ગ્રાહકો સાથે કરવામાં આવેલા કોઇપણ વ્યવહાર અથવા કરારની માન્યતા નક્કી કરવાનો નથી.

## પહેલા પાનાનું ચાલુ

### અમદાવાદ ઑલિમ્પિક્સ

સરળતા પડે. ૨૦૧૦માં કૉમનવેલ્થ ગેમ્સ દિલ્હીમાં યોજાઈ હતી જેમાં ભ્રષ્ટાચાર તથા ગેરવ્યવસ્થાના આક્ષેપો થયા હતા. જોકે દિલ્હીમાં કૉમનવેલ્થ હેઠળના ૭૦થી પણ વધુ દેશ વચ્ચેની એ સ્પર્ધાનું આયોજન એકંદરે સફળ રહ્યું હતું.

દરમ્યાન, ૨૦૩૬ની સંભવિત ઑલિમ્પિક્સ માટે તાજેતરમાં ગાંધીનગરમાં 'અમદાવાદ ૨૦૩૬'ને લગતું પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું.

ઇતિહાસ પર નજર કરીએ તો સૌપ્રથમ ઑલિમ્પિક ગેમ્સ ૧૮૯૬માં યુરોપમાં ગ્રીસ દેશના ઍથેન્સ શહેરમાં યોજાઈ હતી. ભારતને ઑલિમ્પિક્સ યોજવાનો અવસર ક્યારેય નથી મળ્યો, પરંતુ આ વખતે કેન્દ્ર સરકાર મક્કમ છે અને ૨૦૩૬ની ઑલિમ્પિક્સ ભારતમાં લઈ આવવા કોઈ કસર બાકી નથી રાખવા માગતી. દર ચાર વર્ષે સમર ઑલિમ્પિક્સ યોજવામાં આવે છે ત્યાર બાદ મહિના પછી એ જ શહેરમાં દિવ્યાંગ ઍથ્લીટો માટેની પૅરાલિમ્પિક્સનું પણ આયોજન કરવામાં આવે છે. ગયા વર્ષે પૅરિસ ઑલિમ્પિક્સનું શાનદાર આયોજન થયું હતું.

એક અહેવાલ મુજબ ગુજરાતમાં ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વની રાજ્ય સરકારે ૨૦૩૬ની ઑલિમ્પિક્સના ઍથ્લીટો-ખેલાડીઓ માટે 'ઑલિમ્પિક વિલેજ' તેમ જ અન્ય સગવડો ઊભી કરવાના હેતુથી અમદાવાદમાં ૬૫૦ એકર જમીન મેળવવા માટેની વિધિ શરૂ કરી દીધી છે.

એક જાણીતા અંગ્રેજી દૈનિકના અહેવાલ અનુસાર રાજ્ય સરકાર ત્રણ આશ્રમની જમીન પોતાને હસ્તક લેશે અને એ ત્રણમાંથી એક આશ્રમ આસારામનો છે. સરકાર જે ત્રણ આશ્રમની જમીન ઑલિમ્પિક્સ માટે હસ્તગત કરશે એમાં આસારામ આશ્રમ, ભારતીય સેવા સમાજ અને સદાશિવ પ્રજ્ઞા મંડળનો સમાવેશ છે. આસારામ આશ્રમનો પ્લૉટ અમદાવાદમાં મોટેરાના નરેન્દ્ર મોદી સ્ટેડિયમની નજીકમાં છે.

### આસારામના આશ્રમની

સ્પોર્ટ્સ એન્ક્લેવ બનાવવામાં આવશે, જેમાં ઓલિમ્પિક વિલેજ અને અન્ય સ્પોર્ટ્સ ફેસિલિટી હશે. હાલના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ નજીક આશરે ૬૫૦ એકર જમીન પર આ સ્પોર્ટ્સ એન્ક્લેવનું નિર્માણ થશે. આ માટે આ વિસ્તારમાં આવેલા ત્રણ આશ્રમોને હટાવવામાં આવશે, જેમાં આસારામનો આશ્રમ પણ સામેલ છે.

અહેવાલ મુજબ સરકાર આસારામના આશ્રમની જમીનનું સંપાદન કર્યા બાદ, તેના પર બુલડોઝર ચલાવી શકે છે. આસારામ આશ્રમની જમીન પર સ્પોર્ટ્સ એન્ક્લેવની ફેસિલિટી બનવવામાં આવશે. આ સાથે, ભારતીય સેવા સમાજ અને સદાશિવ પ્રજ્ઞા મંડળ નામના બે અન્ય આશ્રમોની જમીનો પણ આ માસ્ટર પ્લાનનો ભાગ છે.

આસારામના કેટલાક અનુયાયીઓ આ નિર્ણયથી નરાજ થયા છે. કેટલાક અનુયાયીઓ સોશિયલ મીડિયા પર રોષ ઠાલવી રહ્યા છે. એક યુઝરે ડ પર લખ્યું છે કે આસારામ જેલમાં છે, પણ તમે તેમના આશ્રમને સ્પર્શ કરવાની હિંમત કેવી રીતે કરી? આ અનુયાયીઓની લાગણીઓ સાથે છેડછાડ છે. બીજી તરફ કેટલાક લોકોએ સરકારના આ પગલાને સમર્થન આપ્યું છે. લોકોએ લખ્યું કે આસારામ એક ગુનેગાર છે અને તેના આશ્રમનો ઉપયોગ હવે ઓલિમ્પિક જેવા મોટા હેતુ માટે કરવામાં આવશે, આ યોગ્ય પગલું છે.

### ગૌતમ અદાણીની

છે. રસપ્રદ વાત તો એ છે કે દેશના ગણતરીના માલેતુજારો પાસે જ સંપત્તિનો મોટો હિસ્સો હોવાની ચિંતા વચ્ચે અબજપતિઓની સરેરાશ સંપત્તિની યાદીમાં ભારતે ચીનને પાછળ પાડી દીધું છે.

ભારતના અબજપતિની સરેરાશ સંપત્તિ રૂ. ૩૪,૫૧૪ કરોડ આંકવામાં આવી છે જે ચીનના અબજપતિઓની સરેરાશ રૂ. ૨૯,૦૨૭ કરોડની સંપત્તિ કરતાં વધુ છે.

૧૫ જાન્યુઆરીને કટઑફ લેખાવતી આ યાદીમાં જણાવ્યાનુસાર છેલ્લા એક વર્ષમાં ૧૭૫ ભારતીય અબજપતિની સંપત્તિમાં વધારો નોંધાયો છે તો બાકીના ૧૦૯ અબજપતિની સંપત્તિમાં ઘટાડો થયો છે કે પછી જેટલી હતી તેટલી જ રહી છે. રૂ. ૩.૫ લાખ કરોડની કુલ સંપત્તિ સાથે રોશની નાદાર સૌથી ધનવાન ભારતીય અને વિશ્વની પાંચમા ક્રમાંકની સૌથી ધનવાન મહિલા પણ બની છે. (એજન્સી)

### વ્યાજદરમાં

પૉલિસી કમિટી (એમપીસી)ની નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટેની દ્વિમાસિક બેઠકનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે.

સત્તાવાર નિવેદનમાં જણાવ્યા પ્રમાણે નાણાકીય વર્ષ માટેના વ્યાજદર નક્કી કરતી સમિતિની પહેલી બેઠક ૭-૯ એપ્રિલમાં ભરાશે. એના પછીની બેઠક ચાર જૂને યોજાશે.

છ સભ્યની સમિતિ બેઠકના ત્રીજા દિવસે ઠરાવ પર મતદાન થાય છે અને ગવર્નર મતદાન પછી દિવસના પૂર્વાર્ધમાં જાહેર કરશે.

સમીક્ષા બેઠક છ જૂને પતશે. તેની પછીની ત્રણ દિવસની બેઠક ઓગસ્ટ, સપ્ટેમ્બર, ડિસેમ્બર અને ફેબ્રુઆરીમાં ભરાશે.

છ સભ્યની સમિતિના વડા ગવર્નર હોય છે અને એમાં ત્રણ બહારના સભ્યો હોય છે.

એમપીસી ઘરેલુ અને આંતરરાષ્ટ્રીય સ્થિતિની સમીક્ષા કરીને બે મહિનાની નાણાકીય નીતિ જાહેર કરે છે. (એજન્સી)

### કર્ણાટકમાં દૂધની

કહ્યું કે દૂધ સંઘો અને ખેડૂતોના દબાણને કારણે ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. પત્રકારોને સંબોધતા તેમણે જણાવ્યું હતું કે ભાવવધારાનો નિર્ણય દૂધ સંઘ દ્વારા લેવામાં આવ્યો છે. તેઓ પ્રતિ લિટર ૫ રૂપિયાના વધારાની માંગણી કરી રહ્યા હતા. સરકારે આ સાથે સહમતિ વ્યક્ત કરી અને ૧ એપ્રિલથી દૂધના ભાવમાં ૪ રૂપિયાનો વધારો કરવાનો નિર્ણય કર્યો હતો. ખેડૂતોને સમગ્ર ૪ રૂપિયાનો વધારો મળવો જોઈએ. દૂધના ભાવમાં આ વધારો બસ અને મેટ્રોના ભાડા તેમજ વીજળીના દરમાં વધારાને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યો છે.

પીટીઆઈના જણાવ્યા અનુસાર, અગાઉ કર્ણાટક મિલ્ક ફેડરેશન (કેએમએફ)ના પ્રમુખ ભીમા નાઈકે પણ દૂધના ભાવમાં વધારો થવાના સંકેત આપ્યા હતા. કર્ણાટક મિલ્ક ફેડરેશન તેની ડેરી પ્રોડક્ટ્સ 'નંદિની' બ્રાન્ડ હેઠળ વેચે છે. ૨૦૨૪માં કેએમએફએ દૂધના ભાવમાં પેકેટ દીઠ ૨ રૂપિયાનો વધારો કર્યો હતો અને પ્રતિ પેકેટના જથ્થામાં ૫૦ મિલી.નો વધારો કર્યો હતો.

કેએમએફના જણાવ્યા અનુસાર, ૨૦૨૪માં ભાવ વધારો એ વધારો નહોતો કારણ કે સપ્લાય કરવામાં આવતા દૂધની માત્રામાં પણ વધારો થયો હતો. વર્તમાનમાં ૧,૦૫૦ મિલીલિટરના રેગ્યુલર નંદિની ટોન્ડ મિલ્ક (બ્લુ પેકેટ)ની કિંમત ૪૪ રૂપિયા છે.

### રસ્તાઓ અને છત પર

બિન-પરંપરાગત રીતે નમાજ અદા કરી શકે છે કે નહીં, જેના પર સ્પષ્ટતા કરવામાં આવી હતી કે તેઓએ છત પર ભેગા ન થવું જોઈએ કારણ કે તેનાથી અકસ્માત થઈ શકે છે.

ચંદ્રએ કહ્યું હતું કે આ જ રીતે રસ્તા પર નમાજ અદા કરવાથી અકસ્માત થવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને તેમને ત્યાં (રસ્તા પર) પણ નમાજ પઢવાની મનાઈ ફરમાવી દેવામાં આવી છે. એએસપીએ જણાવ્યું હતું કે, જે મસ્જિદો અને ઈદગાહોમાં નમાજ પરંપરાગત રીતે અદા કરવામાં આવે છે ત્યાં સુરક્ષિત રીતે નમાજ અદા થાય તેની ખાતરી કરવામાં આવી રહી છે.

### ભારત ધર્મશાળા નથી

નથી કર્યું અને આ અઠવાડિયે ચર્ચા દરમિયાન તેમણે કરેલું નિવેદન સંપૂણપણે સત્ય હતું. તેમણે કહ્યું હતું કે પ્રસારમાધ્યમનું ધ્યાન આકર્ષવા અને કોઈની છબી ખરડવા વિશેષાધિકાર ભંગની નોટિસ ઉતાવળે આપવામાં આવી હતી. આ મામલે સાંસદોના વર્તનને મુદ્દે નવેસરથી માર્ગદર્શિકા બહાર પાડવાનું તેમણે ગૃહની ઈથિક્સ કમિટીને જણાવ્યું હતું.

મંગળવારે રાજ્યસભામાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ બિલ ૨૦૨૪ અંગેની ચર્ચા દરમિયાન અમિત શાહે કૉંગ્રેસ પાર્લામેન્ટરી પાર્ટી (સીપીપી)નાં વડાં સોનિયા ગાંધીની નિંદા કરતું નિવેદન કર્યું હતું.

ધનખડે કહ્યું હતું કે જ્યારે અમુક સભ્યોએ આનો વિરોધ કર્યો ત્યારે શાહે પોતાના નિવેદનને પ્રમાણિત કરવા સહમતી દર્શાવી હતી અને વર્ષ ૧૯૪૮ની સરકારની પ્રેસ રિલીઝને ટાંકી હતી જેમાં તત્કાલીન વડા પ્રધાન જવાહરલાલ નહેરુએ પ્રાઈમ મિનિસ્ટર્સ નેશનલ રિલીફ ફંડ (પીએમએનઆરએફ)ની સ્થાપના કરવાની જાહેરાત કરી હતી.

શાહના નિવેદનના સમર્થનમાં રજૂ કરવામાં આવેલી પ્રેસ રિલીઝને ટાંકતાં ધનખડે કહ્યું હતું કે વડા પ્રધાન, ઈન્ડિયન નેશનલ કૉંગ્રેસ (આઈએનસી)ના પ્રમુખ, નાયબ વડા પ્રધાન અને અન્ય સભ્યોની બનેલી કમિટી આ ફંડનું સંચાલન કરશે એવી પણ જાહેરાત કરવામાં આવી હતી.

મેં ધ્યાનપૂર્વક આનો અભ્યાસ કર્યો હતો અને જણાઈ આવ્યું હતું કે અમિત શાહે જે કંઈ પણ કહ્યું તે નિંદા નહોતી, પરંતુ સંપૂર્ણ સત્ય હતું અને એટલે જ તેમના વિરુદ્ધની નોટિસ સ્વીકારવાનો કોઈ પ્રશ્ન જ નથી, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

# ગુજરાત સ્ટેમ્પ અધિનિયમમાં સુધારા કરાયા: ૨૦૦ રૂપિયાના સ્ટેમ્પ ઉપર પારિવારિક મિલકતોના હક્ક કમી થઇ શકશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યના નાગરિકોની મિલકતોના હક્કોનું રક્ષણ, સ્ટેમ્પ ડ્યૂટીની ચોરી અટકાવવા તથા સરકાર દ્વારા વસૂલવા પાત્ર થતી સ્ટેમ્પ ડ્યૂટીની યોગ્ય વસૂલાત માટેના ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ-૧૯૫૮માં સમયોચિત સુધારાઓ કરવા માટેનો ગુજરાત સ્ટેમ્પ વિધેયક-૨૦૨૫ વિધાનસભા ગૃહમાં કેબિનેટ પ્રધાન બલવંતસિંહ રાજપૂતે રજૂ કર્યો હતો. આ બિલમાં ગુજરાત સ્ટેમ્પ અધિનિયમની ૨૦ કલમો અને અનુસૂચિ એકના આઠ આર્ટિકલના મહત્ત્વના સુધારાઓ કરવામાં આવ્યા છે.

કેબિનેટ પ્રધાન બલવંતસિંહ રાજપૂતે કહ્યું હતું કે, આર્ટિકલ ૪૯ (ક)માં થનારા સુધારા બાદ હવે વારસાગત/વડીલોપાર્જિત મિલકતમાં અવસાન પામેલ પુત્રીના વારસદારો દ્વારા કરવામાં આવતા હક્ક કમીના લેખ ઉપર હાલમાં લેવાતી ૪.૯૦ ટકા ડ્યૂટીના બદલે ફક્ત ૨૦૦ રૂપિયાના સ્ટેમ્પ ઉપર હક્ક કમી થઇ શકશે. જેનાથી પારિવારિક મિલકતોમાં હક્ક કમીના લેખો પર સ્ટેમ્પ ડ્યૂટી ભરવામાંથી મુક્તિ મળશે અને સમગ્ર પ્રક્રિયા ઝડપી અને સરળ બનશે.

આર્ટિકલ ૬(૧)માં સુધારો થતાં લોનના સંબંધે ગીરો લેખ માટેની ડ્યૂટીમાં ૮૦ ટકા ઘટાડો કરવામાં આવ્યો છે. પરિણામે, હવે રૂ. એક કરોડ સુધીની લોન મેળવવા માટે ૦.૨૫ ટકા લેખે ભરવાના થતાં રૂ. ૨૫૦૦૦ની ડ્યૂટી ઘટીને વધુમાં વધુ રૂ. ૫૦૦૦ કરવાની જોગવાઈ આ બિલ દ્વારા કરવામાં આવી છે. ગીરોમુક્તિ લેખ તથા ભાડાપટ્ટા લેખ કરવા માટે સબ રજિસ્ટ્રાર કચેરી સુધી જવાના બદલે ઘરેબેઠાં ઇ-રજિસ્ટ્રેશનની સુવિધા ટૂંક સમયમાં ઉપલબ્ધ કરવામાં આવશે.

કલમ-૧૭ હેઠળ ટ્રિબ્યૂનલ કે સક્ષમ સત્તાના હુકમ થયા પછી ૩૦ દિવસમાં સ્ટેમ્પ ડ્યૂટી ભરવાની જોગવાઈને વધારીને ૬૦ દિવસ કરવામાં આવી છે. આ જ રીતે, કલમ-૩૨માં પણ લેખ નોંધણી બાદ ૩૦ દિવસમાં સ્ટેમ્પ ડ્યૂટી ભરવાની મર્યાદા વધારીને ૬૦ દિવસની જોગવાઈ કરવામાં આવતાં નાગરિકોને સ્ટેમ્પ ડ્યૂટી ભરવા માટે વધુ સમય મળશે.

જો અધિકારી દ્વારા નોટિસ મળ્યા બાદ અરજદાર ભરે તો રૂ.૨ લાખ ખૂટતી સ્ટેમ્પ ડ્યૂટીના પ્રતિ માસ ત્રણ ટકા લેખે વધુમાં વધુ ખૂટતી સ્ટેમ્પ ડ્યૂટીના ૬ ગણા એટલે કે રૂ.૧૨ લાખ દંડ થઇ શકશે. આમ ખૂટતી સ્ટેમ્પ ડ્યૂટી પર દંડની મર્યાદા નક્કી કરવાથી નિર્ણયોમાં એકસૂત્રતા આવશે અને પ્રજાને હાલાકી ઓછી પડશે.

# ૨૯ માર્ચથી ૧૪ કિમીની ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમા શરૂ, એક મહિના સુધી ચાલશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં દર વર્ષે ચૈત્ર મહિનામાં ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમા યોજાય છે, જેનું વિશેષ માહાત્મ્ય છે. આ વર્ષે ૨૯ માર્ચથી ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમા શરૂ થવા જઇ રહી છે. જે આગામી ૨૭ એપ્રિલ સુધી યોજાશે. આ પરિક્રમામાં ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ સહિત અનેક રાજ્યોના ભક્તો મોટી સંખ્યામાં ઊમટી પડશે.

ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમા માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઊમટી પડશે, તે ધ્યાનમાં રાખીને મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ તથા નર્મદા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા શ્રદ્ધાળુઓની સુવિધાઓ માટે પુરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે. ખાસ કરીને ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા ૧૪ કિલોમીટરની સમગ્ર પરિક્રમા દરમિયાન ઊમટનાર હજારો ભક્તો માટે ૩.૮૨ કરોડના ખર્ચે અનેક સુવિધાઓ ઊભી કરાઈ છે.

સમગ્ર વિશ્વમાં ૧.૫૦ લાખ, ભારતમાં ૪૦૦ અને ગુજરાતમાં અંદાજે ૧૮૫ નદીઓ છે. ભારતના દૃષ્ટિકોણથી જોઇએ તો આપણા દેશમાં લગભગ તમામ નદીઓની પૂજા થાય છે.

સૌથી પવિત્ર ગંગા નદી પર આવેલ ગંગા-યમુના-સરસ્વતીના ત્રિવેણી સંગમ પર તો મહાકુંભ મેળો યોજાય છે, પરંતુ ગુજરાત-ભારત સહિત વિશ્વમાં નર્મદા સિવાય કોઈ પણ નદીની પરિક્રમા નથી યોજાતી.

એકમાત્ર નર્મદા નદી જ એવી છે કે જેની પરિક્રમા કરવામાં આવે છે. પુરાણોમાં ઉલ્લેખ છે કે 'ગંગા સ્નાને, યમુના પાને, નર્મદા દર્શને તથા તાપી સ્મરણે' મુક્તિ મળે છે. એટલે કે ગંગામાં સ્નાન કરવાથી, યમુનાના જળનું પાન કરવાથી મુક્તિ મળે છે, પરંતુ નર્મદા નદીના દર્શનમાત્રથી મુક્તિ મળે છે. એટલા માટે જ લાખો લોકો નર્મદાનાં ઉદ્‌ગમ સ્થળ અમરકંટકથી સમુદ્ર સંગમ સ્થળ ખંભાતના અખાત સુધીની નર્મદા પરિક્રમા કરે છે. આ નર્મદા પરિક્રમા માર્ગ લગભગ ૨૬૨૪ કિલોમીટરનો હોય છે.

# ગુજરાતના ખેડૂતોને નેનો યુરિયાની ખરીદી પર રાજ્ય સરકાર ૫૦ ટકા સબસિડી આપે છે: કૃષિ પ્રધાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યના ખેડૂતોને દાણાવાળા યુરિયાના બદલે નેનો યુરિયાના ઉપયોગ માટે પ્રોત્સાહિત કરવા રાજ્ય સરકાર ખેડૂતોને નેનો યુરિયાની ખરીદી પર ૫૦ ટકા સબસિડી આપે છે તેમ વિધાનસભા ખાતે કૃષિ પ્રધાન રાઘવજી પટેલે જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે કૃષિ વિભાગ દ્વારા અતિ અદ્યતન અને ભારત સરકારના ધારાધોરણ મુજબ એનએબીએલ એક્રેડિટેશન માન્ય પાંચ પૈકી કુલ-૪ ખાતર ચકાસણી પ્રયોગશાળાઓ આવેલી છે. જેમાં રાસાયણિક ખાતરના નમૂનાઓની ચકાસણી માટે ચાર અને જૈવિક ખાતર, ઓર્ગેનિક ખાતર અને ડિ-ઓઇલ કેક ખાતરની ચકાસણી માટે એક મળી કુલ પાંચ અધિકૃત અને અતિ અદ્યતન ખાતર ચકાસણી પ્રયોગશાળાઓ છે. જેમાં ખાતર ચકાસણી પ્રયોગશાળા ગાંધીનગર, જૂનાગઢ, બારડોલી અને નડીઆદ ખાતે કાર્યરત છે. જ્યારે બાયો ફર્ટિલાઇઝર અને ઓર્ગેનિક ફર્ટિલાઇઝર ક્વોલિટી કંટ્રોલ લેબોરેટરી ગાંધીનગર ખાતે કાર્યરત છે. ખાતરના વેચાણ માટેની લાયકાત વિશેના પ્રશ્નનો પ્રત્યુત્તર આપતાં તેમણે જણાવ્યું કે રાજ્યની કૃષિ યુનિવર્સિટી અથવા કૃષિ વિજ્ઞાન કેન્દ્રો અથવા નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ એગ્રિકલ્ચરલ એક્સટેન્શન મેનેજમેન્ટ અથવા ફર્ટિલાઈઝર એસોસિએશન ઑફ ઈન્ડિયા અથવા અન્ય કોઈ પણ માન્ય સરકાર તરફથી પંદર દિવસનો પ્રમાણપત્ર અભ્યાસક્રમ હોવો જોઇએ.

# ગુજરાત સરકારે વર્ષ ૨૦૨૦-૨૧ સુધીમાં વનબંધુ કલ્યાણ યોજના-૧માં ₹ ૧.૦૬ લાખ કરોડનો ખર્ચ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વિધાનસભામાં ધારાસભ્ય દ્વારા પૂછાયેલા પ્રશ્નનો પ્રત્યુત્તર આપતાં આદિજાતિ વિકાસ પ્રધાન ડૉ. કુબેર ડિંડોરે જણાવ્યું કે ગત વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટમાં આદિજાતિ વિકાસ માટે રૂ. ૪,૩૭૩.૯૬ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી. જેમાંથી ફાળવવામાં આવેલી કુલ રૂ. ૩,૪૩૨.૪૨ કરોડની ગ્રાન્ટની સામે ૨૬ માર્ચ-૨૦૨૫ની સ્થિતિએ ૨૯૩૦.૯૧ કરોડ એટલે કે ૮૫.૩૯ ટકા ગ્રાન્ટ વાપરવામાં આવી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે બજેટ હેઠળ કરેલ નાણાકીય જોગવાઈ પૈકી ઓછું ખર્ચ થવામાં અમુક ખર્ચ દર મહિને-દર ત્રિમાસે થતો હોવાના કારણે, યોજનાકીય કાર્યોમાં કામોની પસંદગી, તેની મંજૂરી અને કામોના અમલીકરણની પ્રક્રિયામાં સમય લાગતો હોવાના કારણે તેમ જ વ્યક્તિગત સહાયની યોજનાઓમાં લાભાર્થીઓ પાસેથી અરજી મેળવી, તેની ચકાસણી કરવા તેમ જ સહાયની રકમ ચૂકવવાની પ્રક્રિયામાં સમય લાગતો હોય છે.

તેમણે ઉમેર્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૦-૨૧ સુધીમાં વનબંધુ કલ્યાણ યોજના-૧માં કુલ રૂ. ૧.૦૬ લાખ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ યોજનાની અમલ થકી અકલ્પનીય પરિણામો મળતાં વન બંધુ કલ્યાણ યોજના-૨ શરૂ કરવામાં આવી. આ કાર્યક્રમને આગળ ધપાવતાં રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૧-૨૨થી ૨૦૨૫-૨૬ માટે ૧ લાખ કરોડની વનબંધુ કલ્યાણ યોજના-૨ શરૂ કરી છે. જેના માટે રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૪-૨૫ સુધી રૂ. ૬૯૮૮૦ કરોડની જોગવવાઇ કરવામાં આવી હતી.

વર્ષ ૨૦૨૫-૨૬માં રૂ. ૩૦,૧૨૧ કરોડ જેટલી માતબર રકમની જોગવાઇ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી છે. આમ, જે એક લાખ કરોડની જાહેરાત કરવામાં આવી હતી, તે મુજબ અમારી સરકારે પાલન કરી અને જાહેરાત મુજબ એક લાખ કરોડ જોગવાઇ કરી છે. આ યોજના દ્વારા આદિજાતિ વિસ્તારના ૧૪ જિલ્લાના ૫૩ તાલુકાના ૫૮૮૪ ગામમાં રહેતા એક કરોડ આદિજાતિ સમાજના લોકોને વ્યક્તિગત અને સામુદાયિક લાભો સુનિશ્ચિત કરી, તેઓના આર્થિક અને સામાજિક ઉત્થાન થાય તેવા પ્રયત્નો આ સરકાર દ્વારા કરવામાં આવી રહી છે.

# ચૈતર વસાવાએ ધારાસભ્યોના પગારવધારાની માગ કરતા સરકારે કહ્યું, ટૂંક સમયમાં જાહેરાત કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત વિધાનસભાનું સત્ર અંતિમ ચરણમાં છે. આ સત્ર દરમિયાન આમ આદમી પાર્ટીના દેદિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ ધારાસભ્યોના પગારવધારા અને ભૂતપૂર્વ ધારાસભ્યોના પેન્શન અંગે માગ કરી હતી. તેમની માગ મુદ્દે નાણાપ્રધાન કનુભાઈ દેસાઈએ કહ્યું હતું કે, સરકાર ધારાસભ્યોના પગાર વધારા અંગે ટૂંક સમયમાં જાહેરાત કરશે.

વિધાનસભાના સત્ર દરમિયાન અંદાજપત્ર પર વિભાગવાર માગણીઓની ચર્ચા દરમિયાન વિપક્ષે ધારાસભ્યોનો પગાર વધારો કરવાની માગણી કરી હતી. આ ઉપરાંત, ભૂતપૂર્વ ધારાસભ્યોને પેન્શન આપવાની પણ માગણી કરવામાં આવી હતી. નાણાં પ્રધાન કનુ દેસાઈએ વિધાનસભામાં જણાવ્યું કે, ધારાસભ્યોને મળતી ગ્રાન્ટ ૧.૫ કરોડથી વધારીને પાંચ કરોડ કરવા પર વિચારણા ચાલી રહી છે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ સાથે આ મુદ્દે ચર્ચા થઈ છે અને ટૂંક સમયમાં નિર્ણય લેવામાં આવશે.

નર્મદા જિલ્લાના દેદિયાપાડાના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાએ ધારાસભ્યોના પગારમાં વધારો કરવાની માગ કરી હતી. તેમણે ભૂતપૂર્વ ધારાસભ્યો માટે પેન્શન પણ શરૂ કરવાની માગણી કરી હતી. તેમણે વિધાનસભામાં કહ્યું કે, ઘણા ભૂતપૂર્વ ધારાસભ્યોની આર્થિક સ્થિતિ સારી નથી. તેમને પેન્શન મળવું જોઈએ. ચૈતર વસાવાએ ધારાસભ્યોને મળતા ભથ્થા અને પગાર અંગે પણ ગૃહમાં વાત કરી હતી.

# ટૂંક સમયમાં બાળકો દ્વારા થતા મોબાઈલના અને સોશ્યલ મીડિયાના ઉપયોગ મુદ્દે માર્ગદર્શિકા તૈયાર કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સ્કૂલમાં ભણતા વિદ્યાર્થીઓ ઓનલાઈન ગેમની લતે ચડી જતાં તેમના માનસ પર ખરાબ અસર વર્તાઈ રહી છે. તાજેતરમાં જ અમરેલીમાં ગેમના રવાડે ચઢેલા એક વિદ્યાર્થીએ હાથમાં કાપા મારવા ૧૦ રૂપિયાની ઓફર કરતાં સ્કૂલના ૪૦ વિદ્યાર્થીઓએ બ્લેડથી હાથમાં કાપા માર્યા હતા. આ ઘટના બાદ રાજ્ય શિક્ષણ પ્રધાન પ્રફૂલ પાનશેરિયાએ અમદાવાદ ખાતે યોજાયેલા એક કાર્યક્રમમાં કહ્યું હતું કે, બાળકો દ્વારા થતા મોબાઈલના અને સોશિયલ મીડિયાના ઉપયોગ બાબતે સરકાર બૌદ્ધિકો સાથે ચર્ચા કર્યા બાદ એક એસઓપી તૈયાર કરશે.

અમદાવાદમાં યોજાયેલા એક કાર્યક્રમમાં રાજ્ય શિક્ષણ પ્રધાન પ્રફુલ પાનસેરિયાએ વાલીઓ દ્વારા બાળકોને અભ્યાસ બાબતે કરાતા પ્રેશર મુદ્દે ચોંકાવનારું નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે, બાળકને વધુ ટકાવારી લાવવા માટે પ્રેશર કરીને વાલીઓ તેના દુશ્મન બની રહ્યાં છે. બાળકો શિક્ષણ મેળવીને ડોકટર કે એન્જિનિયર નહીં પણ સહકારી, વિવેકી અને વ્યસનમુક્ત બને એ જરૂરી છે. તેમણે ઓનલાઈન વીડિયો ગેમની બાળકોના માનસ પર પડતી નેગેટિવ અસરને લઈ ચિંતા વ્યક્ત કરતા કહ્યું હતું કે, બાળકો દ્વારા થતા મોબાઈલના અને સોશિયલ મીડિયાના ઉપયોગ બાબતે સરકાર બૌદ્ધિકો સાથે ચર્ચા કરી રહી છે. ત્યારબાદ એક એસઓપી તૈયાર કરાશે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, બાળકો મોબાઇલમાં ઓનલાઈન ગેમની ખરાબ અસરના કારણે બ્લેડથી શરીર પર ઘા મારે છે. વીડિયો ગેમ જોઈને બાળકો હિંસાત્મક પ્રવૃત્તિ કરે છે. બાળકોને રોકવા માટે છેલ્લા ત્રણ-ચાર મહિનાથી સીએમ નિષ્ણાતો સાથે સંવાદ કરી રહ્યા છે. આ અંગે માર્ગદર્શિકા બનાવવામાં આવશે. જે ટૂંક સમયમાં સરકાર દ્વારા જાહેર કરાશે.

અત્યારે યુવાનો ડિપ્રેશન અને ડ્રગ્સનો શિકાર બની રહ્યા છે.જેના કારણે યુવાધનને યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડવું જોઈએ અને યોગ્ય શિક્ષણ આપવું જોઈએ. માતાપિતા બાળકને પ્રેશર કરીને અત્યારથી જ ૯૦ ટકા લાવવાનો ટાર્ગેટ આપે છે. જેના કારણે માતા-પિતા બાળકના દુશ્મનો બને છે. બાળક જાત મહેનત કરે અને આગળ આવે તે વધુ મહત્ત્વનું છે. બાળકને પ્રેમ અને સદભાવનાનું વાતાવરણ મળી રહે તેવું કરવું જોઈએ.

# ગુજરાતમાં એક વર્ષમાં એચએમપીવી વાઈરસના દસ કેસ નોંધાયા: એક પણ વ્યક્તિનું મૃત્યુ નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: થોડા સમય અગાઉ ગુજરાતમાં ચીનના એચએમપીવી વાઇરસના શંકાસ્પદ કેસ મળતા હાહાકાર મચી જવા પામ્યો હતો. રાજ્યનો આરોગ્ય વિભાગ પણ એલર્ટ થઈ ગયો હતો. વિધાનસભાના સત્ર દરમિયાન બુધવારે ધારાસભ્ય દ્વારા પૂછવામાં આવેલા સવાલના જવાબમાં આરોગ્યપ્રધાન ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં છેલ્લા એક વર્ષમાં હ્યુમન મેટાન્યુમો વાઈરસના ૧૦ કેસ નોંધાયા હતાં પણ એક પણ દર્દીનું મૃત્યુ થયું નથી. આ વાઇરસને ફેલાતો અટકાવવા સરકાર દ્વારા સમયાંતરે ગાઈડ લાઈન જાહેર કરવામાં આવી હતી. આ ઉપરાંત તમામ હોસ્પિટલોમાં બેડ, ઓક્સિજન, પી.પી.ઈ. કીટ, માસ્ક, ડ્રગ્સ અને લોજિસ્ટીક પૂરતા પ્રમાણમાં તેમજ વેન્ટિલેટર,પ્લાન્ટ ફન્કશનલ કરાયા છે. સરકાર દ્વારા આ રોગને અટકાવવા માટે કેસોની સઘન સર્વેલન્સની કામગીરી કરાઈ હતી. વીડિયો કોન્ફરન્સના માધ્યમથી તમામ કર્મીઓને રોગ અટકાયતી અને નિયંત્રણની કામગીરી બાબતે માર્ગદર્શન અપાયું હતું. ઋષિકેશ પટેલે કહ્યું હતું કે, આ વાઈરસથી બચવા માટે શું કરવું અને શું ન કરવું તે અંગે પ્રચાર પ્રસાર કરાય છે રાજ્યની તમામ જિલ્લા હોસ્પિટલ અને મેડિકલ કોલેજને આ વાઇરસનાં શંકાસ્પદ લક્ષણો ધરાવતા વ્યક્તિઓનું કેન્દ્ર સરકારની ગાઈડલાઈન મુજબ ટેસ્ટિંગ કરાય છે. સરકાર દ્વારા વખતો-વખત જાહેર કરવામાં આવતી માર્ગદર્શિકા અનુસાર નિયંત્રણના પગલાં અને સારવાર વ્યવસ્થા સુનિશ્ચિત કરાય છે.

# ગુજરાતમાં છેલ્લાં બે વર્ષમાં ૫૬ સરકારી પ્રાથમિક શાળાઓ બંધ કરી દેવાઈ: વિધાનસભામાં સરકારે સ્વીકાર્યું

## વિધાનસભામાં સરકારે માહિતી આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત વિધાનસભાના બજેટ સત્ર દરમિયાન પ્રશ્નોત્તરીકાળમાં રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળાઓ બંધ કરવા બાબતે પાટણના કોંગ્રેસના ધારાસભ્ય કિરીટ પટેલે સવાલ કર્યો હતો. જેનો શિક્ષણ પ્રધાને જવાબ આપતાં કહ્યું હતું કે, ઓછી સંખ્યાને કારણે છેલ્લા બે વર્ષમાં ૫૬ જેટલી સરકારી સ્કૂલો બંધ કરી દેવી પડી છે. પાટણના ધારાસભ્ય કિરીટ પટેલે ૨૫-૦૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કયા જિલ્લામાં કેટલી સરકારી શાળાઓ બંધ કરવામાં આવી અને તેના શું કારણો છે તેવો પ્રશ્ન પૂછ્યો હતો. જેનો જવાબ આપતા શિક્ષણ પ્રધાને વિગતો આપતાં કહ્યું હતું કે, અમરેલીમાં ૬, અરવલ્લીમાં ૭, ભાવનગરમાં ૧, છોટા ઉદેપુરમાં ૩, ડાંગમાં ૧, દેવભૂમિ દ્વારકામાં ૯, ગીર સોમનાથમાં ૧, જામનગરમાં ૨, જૂનાગઢમાં ૪, ખેડામાં ૨, કચ્છમાં ૩, મહેસાણામાં ૧, નવસારીમાં ૨, પંચમહાલમાં ૧, પોરબંદરમાં ૬, રાજકોટમાં ૩, સુરતમાં ૧ અને સુરેન્દ્રનગરમાં ૧ પ્રાથમિક સરકારી શાળા બંધ કરવામાં આવી હતી. વિધાનસભામાં સરકારે આપેલી માહિતી પ્રમાણે સુરતમાં તેલુગુ માધ્યમની શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા શૂન્ય હોવાથી બંધ કરવામાં આવી હતી. જ્યારે ગાંધીનગરમાં પણ શાળામાં વિદ્યાર્થીની સંખ્યામાં ઘટાડો થતાં બંધ કરાઈ હતી.

# મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાનના અમલ માટે સ્ટિયરિંગ કમિટીની રચના: પાંચ કેબિનેટ પ્રધાનોનો સમાવેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન' હાથ ધરવામાં આવ્યું છે. આ માટે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં સ્ટિયરિંગ કમિટીની રચના કરવામાં આવી છે. જેમાં આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલ, શિક્ષણ પ્રધાન ડો. કુબેર ડીંડોર, સામાજિક અને ન્યાય અધિકારિતા પ્રધાન ભાનુબેન બાબરિયા, ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવી અને સહકાર રાજ્ય પ્રધાન જગદીશ વિશ્વકર્માનો સમાવેશ કરાયો છે.

આ ઉપરાંત, ગુજરાતના મુખ્ય સચિવ પંકજ જોષીની અધ્યક્ષતામાં એક્ઝિક્યુટિવ કમિટીની રચના કરવામાં આવી છે. જેમાં ગુજરાત સરકારના વિવિધ ૧૧ જેટલા વિભાગના ઉચ્ચ સનદી અધિકારીનો સમાવેશ કરાયો છે. વર્ષ દરમિયાન આ અધિકારીઓએ પોતાના વિભાગ સાથે સંકલન કરીને મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન સંદર્ભે વિવિધ કાર્યક્રમો કરવાના રહેશે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે વિધાનસભા ગૃહમાં વિશ્વ મેદસ્વિતા દિવસે 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત'ની નેમ વ્યક્ત કરી હતી. જેમાં આવનારા વર્ષમાં રાજ્ય સરકાર ઓબેસિટી સામે લડવાના અભિયાનને વધુ વેગ અપાશે.

# સુરતમાં મનપા કમિશનરનો વિરોધ કરી હોબાળો કરનારા વિપક્ષના નવ નગરસેવકો સામે રાયોટિંગનો ગુનો દાખલ

અમદાવાદ: સુરતમાં લોકપ્રશ્નો બાબતે મહાનગર પાલિકાના કમિશનરને રજૂઆત કરવા સાથે આશ્ચર્યજનક કાર્યક્રમ આપવાની જાહેરાત કરનારા આપના કોર્પોરેટરો અને કાર્યકરોએ મંગળવારે હંગામો મચાવ્યો હતો. આ દરમિયાન સિક્યુરિટી ગાર્ડ સાથે ધક્કામુક્કી અને ગેરવર્તણૂક કરવા બદલ ચીફ સિક્યોરિટી ઓફિસર દ્વારા તમામ સામે લાલગેટ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આપના ૮ કોર્પોરેટરો સહિત ૯ સામે રાયોટિંગનો ગુનો દાખલ કર્યો હતો. આપના કોર્પોરેટરો અને કાર્યકરો નારાબાજી કરી મ્યુનિસિપલ કમિશનર અને કલેક્ટરની કોન્ફરન્સ ચાલતી હતી ત્યાં સુધી પહોંચી ગયા હતા. જ્યાં પોલીસ અને માર્શલો દ્વારા આ તમામ લોકોને અટકાવવામાં આવ્યા હતા, પરંતુ તમારા ભેગા મળી મ્યુનિસિપલ કમિશનર સુરત મહાનગરપાલિકાના છે કે, કમલમના તેવા સવાલો કરવા સાથે ભારે સૂત્રોચ્ચાર કર્યા હતા. આ દરમિયાન મામલો વધુ બીચક્યો હતો અને ઝપાઝપી શરૂ થઈ હતી.

પોલીસે ફરિયાદમાં નોંધ્યું હતું કે, આમ આદમી પાર્ટીના કોર્પોરેટરો અને કાર્યકરોએ મંગળવારે સાંજે મુગલીસરા ખાતે પાલિકાની મુખ્ય કચેરીમાં મીટિંગ ચાલતી હતી ત્યારે મીટિંગ રૂમમાં ઘૂસી જઈ વિરોધ કરી હંગામો મચાવ્યો હતો.

# આંદોલન કરી રહેલા ૨૧૦૦ આરોગ્યકર્મીઓને સરકારે નોકરીમાંથી છૂટા કર્યા, પાંચ હજારને શોકોઝ નોટિસ આપી

અમદાવાદ: ગુજરાતના પંચાયત વિભાગના આરોગ્યકર્મીઓ સતત ૧૧ દિવસથી હડતાળ કરી રહ્યાં છે. સરકારે તેમની સામે કડક કાર્યવાહી કરતા આઠ જિલ્લામાંથી ૨૧૦૦ આરોગ્યકર્મીઓને નોકરીમાંથી છૂટા કર્યા હતાં. જ્યારે પાંચ હજારથી વધુ કર્મચારીઓને શોકોઝ નોટિસ અપાઈ હતી. આ ઉપરાંત એક હજારથી વધુ કર્મચારીઓની ખાતાકીય તપાસના આદેશ જારી કર્યા હતા. આરોગ્યપ્રધાન ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, આરોગ્યકર્મીઓની જે માગો હતી તેમાંથી માત્ર એક જ માગ સ્વીકારવા પાત્ર હતી. જ્યારે ગ્રેડ પે સુધારવાની માગ મુદ્દે સમજ્યા વિચાર્યા વિના આગળ વધી શકાય એમ નથી.કર્મચારીઓ હડતાળ સમેટ્યા બાદ આવે તો ચર્ચા થાય બાકી વાત કરવાનો કોઇ મતલબ નથી.

આ રીતે હડતાળ પર ઊતરી જવું ગેરવાજબી છે. તેમને હું અપીલ કરું છું કે ફરજ પર પરત ફરો સરકાર લોકોનાં આરોગ્ય સાથે ચેડાં સાંખી નહીં લે. આરોગ્ય કર્મચારી સંઘે ચેતવણી આપી હતી કે સરકાર વાટાઘાટો માટે આમંત્રણ નહીં આપે તો રાજ્યભરમાં ઉગ્ર આંદોલન કરાશે. મહાસંઘે તમામ કર્મચારીઓને હડતાળને સમર્થન આપવા ગાંધીનગર આવવા અપીલ કરી હતી. આરોગ્યકર્મીઓની મુખ્ય માગોમાં મલ્ટીપર્પઝ હેલ્થવર્કર, ફિમેલ હેલ્થવર્કર, મલ્ટીપર્પઝ હેલ્થ સુપરવાઇઝર, ફિમેલ હેલ્થ સુપરવાઈઝર, તાલુકા મલ્ટીપર્પઝ હેલ્થવર્કર, તાલુકા સુપરવાઇઝર અને જિલ્લાકક્ષાના આરોગ્ય સુપરવાઈઝર કેડરનો ટેક્નિકલ કેડરમાં સમાવેશ સહિત ગ્રેડ પેમાં સુધારો કરવાની માગ સામેલ છે. આ ઉપરાંત ખાતાકીય પરીક્ષામાંથી મુક્તિની માગ પણ કરવામાં આવી છે.

# ગુજરાતમાં ગાય માટે ગૌ માતા પોષણ સહાય યોજનાનો પ્રારંભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત વિધાનસભાના બજેટ સત્ર દરમિયાન સરકારે અનેક યોજનાઓ અંગે માહિતી રજૂ કરી હતી. જેમાં ગાય માટે ગૌમાતા પોષણ સહાય યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો હોવાનું પણ સરકારે જણાવ્યું હતું. આ યોજના માટે પશુદીઠ દૈનિક ૩૦ રૂપિયાની સહાય માટે ચાલુ વર્ષના બજેટમાં ૫૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. વિધાનસભામાં પશુપાલન પ્રધાન રાઘવજી પટેલે કહ્યું હતું કે, મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યમાં પ્રથમવાર ગાય માટે ગૌ માતા પોષણ સહાય યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ યોજના અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં ૩૧ જાન્યુઆરી ૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૨૨ પાંજરાપોળ અને ૧૮૮ ગૌશાળાઓના કુલ ૮૪,૮૩૬ પશુઓને પ્રતિ પશુ દૈનિક રૂ. ૩૦ લેખે કુલ રૂ. ૮૭.૬૪ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. તેમણે વધુ વિગતો આપતા કહ્યું હતું કે, પશુઓના નિભાવ માટે આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં રૂ. ૫૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. વડા પ્રધાન મોદી દ્વારા વર્ષ ૨૦૨૨માં અંબાજી ખાતેથી આ યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

# લોથલમાં ખોદકામ દરમિયાન પીએચ.ડીની વિદ્યાર્થિનીનાં મોત અંગે આઈઆઈટી દિલ્હીના પ્રોફેસર સામે ગુનો નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદ નજીક લોથલમાં પ્રાચીન હડપ્પીય સંસ્કૃતિના અવશેષો શોધવા ચાલી રહેલા ખોદકામ દરમિયાન પીએચડી સ્કોલર સુરભી વર્માના મોતના આરોપસર ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી દિલ્હીના પ્રોફેસર યામા દીક્ષિત સામે ઘટનાના લગભગ ચાર મહિના બાદ અમદાવાદ રૂરલ પોલીસે ગુનો નોંધ્યો હતો. સબ ઈન્સપેક્ટર પી.એન. ગોહિલે જણાવ્યું હતું કે, આ ઘટના ૨૭ નવેમ્બર, ૨૦૨૪ ના રોજ બની હતી, પરંતુ મૃતક સુરભીના પિતાની ફરિયાદના આધારે ૨૩ માર્ચે એફઆઈઆર નોંધવામાં આવી હતી. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે પ્રોફેસરને કોઠ પોલીસ સ્ટેશનમાં પૂછપરછ માટે હાજર થવા માટે નોટિસ મોકલવામાં આવશે. એફઆઈઆરમાં કહેવામાં આવ્યું છે કે ૨૭ નવેમ્બર, ૨૦૨૪ ના રોજ સુરભી વર્મા અને યામા દીક્ષિત, આઈઆઈટી ગાંધીનગરના પ્રોફેસર વી એન પ્રભાકર અને શિખા રાય સાથે સંશોધન માટે ગયાં હતાં. ત્યાં યામા દીક્ષિતે લોથલ સ્થળની બાજુમાંથી પસાર થતા રસ્તાની બાજુમાં જ એક વિસ્તાર પસંદ કર્યો હતો અને ત્યાં હિટાચી મશીનથી ૧૩ ફૂટ લંબાઈ, ૪ ફૂટ પહોળાઈ અને ૧૦ ફૂટ ઊંડાઈનો ખાડો ખોદ્યો હતો. યામા દીક્ષિત અને સુરભી વર્મા સેમ્પલ લેવા માટે આ ખાડામાં ગયાં હતાં. આ સમયે સુરભીની ઉપર ભેખડ તૂટી પડી હતી અને શ્વાસ રુંધાવાને કારણે તેનું મોત નીપજ્યું હતું. ભેખડ પડવાથી દીક્ષિતને પણ માથામાં ઈજાઓ પહોંચી હતી.

# લૂંટારાનું એન્કાઉન્ટર ચેન્નઈમાં, અલર્ટ આંબિવલીની ઈરાની બસ્તીમાં

## ચેન-સ્નેચર્સ અને બાઈકચોરોનો ગઢ ગણાતી ઈરાની બસ્તીના જાફરે ચેન્નઈમાં પોલીસ પર ગોળીબાર કર્યા પછી તેનું એન્કાઉન્ટરઃ ઘટનાને પગલે ઈરાની બસ્તીમાં ભયાવહ શાંતિ

મુંબઈઃ કલ્યાણ પાસેના આંબિવલીની ઈરાની બસ્તીના કુખ્યાત લૂંટારાના ચેન્નઈમાં પોલીસ સાથેની અથડામણમાં મોત પછી થાણે પોલીસે ઈરાની બસ્તી આસપાસના પરિસરમાં ચાંપતો બંદોબસ્ત ગોઠવી દીધો હતો. આ ઘટનાને પગલે રહેવાસીઓનો આક્રોશ ફાટી ન નીકળે તે માટે પોલીસ અલર્ટ મૉડ પર આવી ગઈ હતી. અત્યારે ઈરાની બસ્તીમાં ભયાવહ શાંતિ હોવાનું કહેવાય છે.

આંબિવલીની ઈરાની બસ્તીમાં રહેતો જાફર ગુલામ હુસેન ઈરાની બુધવારે ચેન્નઈ પહોંચ્યો ત્યારે પોલીસે તેને તાબામાં લેવાનો પ્રયાસ કર્યો હતો. જોકે પોલીસની પકડમાંથી છટકીને તેણે ગોળીબાર કર્યો હતો. પોલીસે કરેલા વળતા ગોળીબારમાં જાફરનું મોત નીપજ્યું હતું.

જાફર જ્યાં રહેતો હતો તે આંબિવલી સ્ટેશન પાસેની ઈરાની બસ્તી અનેક ચેન-સ્નેચર્સ અને બાઈકચોરોનો ગઢ ગણાય છે. ઈરાની ગૅન્ગ સાથે સંકળાયેલા અહીંના લૂંટારા પોલીસ પર હુમલો કરવામાં જરાય ડગમગતા નથી. આરોપીની શોધમાં આ બસ્તીમાં ગયેલી મુંબઈ, થાણે અને નવી મુંબઈ પોલીસ પર અનેક વાર હુમલા થયા છે. હુમલો કરવામાં મહિલાઓ સૌથી આગળ હોય છે. ઈરાની બસ્તીના લોકોએ પોલીસ વાહનની તોડફોડ કરી હોવાની ઘટનાઓ વારંવાર બનતી હોય છે. એ સિવાય રહેવાસીઓના હુમલામાં અત્યાર સુધી અનેક પોલીસ ઘવાયા છે.

ચેન્નઈમાં પોલીસે જાફરનું ઢીમ ઢાળી દીધા પછી આ બસ્તીમાં સ્મશાનવત્ શાંતિ ફેલાયેલી છે. હજુ કોઈ છમકલું થયું નથી, પણ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ નિર્માણ ન થાય તે માટે પોલીસે કડક બંદોબસ્ત ગોઠવી દીધો છે. હાલમાં પરિસ્થિતિ કાબૂમાં હોવાનું ખડકપાડા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું.

અધિકારીએ જણાવ્યું હતું કે જાફરના પરિવારજનોને ચેન્નઈમાં બનેલી ઘટનાની જાણ કરવામાં આવી છે.

ચેન્નઈના એડીજીપી એ. એરુણે જણાવ્યું હતું કે ચેન-સ્નેચિંગ વખતે જાફર તેની બાઈકમાં પિસ્તોલ છુપાવી રાખતો હતો. મંગળવારે સવારે છથી સાત વાગ્યા દરમિયાનના એક કલાકમાં દક્ષિણ ચેન્નઈમાં ચેન-સ્નેચિંગની છ ઘટના બની હતી. બાઈકસવાર ત્રણ આરોપીએ જ આ ઘટનાઓને અંજામ આપ્યો હોવાનું સીસીટીવી ફૂટેજમાં જણાયું હતું. ચેન્નઈ પોલીસે બાઈકસવારોનો પીછો કરી ગણતરીના કલાકોમાં ઍરપોર્ટ પરથી જાફર અને તેના સાથી મિઝમ્મઝા ઈરાનીને પકડી પાડ્યા હતા. પકડાયેલા બન્ને આરોપીનો ત્રીજો સાથી સલમાન હુસેન ઈરાની હૈદરાબાદ જતી ટ્રેનમાં ફરાર થયો હતો. તેને આંધ્ર પ્રદેશ નજીકથી તાબામાં લેવાયો હતો.

ફરાર થતાં પૂર્વે જાફરે તેની બાઈક તારામણિ રેલવે સ્ટેશન નજીક છોડી દીધી હતી. ચોરીની મતા હસ્તગત કરવાના ભાગ રૂપે પોલીસ જાફરને રેલવે સ્ટેશને લઈ ગઈ ત્યારે બાઈકમાંથી પિસ્તોલ કાઢી તેણે પોલીસ ટીમ પર ગોળીબાર કર્યો હતો. પોલીસના વળતા જવાબમાં તેનું મૃત્યુ થયું હતું. (પીટીઆઈ)

# વિપક્ષી નેતાનું પદ મેળવવા સંખ્યાબળ જોઈએ એની ઉદ્ધવને ખબર હોવી જોઈએઃ સંજય શિરસાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના પ્રધાન સંજય શિરસાટે ગુરુવારે કહ્યું હતું કે વિપક્ષને ખબર હોવી જોઈએ કે રાજ્ય વિધાનસભામાં વિપક્ષી નેતાનું પદ મેળવવા માટે સંખ્યાબળ હોવું આવશ્યક છે, ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન તરીકે ઉદ્ધવ ઠાકરેને પણ આ જાણકારી હોવી જોઈએ.

રાજ્યના પ્રધાનમંડળમાં સામાજિક ન્યાય ખાતાનો પદભાર સંભાળતા શિરસાટે એમ પણ કહ્યું હતું કે રાજ્ય સરકારે તેમના ખાતાની ફાળવણીમાં ૭,૦૦૦ કરોડ રૂપિયાનો કાપ મૂક્યો છે. આ મુદ્દો તેમણે રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સમક્ષ પણ ઉઠાવ્યો છે.

રાજ્ય વિધાનસભાનું બજેટ સત્ર ચાલુ થયું ત્યારથી શિવસેના (યુબીટી) વિધાનસભામાં વિપક્ષી નેતાનું પદ માગી રહ્યું છે અને તેમણે વિધાનસભ્ય ભાસ્કર જાધવને આને માટે નામનિર્દેશિત કર્યા હતા. આ બાબતનો પત્ર તેમણે વિધાનસભાના અધ્યક્ષ રાહુલ નાર્વેકરને આપ્યો હતો. ઉદ્ધવ ઠાકરેએ એવો આગ્રહ રાખ્યો હતો કે વિધાનસભાનું સત્ર પૂરું થાય તે પહેલાં આ બાબતનો નિર્ણય લેવામાં આવે. બીજી તરફ મહાવિકાસ આઘાડીના અન્ય ઘટકપક્ષ એનસીપી (એસપી)ના વડા શરદ પવારે પણ વિપક્ષી નેતાપદ પર દાવો માંડ્યો હતો અને એવી માગણી કરી હતી કે મહાવિકાસ આઘાડીના ત્રણેય મુખ્ય પક્ષો શિવસેના (યુબીટી), એનસીપી (એસપી) અને કૉંગ્રેસ વચ્ચે વિપક્ષી નેતાપદ વહેંચીને ત્રણેય પક્ષને ૧૮ મહિના માટે આ પદ મળવું જોઈએ. આના પર વિધાનસભાના સત્રમાં કોઈ નિર્ણય લેવામાં આવ્યો નહોતો. રાજ્ય વિધાનસભાના વિપક્ષી નેતાપદ માટે કુલ બેઠકોની ઓછામાં ઓછી ૧૦ ટકા બેઠકો હોવી આવશ્યક છે. જ્યારે પત્રકારોએ આ મુદ્દે શિરસાટને સવાલ કર્યો ત્યારે તેમણે કહ્યું હતું કે ઉદ્ધવ ઠાકરે રાજ્યના મુખ્ય પ્રધાન રહી ચૂક્યા છે, તેમને ખબર હોવી જોઈએ કે વિપક્ષી નેતાપદ માટે સંખ્યાબળ આવશ્યક છે. જો તેઓ કશું માગી રહ્યા હોય તો માગવાની આ રીત નથી. જો તેમને લડીને વિપક્ષી નેતાપદ લેવું હોય તો તેમની પાસે વિધાનસભ્યોની સંખ્યાના સ્વરૂપમાં તાકાત હોવી જોઈએ, એમ પણ તેમણે કહ્યું હતું.

# બાન્દ્રાની હોટેલમાં યુવાન પર ચાકુ હુલાવ્યુંઃ વીડિયો વાયરલ

મુંબઈઃ બાન્દ્રાની હોટેલમાં બોલાચાલી પછી યુવાન પર ચાકુ હુલાવનારા આરોપીની પોલીસે ધરપકડ કરી હતી. સંબંધિત ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. મળતી માહિતી અનુસાર ઘટના બુધવારની રાતે બાન્દ્રા પૂર્વમાં બેહરામ બાગ ખાતેની એક હોટેલમાં બની હતી. બોલાચાલી થતાં આરોપીએ યુવાન પર ચાકુથી હુમલો કર્યો હતો. યુવાન પર ફરી હુમલો કરનારા આરોપીને હોટેલના સ્ટાફે પકડી પાડ્યો હતો. હોટેલમાં લાગેલા સીસીટીવી કૅમેરામાં આ ઘટના કેદ થઈ હતી. બાદમાં કૅમેરાનાં ફૂટેજ વાયરલ થયા હતા. આ પ્રકરણે નિર્મલનગર પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી. યુવાનને ગંભીર ઇજા થઈ નહોતી. સારવાર બાદ તેનું સ્વાસ્થ્ય સુધારા પર હોવાનું ઝોન-૮ના ડીસીપીએ જણાવ્યું હતું.

# જિંદાલ સ્ટેનલેસ મહારાષ્ટ્રમાં ૪૨,૮૮૬ કરોડનું રોકાણ કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ જિંદાલ સ્ટેનલેસ લિમિટેડ મહારાષ્ટ્રમાં ૪૨,૮૮૬ કરોડ રૂપિયાના રોકાણ સાથે એક પ્રોજેક્ટ સ્થાપવા જઈ રહી છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું કે મહારાષ્ટ્રમાં આ પ્રોજેક્ટનું સ્વાગત છે કારણ કે તે લગભગ સાડા પંદર હજાર રોજગારની તકો પૂરી પાડશે. જિંદાલ સ્ટેનલેસ લિમિટેડના ચેરમેન રતન જિંદાલ મુખ્ય પ્રધાનને તેમના સરકારી નિવાસસ્થાન નસાગરથ બંગલો પર મળ્યા હતા. આ મુલાકાતમાં જિંદાલે આ પ્રોજેક્ટના બાંધકામ માટેની દરખાસ્ત રજૂ કરી હતી. આ પ્રોજેક્ટની ઉત્પાદન ક્ષમતા વાર્ષિક ચાર મિલિયન ટન હશે.આ ઉદ્યોગ જૂથ અને જિંદાલનો મહારાષ્ટ્રની ક્ષમતામાં વિશ્વાસ મહત્વપૂર્ણ છે. તેથી, આ પ્રોજેક્ટ માટે શક્ય તમામ સહયોગ પૂરો પાડવામાં આવશે, એમ મુખ્ય પ્રધાને જણાવ્યું હતું. આ બેઠક દરમિયાન થયેલી ચર્ચામાં ફડણવીસે આ વાતનો ઉલ્લેખ કર્યો હતો. આ પ્રસંગે ઉદ્યોગ વિભાગના સચિવ ડો. પી. અંબાલગન, જિંદાલ ગ્રુપના વરિષ્ઠ અધિકારીઓ અને અન્ય લોકો પણ હાજર રહ્યા હતા.

# નાળાસફાઈમાં કૉન્ટ્રેક્ટરની કામચોરી રોકવા પાલિકાએ આપ્યાં ફરમાન

## સબ એન્જિનિયર અને આસિસ્ટન્ટ એન્જિનિયરે સાઈટ પર હાજર રહેવું પડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં ચોમાસાના આગમન પહેલા એટલે કે ૩૧ મે સુધીમાં નાના-મોટા તમામ નાળાઓની સફાઈ પૂરી કરી નાખવાનો સુધરાઈનો લક્ષ્યાંક છે અને તે માટે પચ્ચીસ માર્ચથી નાળાઓની સફાઈનું કામ ચાલી કરી દેવામાં આવ્યું છે ત્યારે કૉન્ટ્રેક્ટરો દ્વારા નાળાસફાઈમાં કામચોરી કરવામાં આવે નહીં અને તે માટે તેમના પર નજર રાખવા માટે સાઈટ પર સબ એન્જિનયર અને આસિસ્ટન્ટ એન્જિનિયરોને પ્રત્યક્ષ હાજર રહેવાનું ફરમાન પાલિકા પ્રશાસને આપ્યો છે.

પાલિકાના એડિશનલ કમિશનર અભિજિત બાંગરે ગુરુવારે પૂર્વ ઉપનગરમાં જુદા જુદા વિસ્તારોમાં ચાલી રહેલી નાળાસફાઈના કામનું નિરીક્ષણ કર્યું હતું એ દરમ્યાન નાળાસફાઈના કામમાં પારદર્શકતા જળવાઈ રહે અને કામ સમયસર રોજના શેડ્યુલ મુજબ કરવાનું અને ૩૧ મેની ડેડલાઈન પહેલા નાના-મોટા નાળા અને ગટરોનીની સફાઈ યોગ્ય રીતે થાય તે માટે પાલિકાના સબ એન્જિનયર અને આસિસ્ટન્ટ એન્જિનિયરોને સાઈટ પર રોજ હાજરી પુરાવાની અને રોજનો અહેવાલ બનાવવાનો નિર્દેશ આપ્યો હતો.

ગયા વર્ષે ચોમાસામાં પૂર્વ ઉપનગરના ભાંડુપ રેલવે સ્ટેશન નજીક પાટા પર ભરાયેલા પાણીને કારણે રેલવે ઠપ થઈ ગઈ હતી, તેનું પુનરાવર્તન થાય નહીં તે માટે મધ્ય રેલવેની સાથે જ મેટ્રો રેલવે સાથે સમન્વય સાધવાનો નિર્દેશ પણ તેમણે આપ્યો હતો. નાળામાં ઉપરના ભાગમાં તરતો કચરો ખાસ કરીને પ્લાસ્ટિકના કચરાને રોકવા માટે આવશ્યક હોય તે જગ્યાએ જાળીઓ બેસાડવાનો આદેશ પણ અભિજિત બાંગરે આપ્યો હતો.

આસિસ્ટન્ટ કમિશનરે ગુરુવારે સાયન-પનવેલ હાઈવે પરના માનખુર્દ નાળું જ્યાં મોટી સંખ્યામાં ઝૂંપડપટ્ટી હોવાથી નાળામાં પ્લાસ્કિ સહિતનો કચરો નાખવાનું પ્રમાણ વધારે હોવાથી અહીં શક્ય હોય ત્યાં નાળાની બંને બાજુએ ઊંચી જાળીઓ બેસાડવાનો અને આવશ્યક હોય ત્યાં નાળા તરફ જનારા ગલી પરિસરના રસ્તાઓને જાળીઓ લગાવીને બંધ કરવાનો આદેશ પણ તેમણે આપ્યો હતો. તો દેવનાર નાળા પાસે ભંગારવાળાઓની મોટા પ્રમાણમાં દુકાનો હોવાથી ત્યાંથી મોટા પ્રમાણમાં કચરો નાળામાં નાખવામાં આવે છે, તેને કારણે સાયન-પનવેલ હાઈવેની સાથે જ ઈસ્ટર્ન હાઈવેને પણ ચોમાસા દરમ્યાન અસર થઈ શકે છે. તેથી અહીં ચોરીને ધ્યાનમાં રાખીને આવશ્યક હોઈ ત્યાં લોખંડને બદલે ફાઈબર રિઈન્ફોર્સ્ડ પોલિમરની જાળીઓ બેસાડવાની સૂચના પણ તેમણે આપી હતી. ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર જોગેશ્વરી-વિક્રોલી લિંક રોડ પરના કલ્વર્ટનું નિરીક્ષણ કર્યા બાદ અહીં ચોમાસામાં પાણી ભરાવાની શક્યતા તેમણે વ્યક્ત કરી હતી. કલ્વર્ટમાં ૯૦૦ મિલિમીટર વ્યાસની બે પાઈપલાઈન છે, તેથી અહીં પાણી ભરાઈ શકે છે. બ્રિમસ્ટોવડના અહેવાલ અનુસા અહીં ૭.૫ મીટરના બે કલ્વર્ટ બાંધવા આવશ્યક છે, તેની સામે માત્ર એક જ છે. તેથી ચોમાસા પહેલા ટ્રાફિકને અસર નહીં થતા આ કામ કરવું શક્ય હોય તો કરવાની સૂચના પણ તેમણે આપી હતી.

## મધ્યાહ્ન ભોજનના અનાજનો ગેરઉપયોગ

# હાઇ કોર્ટે શાળાના ભૂતપૂર્વ આચાર્યને આગોતરા જામીન આપવાનો ઇનકાર કર્યો

મુંબઇઃ મહારાષ્ટ્ર સરકાર દ્વારા વિદ્યાર્થીઓ માટે મધ્યાહ્ન ભોજન યોજનાના ભાગરૂપે પૂરા પાડવામાં આવતા અનાજના ગેરઉપયોગના આરોપમાં એક શાળાના ભૂતપૂર્વ આચાર્યને ધરપકડ પૂર્વે જામીન આપવાનો બોમ્બે હાઈકોર્ટે ગઇ કાલે ઇનકાર કર્યો હતો.

ન્યાયાધીશ રાજેશ પાટીલની સિંગલ બેન્ચે જણાવ્યું હતું કે આરોપી રાધા નારાયણ સાચાં તથ્યો બતાવી રહી નથી અને તેથી, તેની કસ્ટડીમાં પૂછપરછ જરૂરી છે. કોવિડ-૧૯ મહામારી દરમિયાન, રાધા નારાયણે મધ્યાહ્ન ભોજન યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા શાળાને પૂરા પાડવામાં આવેલા લગભગ પાંચ લાખ રૂપિયાના અનાજનો ગેરઉપયોગ કર્યો હતો. આ અનાજ વિદ્યાર્થીઓને સોંપવામાં આવવાનું હતું. કોર્ટે પોતાના આદેશમાં જણાવ્યું હતું કે આ યોજના વિદ્યાર્થીઓને પૌષ્ટિક ભોજન આપવાનો છે, પરંતુ એવું જાણવા મળ્યું છે કે સરકાર જે હેતુ માટે જાહેર ભંડોળ ખર્ચી રહી છે તે હેતુ તેમના સુધી પહોંચતો નથી. નારાયણે પોતાની અરજીમાં દાવો કર્યો હતો કે શાળાના પરિસરમાં પાણી ભરાઈ જવાને કારણે અનાજનો નાશ થયો હતો.

જોકે, કોર્ટે આ દલીલ સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો અને કહ્યું હતું કે આરોપીએ ઓછામાં ઓછા ક્ષતિગ્રસ્ત અનાજના કેટલાક ફોટોગ્રાફ્સ લેવાનું કેમ યોગ્ય ન માન્યું તે અંગે કોઈ સ્પષ્ટતા નથી. આ સિવાય તેણે મ્યુનિસિપલ કોર્પોરેશન અને શિક્ષણ અધિકારીને ઓછામાં ઓછું એક ઈમેલ લખવાનું પણ યોગ્ય ન માન્યું.

## પુણેમાં બસમાં આગ

# હૉસ્પિટલમાંથી રજા મળતા જ ડ્રાઈવરની ધરપકડ

પુણેઃ પુણેના પિંપરી ચિંચવડ વિસ્તારમાં ૧૯ માર્ચે એક ખાનગી કંપનીની બસમાં લાગેલી આગના કેસમાં બસના ડ્રાઇવરની ગઈ કાલે ધરપકડ કરવામાં આવી છે. આ ભયાનક ઘટનામાં ચાર કર્મચારીઓના મોત અને છ લોકો ઘાયલ થયા હતા, એમ એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

અધિકારીએ જણાવ્યું હતું કે, આ દુર્ઘટનામાં ઘાયલ થયેલા લોકોમાં જનાર્દન હમ્બરડેકરનો પણ સમાવેશ થાય છે, જેની ખાનગી હોસ્પિટલમાંથી રજા આપવામાં આવ્યા બાદ ધરપકડ કરવામાં આવી હતી. ગઈ કાલે હોસ્પિટલમાંથી રજા મળ્યા બાદ અમે તેની ધરપકડ કરી છે. હવે તેને કોર્ટમાં રજૂ કરવામાં આવશે, હિંજેવાડી પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર કન્હૈયા થોરાતે જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર, પુણે નજીક હિંજેવાડી ખાતે વ્યોમા ગ્રાફિક્સના ચાર કર્મચારીઓએ જીવ ગુમાવ્યા હતા. ડ્રાઇવર હમ્બરડેકરે ખૂબ જ જ્વલનશીલ કેમિકલ બેન્ઝીનનો ઉપયોગ કરીને તે દિવસે સવારે ચાલતી બસમાં આગ લગાવી દીધી હતી. ડ્રાઈવરનો કંપનીના કેટલાક કર્મચારીઓ સાથે વિવાદ થયો હતો, તેથી તે બદલો લેવા માંગતો હતો અને પગાર કાપવાથી પણ તે નારાજ હતો.

# અજંતાની ગુફામાં વિદેશી પ્રવાસીઓ પર મધમાખીઓનો હુમલો

છત્રપતિ સંભાજીનગરઃ મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગર જિલ્લામાં વિશ્વ વિખ્યાત અજંતા ગુફા પરિસરમાં મધમાખીઓએ વિદેશી પ્રવાસીઓના જૂપ પર હુમલો કર્યો હતો, જેમાં એક ઓસ્ટ્રેલિયન નાગરિકને સામાન્ય ઈજાઓ થઈ હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.

બુધવારે સવારે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ બનેલી આ ઘટનામાં જૂથના ૧૦ સભ્યોને મધમાખી કરડી હતી. ''ડેક્કન ઓડિસી લક્ઝરી ટ્રેનમાં મુસાફરી કરીને છત્રપતિ સંભાજીનગર શહેરમાં ૩૩ વિદેશી પ્રવાસીઓ આવ્યા હતા. આ પ્રવાસીઓ અજંતા ગુફાઓની મુલાકાતે હતા ત્યારે તેમાંના લગભગ ૧૦ પ્રવાસીઓ પર મધમાખીઓએ હુમલો કર્યો હતો, જેમાં એક ઓસ્ટ્રેલિયન પ્રવાસીને સામાન્ય ઈજા થઈ હતી, ''સ્થાનિક ટૂર ઓપરેટર જસવંત સિંહે જણાવ્યું. આ ઘટના ગુફા નંબર ૧૦ નજીક બની હતી. એક તબીબી ટીમ અને અન્ય મુલાકાતીઓને પાલખીમાં લઈ જનારાઓએ આ પ્રવાસીઓને મદદ કરી. તેમને વધુ તબીબી સારવારની જરૂર નહોતી,'' તેમણે કહ્યું.

આ ઘટના બાદ, ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (એએસઆઇ) ના કાર્યાલયે મુલાકાતીઓ માટે ગુફા નંબર ૧૦ને થોડા સમય માટે બંધ કરવાનો આદેશ આપ્યો હતો, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

# બે સરકારી હૉસ્પિટલમાં દર્દીઓનો મરણાંક કેમ વધુ?: તપાસ માટે હાઇ કોર્ટે નિષ્ણાતોની સમિતિ રચી

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટે ગુરુવારે મહારાષ્ટ્રના નાંદેડ અને છત્રપતિ સંભાજી નગર જિલ્લામાં ૨૦૨૩માં સરકાર સંચાલિત હોસ્પિટલોમાં મૃત્યુમાં અચાનક વધારાના બે કિસ્સા 'ગંભીર' ગણાવી આ મુદ્દાની તપાસ માટે નિષ્ણાતોની સમિતિની રચના કરી હતી. મુખ્ય ન્યાયમૂર્તિ આલોક આરાધે અને ન્યાયમૂર્તિ એમ એસ કર્ણિકની ખંડપીઠે જણાવ્યું કે આવી ઘટનાઓ ફરીથી ન બને એવાં પગલાં સમિતિ સૂચવશે. અદાલત એકથી વધુ અરજીની સુનાવણી કરી રહી હતી, જેમાં એક શરૂ કરવામાં આવેલી સુઓ મોટોનો સમાવેશ થાય છે. આ અરજીમાં ૨૦૨૩ માં નાંદેડ અને છત્રપતિ સંભાજી નગર જિલ્લાની સરકારી હોસ્પિટલોમાં મૃત્યુની મોટી સંખ્યા અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. ઓક્ટોબર ૨૦૨૩માં નાંદેડ સરકારી મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં થોડા દિવસોના ગાળામાં ૧૬ શિશુ સહિત ૩૧ દર્દીના મૃત્યુ થયા હતાં. છત્રપતિ સંભાજી નગર સરકારી મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં બીજી અને ત્રીજી ઓક્ટોબર, ૨૦૨૩ દરમિયાન શિશુઓ સહિત ૧૮ દર્દીના મૃત્યુ થયા હતા. સમિતિ બે મહિનામાં એક અહેવાલ રજૂ કરશે જેમાં ટૂંકા ગાળાના અને લાંબા ગાળાના પગલાં સૂચવવામાં આવશે. આ પગલાં ભવિષ્યમાં આવી ઘટના ફરી ન બને તે સુનિશ્ચિત કરવા માટે લેવામાં આવી શકે છે એમ અદાલતે આ મામલાની વધુ સુનાવણી ૧૬ જૂને મુલતવી રાખતા જણાવ્યું હતું.

## હિન્દુ મરણ

**આજક ગિરનારા બ્રાહ્મણ**

ચિંચણ નિવાસી સ્વ. રમણીકલાલ કાલીદાસ જોશીના પુત્ર. નિલેશના ધર્મપત્ની. સૌ. સાધના (ઉં. વ. ૫૯) બુધવાર, તા. ૨૬-૩-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે ક્રાંતિ અને પ્રાચીના માતુશ્રી. સવિતાબેન વારા તથા રણછોડભાઇ વારાના સુપુત્રી. તે સ્વ. ભાવના, પારૂલ, સ્વ. દિવ્યેશના ભાભી. તે અનિલભાઇ, શશીકાંતભાઇ, અતુલભાઇ અને મમતાબેનના બેન. ઠે. એ-૪૦૩, ગૌરવ પેરેડાઇસ, કાણકિયા, મીરા રોડ (ઇસ્ટ).

**લુહાર સુથાર**

ગામ ટીમ્બી ભાડા હાલ દહિસર, પ્રવીણભાઈ પરમાર (ઉં. વ. ૫૯) ૨૬/૩/૨૫ના રામશરણ પામેલ છે. તે સ્વ.ચંપાબેન ગોરધનભાઈ પરમારના પુત્ર. ભારતીના પતિ. જીતુભાઇ, રમેશભાઈ, સ્વ.કાનુબેનના ભાઈ, સ્વ.મોહનભાઇ, સ્વ.જીવરાજભાઈ, સ્વ.લક્ષ્મણભાઈ, સ્વ.જેન્તીભાઇ, સ્વ.નાનજીભાઈના ભત્રીજા. સ્વ.ઉજીબેન બાબુભાઇ ગોહિલના જમાઈ. પ્રાર્થનાસભા ૨૮/૩/૨૫ના ૫ થી ૭. લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ ૩, અંબામાતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ.

**લુહાર સુથાર**

ગામ મોઠા હાલ વસઈ, સ્વ.આણંદજીભાઈ મેઘજીભાઈ પરમારના ધર્મપત્ની સ્વ.મંછાબેન પરમાર તા.૨૬/૩/૨૫ના શ્રીરામચરણ પામ્યા છે. તે સ્વ.નીતિનભાઈ. વર્ષાબેન ધર્મેશકુમાર, હર્ષાબેન ભરતકુમાર, નયનાબેન દિલીપકુમાર, પારૂલબેન ભાવેશકુમારના માતુશ્રી. નીતાબેન નીતિનભાઇના સાસુ. સાવરકુંડલાવાળા કરસનભાઇ હકાભાઇ ચોહાણના દીકરી. સ્વ.જગજીવનભાઇ. સ્વ.માધવજીભાઈ, સ્વ.કાનજીભાઈ, ગોવિંદભાઇ, હરજીભાઈના ભાભી. પ્રાર્થનાસભા તા.૨૮/૩/૨૫ના ૫ થી ૭. શ્રી લુહાર સુથાર વાડી વેલફેર સેન્ટર, અંબાજીમંદિર પાસે, બોરીવલી ઈસ્ટ.

**ઔદિચ્ય સહસ્ત્ર બસિયા બ્રાહ્મણ**

સરડોઈ નિવાસી હાલ મીરારોડ, રમેશચંદ્ર ગોર (ઉં. વ. ૮૪) તે સ્વ. ડાહ્યીબેન તથા સ્વ. શાંતિલાલ નર્મદાશંકર ગોરના પુત્ર, સ્વ.ઇન્દુબેનના પતિ. સ્વ.ચીમનલાલ પ્રહ્લાદ ભટ્ટના જમાઈ, તા. ૨૪-૦૩-૨૫ના દેવલોક પામ્યા છે. મિલન, નીતિન, નિશાના પિતાશ્રી. અનુ, અમિતા, ધિરેન ઠાકરના સસરા. બંને પક્ષની પ્રાર્થનાસભા શુક્રવાર તા.૨૮-૦૩-૨૫ના ૫:૦૦ થી ૭:૦૦. સ્વામિનારાયણ મંદિર, સેક્ટર -૧૦, શાંતિ નગર, મીરા રોડ (ઈ).

**સુરતી દશા મોઢ**

નવસારી હાલ મુંબઈ, નીલા પરીખ તે જવાહર નટવરલાલ પરીખના પત્ની, અમૃતલાલ દેવચંદ શેઠના દીકરી. મધુકાંતભાઇ, યોગેશભાઇ, ઉષાબેન, કીરણબેન અને કમલેશભાઈના બહેન. સ્વ.ચંદ્રવદનભાઇ, સ્વ.મીનાક્ષીબેન, સ્વ.જીતુભાઇ, પન્નાબેન, રસીકલાલભાઇ, દિલીપભાઈ, ભરતભાઈ, ઇલાબેન, અશ્વિનભાઇના ભાભી, નિખિલ અને ભામિનીના માતા. રૂપલના સાસુ સોમવાર ૨૪ માર્ચના શ્રીજીચરણ પામ્યા છે. સાદડી તથા લોકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ સારસ્વત બ્રાહ્મણ**

સ્વ. મણીશંકર પોપટલાલ સામદાણીના પુત્ર સ્વ. મનોજભાઇ સામદાણીના ધર્મપત્ની ગં. સ્વ. ઉમાબેન જોશી (સામદાણી) (ઉં.વ. ૬૧) તા. ૨૬-૩-૨૫ના સ્વર્ગવાસ થયેલ છે. તે ચિંતન તથા પૂજાનાં માતુશ્રી. પ્રિયંકા તથા બ્રીજેશનાં સાસુ. જીવાંશ તથા માનવનાં દાદી. પટના નિવાસી સ્વ. ઇશ્વરલાલ કાંતીલાલ સોનપાલનાં દીકરી. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૨૮-૩-૨૫ના ૪થી ૬. ઠે. હાલાઇ લોહાણા મહાજન વાડી, ૧લે માળે, એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ).

**નથળિયા ઉનેવાળ બ્રાહ્મણ**

દેવકા (હડમતીયા) હાલ નાલાસોપારા ગં. સ્વ. હરકુવરબેન ભાઇશંકર ઠાકર (ઉ. વ. ૯૫) બુધવાર તા. ૨૬-૩-૨૫ના સ્વર્ગવાસ થયેલ છે. તે મનસુખલાલ, સ્વ. મહેશ, કનૈયાલાલ, કિશોર, યોગેશ, કલાબેન જયસુખલાલ ઓઝા, ગીતાબેન અરવિંદ ઓઝા, વિજીબેન ગૌતમકુમાર ઓઝાના માતુશ્રી. રાજબાઇ દામોદર રવજી ઓઝા (કથીવદરા)ની દીકરી. પ્રાર્થનાસભા, શુક્રવાર તા. ૨૮-૩-૨૫ના ૫થી ૭. ઠે. ક. વી. ઓ. સ્થા. જૈન સંઘ, કરસન લધુ નિસર જૈન સ્થાનક, તુલીંજ રોડ, ચાર રસ્તા, નાલાસોપારા (પૂર્વ).

**બાલાસિનોર દશાનિમા વણિક**

ગં. સ્વ. કોકીલાબેન જયંતીલાલ શાહ (ઉં. વ. ૮૭) તે સ્વ. જયંતીલાલ ચીમનલાલના ધર્મપત્ની. તે ચીમનલાલ છોટાલાલ શેઠ (અત્તરવાળા)ની દીકરી. સાધના, રાકેશ, ધર્મેશ તથા સંજયના માતુશ્રી. તે હેમંતકુમાર, ડિમ્પલ, દીપલ તથા મોનાના સાસુ. કુણાલના નાની. કોમલ, સિમરન, રોમિત, નિકેશ, અક્ષિત તથા ક્રિષના દાદી તે સોમવાર, તા. ૨૪-૩-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૨૮-૩-૨૫ના ૫થી ૭. ઠે. મુંબઇ પાટીદાર સમાજ, ૬ ફ્રેંચ બ્રીજ, મફતલાલ બાગ, મુંબઇ-૪૦૦ ૦૦૭ ખાતે રાખેલ છે, લૌકિક પ્રથા બંધ છે.

**દમણી વિશા લાડ વણિક**

સ્વ. પ્રભાવતી રમણલાલ દલાલના સુપુત્ર ભૂપેન્દ્રભાઇ (ઉં. વ. ૮૪) તા. ૨૬-૩-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે જયોતિબેનના પતિ. દેવાંગ અને રાહુલના પિતાશ્રી. દિવ્યા અને હિયાના દાદા. સ્વ. ઉર્મિલાબેન રમણલાલ દલાલના જમાઇ. સ્વ. નરેન્દ્રભાઇ, મધુરી (સ્મિતા) પ્રવીણભાઇ ખાંડવાલા અને પ્રતિમા મહેશ શાહના ભાઇ. પ્રાર્થનાસભા આજે સાંજે ૫થી ૭. ઠે. હાલાઇ લોહાણા મહાજન વાડી. બીજા માળે, શંકર મંદિરની બાજુમાં, કાંદિવલી (વેસ્ટ).

**કપોળ**

કાસુબોરડીવાળા સ્વ. સુલોચનાબેન ત્રિભુવનદાસ હરકિશનદાસ ધોળકીયાના પુત્ર સ્વ. હર્ષદના ધર્મપત્ની હીના (ઉં. વ. ૮૬) તે સિહોરવાળા સ્વ. કલાવતી ચંદુલાલ વેણીલાલ મહેતાની સુપુત્રી. તે બિરેન, મોનીષ, નિશા મુકેશ બોસમાયાના માતુશ્રી. તે સ્વ. ભવાનીદત, હલેન્દ્ર, સ્વ. ધનવંત, સુરેશ તથા હેમલતાબેન હેમંતભાઇ શ્રોફના ભાભી. તે છાયા તથા ફાલ્ગુનીના સાસુ તા. ૨૬-૩-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

## પારસી મરણ

ફ્રેની ફિરોઝ હોતેલવાળા તે મરહુમ ફિરોઝ શાપુરજી હોતેલવાળાના ધણિયાની. તે મરહુમો જરબઇ કાવસજી હવેવાલાના દીકરી. તે ફરહાદ તથા મરહુમ ફરાનકના માતાજી. તે રુબીના સાસુ. તે મરહુમો નાજુ, એરવદ આફરીદ, ગુલ, તીરનદાઝ, ફરોખ, શરોશ ને રોહિન્ટનના બહેન. (ઉં. વ. ૯૧) રે. ઠે. નવા તલાવ, નારગોલ તાલુકા ઉંમરગામ, ડિસ્ટ્રિક્ટ વલસાડ-૩૯૬૧૩૫. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૮-૩-૨૫ના દીને બપોરે ૩.૪૫ વાગે માલકમબાગ, અગિયારીમાં છેજી.

સામ ફરામરોઝ લાલા તે નરગીશના ધની. તે મરહુમો મેહરબાઇ ફરામરોઝ લાલાના દીકરા. તે તાનીયા ને રુઝાનના પપા. તે તનાઝ રુઝાન લાલાના સસરા. તે મરહુમો સોલી, ખોરશેદ, રોહન ને ધનના ભાઇ. તે દાનીકાના બપાવા. તે મરહુમો રોડા નોશીરવાન કામદીનના જમાઇ. (ઉં. વ. ૮૩) રે. ઠે. ૨૯-એ, સેથવા બિલ્ડિંગ, નવરોજી શેઠ સ્ટ્રીટ, એસ. કે. પાટીલ ગાર્ડન સામે, ઠાકુરદ્વાર, કાલબાદેવી, મુંબઇ-૪૦૦૦૦૨. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૮-૩-૨૫ના દિને બપોરે ૩.૪૫ વાગે ઉપરની ઓલબ્લેસ બંગલીમાં છેજી.

વ્હેનેલી કાહેટ, તે જિન ફ્રાન્કોસ અને શેરનાની પુત્રી. તે સ્ટેફાનીની બહેન. (ઉં. વ. ૩૮) રે. ઠે. પેરિસ, ફ્રાન્સ.

રોહિન્ટન ફ્રામરોઝ બાટલીવાળા તે મરહુમ ફ્રામરોઝ અને નાજામાઇના પુત્ર. તે જહાંગીર અને ડાયનાના પિતા. તે સંદીપા અને ઝુબીનના સસરા. તે ફરોહર, શહરવાર અને કાયનાના ગ્રાન્ડ ફાધર. તે ખુશરૂ અને ડેઝીના ભાઇ. તે મહેરઝાદ, ઝહાન, ઝરીના, ઝેન્ડ અને અર્શના અંકલ. (ઉં. વ. ૭૯) રે. ઠે. એસબીઆઇ હિલવ્યૂ સોસાયટી, પહેલા માળે, રૂમ નં. ૭, ગાવઠાણ, શાંતાવાડી, અંધેરી (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૮.

## જૈન મરણ

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ડેપા હાલે બિદડાના ખેતબાઈ રામજી મારૂ (ઉં. વ. ૮૯) ૨૫-૩ના અવસાન પામેલ છે. લીલબાઈ કાનજી મોનાના પુત્રવધૂ. રામજીના પત્ની. મંજુલા, પ્રફુલ, ભાવના, કિરીટ, સ્વ. દેવેન્દ્રના માતુશ્રી. બિદડાના ઉમરબાઈ કુંવરજી પાસુના પુત્રી. વેલજી, દામજી, ભવાનજી, મોટા આસંબીયા જખીબાઈ દેવજી, રતનબેન ઉમરશી, બિદડા સોનબાઈ ખીમજી, તુંબડી સુંદરબેન મેઘજી ગેલડા હીરબાઈ મગનલાલના બેન. પ્રા. સંભવનાથ જૈન દેરાસર, પાર્ક સાઈટ રોડ નં.૧, વિક્રોલી (વે). ટા.૩ થી ૪.૩૦.

નાની તુંબડીના સૂર્યકાંત લાલજી ચાંપશી સાવલા (ઉં. વ. ૭૩) તા. ૨૫-૩-૨૫ના અવસાન પામેલ છે. સાકરબેન, શાંતાબેન લાલજીના પુત્ર. જસુમતિના પતિ. અક્ષયના પિતા. જયાબેન, ચદ્રકાંત, કિશોર, મૃદુલા, જયેશ, મુકેશ, હર્ષદ, પિયુષના ભાઇ. ગુંદાલાના પુરબાઇ દેવજી હંસરાજ સતરાના જમાઇ. પ્રા.શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રા. સં. સંચાલિત શ્રી કરસન લઘુ નિસર હોલ, દાદર (વે) ટા. ૪ થી ૫.૩૦.

ડોણના જયાબેન કાંતિલાલ ફુરિયા (ઉં. વ. ૭૯) તા. ૨૫-૩-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. માતુશ્રી મણીબેન લાલજી કરમશીના પુત્રવધૂ. કાંતિલાલના ધર્મપત્ની. બીના, પ્રીતિ, દિપ્તી, ધવલના માતુશ્રી. લુણીના માતુશ્રી હાંસબાઈ પ્રેમજી ટોકરશીના પુત્રી. સ્વ. મહેન્દ્ર, નાના આસંબીયાના સાકરબેન તલકશી, અમદાવાદના રમીલા અજય, લાંઘણજના મીના અશોક, નાની તુંબડીના જયશ્રી જયંતિલાલના બેન. પ્રા : શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં. : કરશન લધુભાઈ નિસર હોલ (દાદર). ટા. ૨ થી ૩.૩૦.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી જૈન**

ઘોલેરા નિવાસી ભાવનગર હાલ બોરીવલી, સ્વ.નીલમબેન તથા મહેન્દ્રભાઈ વાડીલાલ પારીના પુત્રવધૂ. તથા પૌત્રીઓ અને આશિષભાઈના ધર્મપત્ની તથા પુત્રીઓ હેતલબેન (ઉં. વ. ૪૫) લેશા (ઉં. વ. ૧૭) નીક્કી (ઉં. વ. ૧૩) તે ત્રણેયનું તા. ૨૩/૩/૨૫ના અવસાન પામેલ છે. તે મીતાબેન તિમિરકુમાર શાહ તથા દિપ્તીબેન નયનકુમાર શાહના ભાભી તથા ભત્રીજી. પિયરપક્ષે તથા મોસાળપક્ષે વંથલી નિવાસી અરુણાબેન લક્ષ્મીકાંત મીઠાણીના દીકરી તથા દોહિત્રીઓ, પરીક્ષિતના બહેન તથા ભાણેજ. ત્રણેયની પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલા દશા શ્રી દેરાવાસી જૈન**

ધ્રાંગધ્રા નિવાસી હાલ કાંદિવલી, કાંતિભાઈ પરષોત્તમ શાહના ધર્મપત્ની અ.સૌ.વનલીલાબેન (ઉં. વ. ૭૯) તે બીના, પૂર્વી, જીજ્ઞા તથા વિરલના માતુશ્રી. નિરાલી, આશિષ, અતુલ તથા મેહુલના સાસુ. રિધાનના દાદી, સુરેન્દ્રનગર નિવાસી સ્વ.કાલિદાસ જીવણલાલ કપાસિના દીકરી. તા.૨૬/૩/૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે ૫બી, રાજ રતન પેલેસ ૩, શંકર ગલ્લી, કાંદિવલી વેસ્ટ.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ સુવઈ હાલે થાણા સ્વ.કમલબેન ફરીયા (ઉં. વ. ૯૩) તા.૨૬.૦૩.૨૫ના સંથારો સીઝયો છે. સ્વ. હાંસઈબેન/રમાબેન વેરશી રૂપા ફરિયાના પુત્રવધૂ. સ્વ. જેઠાલાલના ધર્મપત્ની. મુરજી, આસધીર, પ્રેમજી, મનસુખ, નવીન, સ્વ. નવલ, સોના, કમળા, સુશીલા, સંસાર પક્ષે પ.પૂ.શ્રી નિશ્રાકુમારીજી મ.સ.ના માતુશ્રી. રાજી, મંજુલા, સુશિલા, સુશિલા, પ્રિતી, ચુનીલાલ, દામજી, અરવિંદના સાસુ. ગામ રવના સ્વ.વિરાબેન લાધા તેજશી કારીઆના દિકરી. ગુણાનુવાદ સભા તા.૨૮.૦૩.૨૫ શુક્રવાર સમય સવારે ૧૦.૩૦ થી ૧૨.૩૦ સ્થળ.કાંતિ વિસરીયા હોલ, થાણા-વેસ્ટ.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ લાકડીયાના નાનુબેન નાનજી માડણ ફુરીયા (ઉં. વ. ૮૫) સોમવાર તા. ૨૪.૩.૨૫ના મુંબઈ અવસાન પામેલ છે. સ્વ.પુરાબેન રતનશીના પૌત્રવધૂ. સ્વ. દેવઈબેન માડણ ફુરીયાના પુત્રવધૂ. સ્વ. નાનજી માડણના ધર્મપત્ની, વિસનજી, નવીન, સ્વ. નાથી, સ્વ. ચંપા, સ્વ.અરૂણા, દમયંતી, વનિતા, કસ્તુરના માતુશ્રી. વર્ષા, મિતલ, જગશી, લાલજી, પ્રેમજી, ચંપક, ખીમજીના સાસુ. સ્વ.કરમા નરશી નંદુના પુત્રી, પ્રાર્થનાસભા શુક્રવાર તા.૨૮.૩.૨૫ સમય ૩ થી ૪.૩૦ સ્થળ. એમ.એમ.પીપલ્સ સ્કુલ, ખાર, પોલીસ ચોકીની બાજુમાં, ખાર-વેસ્ટ.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા. જૈન**

મૂળ લિંબડી નિવાસી હાલ કાંદિવલી મહેન્દ્રભાઇ શાંતિલાલ શેઠ (ઉં. વ. ૮૬) તા. ૨૭-૩-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે કુસુમબેનના પતિ. આશિષ, મનીષ, રાજેશના પિતા. રીટા, ધ્રુવી, દિપાલીના સસરા. હીના ચિંતનકુમાર, મિતી, હર્ષ, શૈલીના દાદા. પ્રવિણાબેન અશોકકુમાર, સ્વ. કીરીટભાઇ, ભરતભાઇના ભાઇ. સ્વ. મંગળાબેન શાંતિલાલ ડેલીવાલાના જમાઇ. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૨૯-૩-૨૫ના ૧૦થી ૧૨, લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. પાવનધામ, મહાવીર નગર, કાંદિવલી (પ.).

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# મેટિની

કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી

# સનીને સાઉથનાં સમણાં

## ઢાઈ કિલો કે હાથ કી તાકત સાઉથ કે દર્શક ભી દેખેંગે એને લઈને ધરમજીના પુત્ર ખૂબ ઉત્સુક અને ઉત્સાહી છે

મુંબઈ શહેરની પરણવા ઈચ્છુક કન્યાઓ વિશે એમ કહેવાય છે કે ‘સોબો’ને ‘મકાબો’ નથી જવું. મતલબ કે સાઉથ મુંબઈમાં રહેતી યુવતી પરણ્યા પછી મલાડ - કાંદિવલી - બોરીવલી જેવા પરા વિસ્તારમાં જવા તૈયાર નથી, પણ, જો મકાબોની કન્યાને સોબો એટલે કે સાઉથ મુંબઈ શિફ્ટ થવાનો મોકો મળે તો એના ચહેરા પર લાલી છવાઈ જાય છે. બેટર લાઈફની પોતપોતાની વ્યાખ્યા હોય છે. હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પણ દક્ષિણાયનનો એક દાખલો તાજેતરમાં ખાસ્સો ગાજ્યો.

‘બ્લેક ફ્રાઈડે’, ‘દેવ. ડી’ તેમજ ‘ગેંગ્સ ઓફ વાસેપુર’ જેવી ફિલ્મોથી પ્રતિષ્ઠા મેળવનાર ફિલ્મમેકર અને એક્ટર અનુરાગ કશ્યપે મુંબઈ છોડી બેંગ્લોર નિવાસી બનવાનો નિર્ણય લીધો છે. ‘હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી ખૂબ જ ટોક્સિક બની ગઈ છે. ઈન્ડસ્ટ્રીમાંથી સર્જનાત્મક દ્રષ્ટિકોણ ગાયબ થઈ ગયો છે. સહુ કોઈ ૫૦૦ કરોડ - ૮૦૦ કરોડની હોડમાં ઉતર્યા છે. ફિલ્મ બનાવવાની શરૂઆત જ એને કેવી રીતે વેચી શકાશે એવા આશય સાથે થાય તો ફિલ્મમેકિંગની મજા જ મરી જાય’ જેવી તેજાબી દલીલ અનુરાગે મુંબઈ છોડવા અંગે કરી છે.

અનુરાગના તર્ક સાથે સહમત થવું કે નહીં એ અંગત બાબત છે, પણ એક ટોચના અભિનેતાએ પણ દક્ષિણાયન તરફ ઈશારો કર્યો છે.

વાત છે પંજાબી પુત્તર સની દેઓલની. ‘ગદર ૨’ને મળેલી ધૂઆંધાર સફળતા પછી એક્ટર ફરી વ્યસ્ત થઈ ગયો છે. પાંચ ફિલ્મ સાથે એ સંકળાયો છે. જાટ, લાહોર ૧૯૪૭, બોર્ડર ૨, રામાયણઃ ભાગ ૧ અને સફર. આ પાંચમાંથી ચારનું ફિલ્માંકન વિવિધ તબક્કા પર છે અને ‘જાટ’ તૈયાર થઈ રિલીઝની પ્રતીક્ષામાં છે. તાજેતરમાં ફિલ્મનું ટ્રેલર જનતા સમક્ષ રજૂ કરવામાં આવ્યું ત્યારે સની ભાઈએ હળવા અંદાજમાં કહ્યું કે ‘યે ઢાઈ કિલો કે હાથ કી તાકત પૂરા નોર્થ દેખ ચૂકા હૈ. અબ સાઉથ દેખેગા.’

આવું વિધાન કરવાનું કારણ એ છે કે આ હિન્દી ફિલ્મનું નિર્માણ મુખ્યત્વે તેલુગુ ફિલ્મો સાથે સંકળાયેલું પ્રોડક્શન હાઉસ કરી રહ્યું છે.

ખુદ સની દેઓલે ‘જાટ’ના ટ્રેલર લોન્ચ વખતે ફિલ્મો બનાવવાની સાઉથની શૈલીની સ્તુતિ કરતા કહ્યું કે ’બોલિવૂડ પ્રોડ્યુસરો સાઉથના નિર્માતા પાસેથી શીખે, એમને અનુસરે એવી આશા હું રાખું છું. હિન્દી ફિલ્મવાળા પોતીકાપણું વિસરી ગયા છે. સાઉથની ફિલ્મોમાં સ્ક્રિપ્ટ હીરો હોય છે. સાઉથના મેકરો સાથે કામ કરવાની મને મજા પડી. મને લઈ બીજી ફિલ્મ બનાવવા હું એમને મનાવી રહ્યો છું. કોને ખબર, આવતી કાલે સાઉથમાં જ સ્થાયી થવાની ઈચ્છા થઈ આવે.’



અલબત્ત, સાઉથમાં સ્થાયી થવાની સનીની વાત રમૂજી ટોનમાં છે, પણ હિન્દી ફિલ્મ મેકરોનો કાન સની ભાઈએ જરૂર આમળ્યો છે અને ‘ઘાતક’, ‘દામિની’ અને ‘અર્જુન’ જેવી ફિલ્મો બનાવવાને પ્રાધાન્ય આપવા હિમાયત પણ કરી છે.

‘જાટ’ના ડિરેક્ટર ગોપીચંદ મલિનેની તેલુગુ ફિલ્મો બનાવવા માટે જાણીતા છે અને આ એમની પહેલી હિન્દી ફિલ્મ છે. એમણે કહેલી એક વાત હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા લોકોએ ધ્યાનમાં લેવા જેવી છે. ડિરેક્ટરે કહ્યું છે કે ‘હું સની સરની એક્શન ફિલ્મો જોઈને જ મોટો થયો છું. હું ફિલ્મ બનાવવાનું શરૂ કરું એ પહેલાં એમની ઘણી ફિલ્મો જોઈ લઉં છું. એમાંથી ‘દામિની’ મારી ફેવરિટ છે. મારે સાઉથના દર્શકોને ‘દામિની’ના સની દેઓલથી પરિચિત કરવા છે.’

હિન્દી ફિલ્મ ઉદ્યોગે સાઉથની ફિલ્મ ઈન્ડસ્ટ્રી પાસેથી ઘણું શીખવાનું - સમજવાનું છે એવી ચર્ચા જોરશોરથી ચાલી રહી છે ત્યારે ગોપીચંદની વાત સની દેઓલે જે કહ્યું (ઘાતક - દામિની જેવી ફિલ્મો બનાવો) એનો પડઘો જ છે ને.

સાઉથના ફિલ્મ મેકરોને એ વાત સુપેરે સમજાઈ ગઈ છે કે ફિલ્મ બનાવી મબલક કમાણી કરવી હશે તો હિન્દી ફિલ્મના દર્શકો થિયેટર સુધી દોડતા આવે એ જરૂરી છે. ‘પુષ્પા ૨’નું ૬૦ દિવસ પછીનું ભારતમાં કલેક્શન હતું ૧૨૦૦ કરોડ જેમાં હિન્દીમાં ડબ થયેલા વર્ઝનનો ફાળો ૮૩૫ કરોડ હતો. કુલ કલેક્શનના ૭૦ ટકા ! એની સામે સાઉથની ચાર ભાષાનો વકરો હતો ૩૬૫ કરોડ, જે આશરે ૩૦ ટકા થાય. મલાઈ ક્યાં છે એ બધા સમજી ગયા છે અને એટલે જ સાઉથનું પ્રોડક્શન હાઉસ સાઉથના જ ડિરેક્ટરને લઈને હિન્દી ફિલ્મ ‘જાટ’ બનાવવા પ્રેરાય છે. સાઉથની ભાષામાં બનેલી ફિલ્મ હિન્દીમાં ડબ કરવાના પ્રયાસ પછી હવે ‘જાટ’ હિન્દીમાં જ બનાવી સાઉથની ચાર ભાષામાં ડબ કરી રિલીઝ કરવાની કોશિશ કરવામાં આવે છે. નિર્માતાએ ફોડ નથી પાડ્યો, પણ ‘જાટ’ તેલુગુ ઉપરાંત અન્ય સાઉથની ભાષામાં ડબ કરી રિલીઝ થવાની શક્યતા ભારોભાર છે.

શાહરૂખ ખાનની ‘જવાન’થી ખૂબ ગાજેલા દિગ્દર્શક એટલી પણ શાહિદ કપૂર અને વીર પહાડિયા (‘સ્કાય ફોર્સ’ના રોલથી પ્રશંસા મેળવનાર એક્ટર)ને લઈ હિન્દી ફિલ્મ બનાવવાની વેતરણમાં છે. સંદીપ વેન્ગા ‘એનિમલ પાર્ક’ હિન્દીમાં જ બનાવવાના છે. ‘મન્જુમલ બોય્ઝ’ના દિગ્દર્શક એક હિન્દી ફિલ્મ તૈયાર કરવાની વેતરણમાં છે.

આમ ફિલ્મ મેકિંગ આજે એક રસપ્રદ વળાંક પર છે. ‘હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીવાળા ફિલ્મ કેવી રીતે બનાવવી એ સાઉથના મેકરો પાસે શીખવાની જરૂર છે’ એવું ગાઈ વગાડીને કહી રહ્યા છે તો બીજી તરફ સાઉથવાળા હિન્દીમાં ફિલ્મ બનાવવા તરફ વળી રહ્યા છે.

અમિતાભ બચ્ચને એકાદ મહિના પહેલા કહેલી વાત આ સંદર્ભમાં ફરી યાદ કરવી જરૂરી છે. બચ્ચનજીનું કહેવું હતું કે ‘હિન્દી ફિલ્મોની સરખામણીએ પ્રાંતીય ભાષાની ફિલ્મો બહેતર કમાણી કરી રહી છે એવું સાંભળવા મળી રહ્યું છે. જોકે, સાઉથના મેકરો તો હિન્દીમાં બનતી હતી એવી જ ફિલ્મો તૈયાર કરતા હોવાનું રટણ કરે છે. એ વરખ બદલી સુંદર બનાવી દે છે અને એટલે એમની ફિલ્મો દર્શકોની આંખોમાં વસી જાય છે. સાઉથના ઘણા ફિલ્મ મેકરો એમને કહ્યું છે કે એ લોકો જૂની હિન્દી ફિલ્મોને નવા સ્વરૂપમાં પેશ કરે છે.’

આ તો માળું ‘ઘરના છોકરા ઘંટી ચાટે અને ઉપાધ્યાયને આટો’ જેવું નથી લાગતું? ■

---

સ્ટાર-ચાર-કલાકાર
સંજય છેલ

# યાદોં કી બારાતઃ આજનાં નાટક... ત્યારનાં નાટક

સૌ પ્રથમ ‘વિશ્વ રંગભૂમિ દિવસ’ અવસરે સહુ પ્રેક્ષકો- કલાકારો-કસબીઓને લાખ લાખ વધામણાં .

ગયા અઠવાડિયે આપણે જોયું કે મહાન ભવાઇ પરંપરા ઉપરાંત, ૧૯મી સદીમાં સૌરાષ્ટ્રના બ્રાહ્મણોએ પૌરાણિક એતિહાસિક નાટકો ભજવવા માંડ્યા, તો મુંબઈમાં એનાથીયે પહેલાં પારસી નાટકો શરૂ થઇ ચૂકેલા. ૨૯ ઓક્ટોબર -૧૮૫૩ના રોજ ‘રૂસ્તમ, જાબુલી અને સોહરાબ’ નાટક રાત્રે ૮વાગ્યે, ગ્રાન્ટ રોડ થિયેટરમાં પહેલીવાર ભજવાયું. તો આજે ૧૭૨ વરસથી કમસેકમ મુંબઇમાં તો સતત ગુજરાતી નાટકો ભજવાય છે.

૧૮મી સદીમાં લોકનાટ્યોમાં વધતી અશ્લીલતા સામે શ્રી રણછોડભાઈ ઉદયરામ નામના વિદ્વાને સંસ્કારી નાટકો શરૂ કર્યા. વિક્ટોરિયા થિયેટરનું ‘હરિશ્ચંદ્ર’ નાટક, લેખક કેખુશરુ કાબરાજીના ફેરફાર સાથે ભજવાયું, ત્યારે હિન્દુઓમાં એટલું બધું લોકપ્રિય નીવડ્યું કે બહાર ખાસ માણસો રાખવા પડતા, જે બાળકોને ‘હીંચકા ઝોળી’માં સાચવે જેથી માતાઓ નાટક જોઈ શકે! આ જ નાટકે ગાંધીજીનાં મનમાં ઊંડી છાપ છોડેલી અને મહાત્મા થવાનાં બીજ વાવેલાં. પછી ‘નળદમયંતી’ની સફળતા બાદ બે મોટા નિર્માતા નરોત્તમ મહેતા અને શ્રી ફરામજી દલાલ વચ્ચે અણબનાવ થયો. મહેતાએ સ્વતંત્રપણે ‘નાટક ઉત્તેજક મંડળી’ શરૂ કરી, જેમાં શ્રી રણછોડભાઈ ઉદયરામનું ‘લલિતા દુઃખદર્શન’ રજૂ થયું. પહેલી




વાર શુદ્ધ ગુજરાતી એવી હિંદુ નાટકમંડળી અસ્તિત્વમાં આવી. આજની જેમ જ ત્યારે નાટકોનાં રિહર્સલ્સ સ્કૂલોમાં સાંજે થવા માંડ્યાં. પછી શ્રી ગુજરાતી નાટક મંડળી, શ્રી આર્યસુબોધ નાટક મંડળી, નીતિદર્શક મંડળી વગેરે ઊભી થઈ એટલે લેખકોની જરૂરિયાત ઉભી થઈ. કેખુશરુ કાબરાજી જેવાં કલાપારખુ પારસી નાટ્યકારે કવિ નર્મદને નાટક લખવા આમંત્રણ આપ્યું. નર્મદે ‘રામજાનકી દર્શન’ લખી આપ્યું, પણ આજનાં નાટકોમાં જે રીતે ફિલ્મી આઈટમ સોંગ્સ ઉમેરાય છે એમ ત્યારે પણ કાબરાજીએ ગીતો પણ ઉમેરાવ્યાં, જે કવિ નર્મદને નહોતું ગમ્યું! આ જ નાટક ‘સીતાહરણ’ નામે ૨૫ મે, ૧૮૭૮ની રાત્રે રજૂ થયું ત્યારે પુષ્ટિમાર્ગી ગોસ્વામીજીથી માંડીને કાશીના પંડિતો, મુંબઈના શેઠિયાઓ હાજર હતાં. રામ- સીતાની એન્ટ્રી થતાં જ પ્રેક્ષકોએ સાષ્ટાંગ નમસ્કાર કર્યા.

આ તરફ, કવિ નર્મદ ‘સ્વ-અનુભવ-રસિક’ નાટ્યકાર લેખાયો, જેનાં નાટકોમાં સંવાદ ને કાવ્ય વિશેષ હતાં. નર્મદનાં ‘દ્રૌપદીદર્શન’, ‘સારશાકુન્તલ’, ‘બાલકૃષ્ણ વિજય’ વગેરે નાટકો પણ ભજવાયાં. આવાં ધાર્મિક નાટકોમાં ભીડ જામતી અને છેક ત્યારે પણ ખાસ પાર્કિંગની વ્યવસ્થા કરવી પડતી. ઉપરાંત ટાંગા ને પાલખીનું પણ પાર્કિંગ તો કરવું જ પડેને?!

એ પછી મુંબઈનાં નાટકોનો પ્રભાવ જોઈ નવી રીતે સૌરાષ્ટ્રના ઝાલાવાડી બ્રાહ્મણોએ, મોરબીની આસપાસ વાઘજી આશારામ ઓઝા અને એમના નાના ભાઈ મૂળજી ઓઝા સાથે શરૂઆત કરી. આમ મોરબી-વાંકાનેરમાં વ્યવસ્થિત રંગભૂમિ શરૂ થઈ. પછી ‘મોરબી આર્ય સોબોધ’, ‘દ્વારકા નૌતમ નાટક મંડળી’, ‘હળવદ સત્યસુબોધ’, ‘દેશી નાટક સમાજ’ વગેરે અસ્તિત્વમાં આવી. ૧૮૩૩માં ‘શ્રી મોરબી આર્ય સુબોધ નાટકમંડળી’ એ ‘ભર્તૃહરિ’ નાટક છપાવ્યું, જેની પ્રસ્તાવનામાં લખેલું કે ‘આ નાટક ૧૦૦ વાર ભજવાઈ ચૂક્યું છે!’

હવે ૧૮૭૦ સુધીમાં સાહિત્યકારોએ પણ નાટકનો આભડછેટ છોડી દીધેલો. નર્મદ-દલપતથી લઈને ‘લહેરી’ સુધી અનેક લેખકો નાટ્ય ક્ષેત્રમાં પ્રવેશતાં ગયા. એમનાં નાટકોનાં ગીતોને લોકો આઠ-આઠ દસ-દસ વાર વન્સમોર કરાવતાં. અને ક્યારેક તો નાટકની અસરમાં લોકો સંન્યાસ પણ લઈ લેતા. બસ, પછી તો જૂની-નવી ગુજરાતી રંગભૂમિ આગળને આગળ વધતી જ ગઈ, વધતી જ રહી છે. અફસોસ કે આપણી સુખીસમૃદ્ધ ગુજરાતી પ્રજા પાસે સદીઓ જૂનાં નાટકોનું મ્યુઝિયમ કે લાઈબ્રેરી નથી!

છેલ્લાં ૭૫-૮૦ વર્ષમાં આધુનિક રંગભૂમિએ અનેક તડકી છાંયડી જોઇ છે. જૂની રંગભૂમિમાં મા.શશરફ ખાન, છગન રોમિયો કે જયશંકર ‘સુંદરી’ અને પ્રભુલાલ દ્વિવેદી, રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટ, કવિ પ્રાંતિજ જેવા લેખકો ગીતકારો થઇ ગયા, જેમનાં સંગીત નાટક જોવા ગુજરાતથી ખાસ ટ્રેન આવતી. જયશંકર સુંદરી જ્યારે સ્ત્રીવેશે સજીધજીને તખ્તા પર આવતા ત્યારે શેઠિયાઓ પોતાની પત્નીને સુંદરીનો ખાસ શણગાર જોવા લાવતા.

એ પછીના દશકમાં દીના પાઠક (ગાંધી), વિષ્ણુકુમાર વ્યાસ, હની છાયા, જશવંત ઠાકર, માર્કંડ ભટ્ટ, પ્રતાપ ઓઝા, ચાંપશીભાઇ નાગડા જેવા અનેક કલાકારોએ જાતજાતનાં અદ્‌ભુત નાટકો આપ્યા. કેટલાંક કલાકોએ તો ‘ઇપ્ટા’ સંસ્થા સાથે મળીને આઝાદીનાં આંદોલન માટે ખાસ નાટકો કર્યા. આઝાદી બાદ આવી મોડર્ન રંગભૂમિ, જેમાં અદી મર્ઝબાન, મધુકર રાંદેરિયા, જયંતિ પટેલ રંગલો, ચંદ્રવદન ભટ્ટ, કૃષ્ણા શાહ, પ્રવીણ જોશી, કાંતિ મડિયા, ઉપેન્દ્ર ત્રિવેદી, અરવિંદ ત્રિવેદી, અરવિંદ પંડ્યા, સરિતાબેન જોશી, પદ્મારાણી, અરવિંદ જોશી, દીપક ઘીવાલા, રાગીણીબેન, મીનળ પટેલ, લાલુ શાહ, જગદીશ શાહ, કલ્પના દીવાન, જયંત વ્યાસ, દીનુ ત્રિવેદી, દિન્યાર કોંટ્રેક્ટર, બરજોર રુબી પટેલ, અમૃત પટેલ, અશોક ઠક્કર અરવિંદ ઠક્કર, શૈલેષ દવે, વગેરે કલાકાર નિર્દેશકોએ બોક્સ ઓફિસ પર લોકોને ખેંચી લાવવાનું કામ કર્યું.

ત્યાર બાદ ૧૯૭૦-૮૦ની પેઢીમાં હોમી વાડિયા, પરેશ રાવળ, લતેશ શાહ, સુજાતા મહેતા, સુરેશ રાજડા, ફિરોઝ ભગત, દિનકર જાની, શફી ઇનામદાર, મહેન્દ્ર જોષી, કમલેશ મોતા, ઉત્કર્ષ મઝુમદાર, સનત વ્યાસ જેવા કલાકાર નિર્માતા નિર્દેશકો આવ્યા.

જોકે, ૧૯૫૦ પછી રંગભૂમિ, બહુરુપી, આઇ.એન.ટી. કે નાટ્યસંપદા જેવી સંસ્થાઓનાં નાટકોએ અનેક સુંદર નાટકો આપ્યા. લેખકોમાં ચુનીલાલ મડિયા, ચંચી. મહેતા, પ્રબોધ જોશી, તારક મહેતા કે પ્રવીણ સોલંકી, સિતાંષુ મહેતા, લાભશંકર ઠાકર, ચીનુ મોદી, ભદ્રકાંત ઝવેરી, ચદ્રકાંત શાહ, વિહંગ મહેતા, વિલપિન દેસાઇ, જ્યોતિ વૈદ્ય, પ્રકાશ કાપડિયા, મિહિર ભૂતા, સ્નેહા દેસાઈ, નૌશિલ મહેતા, ઇમ્તિયાઝ પટેલ અને જેવા અનેક લેખકોએ સફળ નાટકો લખ્યાં. આ બધા વચ્ચે છેલ- પરેશ, વિજય અને સુવર્ણ કાપડિયા, નારાયણ મિસ્ત્રી, ગૌતમ જોશી, સુભાષ આશર, પ્રા.સુરેશ અને ભૌતેષ વ્યાસ, શરદ વ્યાસ ભૂપેન ચોવટિયા જેવા અનેક ટેક્નિશિયનોએ રંગભૂમિ સજાવી ગજાવી.

આજેય સિદ્ધાર્થ રાંદેરિયા, મનોજ જોશી, સંજય ગોરડિયા, વિપુલ મહેતા, કૌસ્તુભ ત્રિવેદી,જેડી-આતિશ કાપડિયા, ઉમેશ શુક્લા, મનોજ શાહ, નિમેશ દિલીપરાય, અમી ત્રિવેદી, આશિષ ભટ્ટ, કે.બી, ધર્મેન્દ્ર ગોહિલ, કમલેશ ઓઝા, વિપુલ વિઠ્ઠલાણી, ભરત ઠક્કર વગેરે કલાકારો નિર્માતા નિર્દેશકો સારાં નાટકો આપવા પોતપોતાની રીતે સતત મથે રાખે છે. લલિત શાહ અને ભારતીય વિદ્યા ભવન્સ જેવી સંસ્થા ૧૫-૧૬ વરસથી નાટ્ય સ્પર્ધા યોજીને નવા કલાકારોને તખ્તા પર પોતાનો કસબ દેખાડવાની તક આપે છે. આમ છતાં, આપણી રંગભૂમિનો આપણી પાસે વિગત વારનો અધિકૃત ઇતિહાસ નથી! કારણ કે આપણી મેન્ટાલીટી છેઃ આ બધામાં આપણાં કેટલાં ટકા?!

આ લેખ પાક્કા રિસર્ચનો નથી, આ તો આછેરો ફલેશબેક છે. વડલાની નીચે દાદાજી પાસે કોઇ બાળક જેમ જૂની દંતકથાઓ સાંભળે તેમ અમે આ વાતો સાંભળી છે, વાંચી છે. જો કોઈ નામ રહી ગયું હોય કે ભૂલચૂક હોય તો હે વાચકો પ્રેક્ષકો કલાકારો અને હે રંગદેવતા નટરાજ, ક્ષમા કરજો. એ જમાનાના નાટકની પ્રાર્થના દોહરાવું છુંઃ

‘ઓ સભાજનો, હવે રાખજો તમો,
સદા પ્રસન્ન મનથી; રજા લઈએ અમો,
ભૂલચૂક ખામી ખોડ, ખેલે ખેલ આજ સુધારા
માટે, માફી માંગે આ સમાજ!’ ■

---



# સાત્વિકમ્ શિવમ્

અરવિંદ વેકરિયા

# સફળ લોકો તક શોધે તો અસફળ લોકો બહાનાં

કાસ્ટિંગ તો લગભગ પૂરું થઈ ગયું. રિહર્સલ પાર્લા-વેસ્ટમાં આવેલી રાષ્ટ્રીય શાળામાં રાખવાનું નક્કી કર્યું. બે કારણ, એક તો વચ્ચેનું સબર્બ, બીજું નિર્માતા ડોલર પટેલ પાર્લામાં રહે. હવે માત્ર ડોલર પટેલ નહીં, નિર્માતા તરીકે સુભાષ ખન્ના પણ જોડાયા. આ પંજાબીનું કામ ફિલ્મ અને સિરિયલોમાં લાઈટ સપ્લાયનું. ડોલરની સિરિયલોમાં લાઈટ એની જ ‘સ્પોટ લાઈટ’ કંપનીમાંથી આવતી અને એ કારણે કદાચ બંનેનું ટ્યુનિંગ જામ્યું હોવું જોઈએ. હવે નાટક ડોલર પટેલનાં બેનર હેઠળ રજૂ કરવું એવી જીદ હતી. એને પોતાનું બેનર સ્થાપિત કરવું હતું. નવા બેનર તળે થિયેટર મળવા મુશ્કેલ. એ કહેતો કે મને રવિવાર નહીં મળે તો આડા વારે પણ શો કરવાની છાતી છે. કદાચ છાતી બેસી ન જાય અને આર્થિક સહાય રહે એટલે જ સુભાષ ખન્ના નામનું બખ્તર ચડાવ્યું હશે. સંજોગો તમને બદલે એ પહેલાં તમે સંજોગને બદલો એ ગણિત આ ભાગીદારી માટે કામ કરતું હશે.

રિહર્સલ શરૂ કરી દીધા. નાટકની જાહેરખબર માટે ડોલરે મનહર ગઢિયાને (કાજલ એડ્સ) પી.આર.ઓ. તરીકે પસંદ કર્યો...રિહર્સલમાં એ પણ આવતો થયો. મનહરે અંજલિના ‘બોલ્ડ’ ફોટો શૂટ માટે ઉમેશ મહેતા સાથે નક્કી કરી લીધું. ઉમેશે ચીંધેલી અંજલિ ઉપરની આંગળી હવે ઉમેશના કેમેરા પર ફરી કમાણી કરવાની હતી. નાટક ધીમે ધીમે શેપ પકડી રહ્યું હતું. સહાયક તરીકે ઉમેશ પારેખ સારી મદદ કરી રહ્યો હતો.

પહેલા મને ભય હતો કે નાના ભાઈનો રોલ એ કરી શકશે? ફિરોઝ ભગત જેવા નીવડેલા દિગ્દર્શકનાં સહાયક તરીકે સારું કાઠું કાઢ્યું હતું. એક તો માંડ બધું ગોઠવાયું હતું એટલે મેં ચિંતા છોડી દીધી. ચિંતા કરવાનું અને મન પર લેવાનું છોડી દો, લોકો આપોઆપ તકલીફ દેવાનું પણ છોડી દે. ઉમેશ સેન્ટ્રલ બેંકમાં કામ કરતો અને રહેતો અંધેરી. બેંકમાંથી એ કોઈ પણ સમયે આવી શકતો અને પાર્લાથી અંધેરી જ જવાનું હોય એટલે અમે મોડે સુધી બેસી નાટક માટે ચર્ચા કરી શકતા. મારું અને ઉમેશનું સારું જામવા માંડ્યું. સમજો ને કે ઘરેલું સંબંધ બંધાય ગયો, ખરેખર! પૈસાથી અમીર બનવા કરતા સંબંધથી અને દિલથી અમીર બનીએ તો ક્યારેય પાછા ન પડવું પડે.

મનહર ગઢિયાએ જા.ખ. માટે આખું નાટક પોતાની રીતે ‘વિઝ્યુલાઈઝ’ કર્યું અને મને સમજાવ્યું. વિષય બોલ્ડ હતો એટલે અંજલિના ફોટોગ્રાફ એણે ઉમેશ પાસે એ રીતે જ પડાવ્યા હતાં અને અંજલિ અને એની મમ્મીએ કોઈ વાંધો પણ નહોતો લીધો. એમની વાત સાચી હતી કે ‘છાસ લેવી હોય તો દોણી શા માટે સંતાડવી? સફળ લોકો તક શોધે છે જ્યારે અ-સફળ લોકો બહાનાં!

હવે મૂળ વાત...રિહર્સલ ક્યાં સુધી ચાલુ રાખવા? રવિવારનું થિયેટર નાટકના વિષયને કારણે મળવું મુશ્કેલ બની રહ્યું હતું. ‘ વાત મધરાત...’ વખતે થોડું ‘હળવું’ હતું. હવે તો મુંબઈનું સેન્સર બોર્ડ પણ ‘કડક’ બની ગયું હતું. ભલું થજો બુકિંગ ક્લાર્ક પ્રભાકરનું કે થોડા ‘કટ્સ’ સાથે પર્ફોર્મિંગ લાઈસન્સ મેળવી આપ્યું. એમણે કહ્યું, ‘કટ્સ આપ્યા છે તે કદાચ ન થઈ શકે તો કોઈ વાંધો નહીં. લગભગ તો કોઈ ચેક કરવા આવશે જ નહીં અને આવશે તો અમારાં સંપર્કથી જ આવશે એટલે મામલો અમે સંભાળી લઈશું.’ આ ધરપત મોટી હતી.

નાટકની લેખની ઈમ્તિયાઝની ઘણી હળવી અને રમૂજી હતી. એના ‘વન-લાઈનર’ ખૂબ જ હાસ્યસભર હતા અને એ જ કારણ હશે કે આગળ જતાં એને બાલાજીની લોકપ્રિય સિરિયલ ‘હમ પાંચ’ લખવા મળી. માણસે હસવું જોઈએ. પ્રોબ્લેમ એ છે કે માણસે હાસ્યને ફિક્સ્ડ ડિપોઝિટમાં મૂક્યું છે અને ટેન્શનને કરંટ ખાતામાં. ખુશ રહેવું હોય તો ખાતું બદલાવવાની જરૂર છે અને આ વાત ઈમ્તિયાઝ પટેલનાં લખાણમાં હતી. લાગે નહીં કે ઈમ્તિયાઝનું આ પહેલું નાટક હશે. મારાં અનુભવથી મેં સૂચનો જરૂર કરેલાં પણ મગજ એણે ચલાવેલું. ભણતરથી શબ્દ સમજાય, અનુભવથી અર્થ. મારા સૂચને એનાં ભણતરને અર્થ સમજાવી દીધો.

રજૂઆત માટે જ્યારે રવિવાર મળવાની શક્યતા દેખાતી નહોતી ત્યારે મેં ડોલરને કહ્યું, ‘નાટક તો કાલે તૈયાર થઈ જશે, પણ તૈયાર કરીને કરીશું શું? જ્યાં રજૂઆત માટે ‘પ્લેટફોર્મ’ જ નહીં હોય!’ ડોલર કહે, ‘આડા વારે રજૂ કરીશું એમાં શું?’ મેં કહ્યું. ‘રવિવારે રજૂ થાય તો કલેક્શન ઠીક-ઠીક આવે, આડા વારે રજુ કરવું એ લોઢાના ચણા ચાવવા જેવું છે.’

એ મને કહે, ‘મને અને સુભાષને કોઈ ફરક નહીં પડે. અમારું ગુમાવવાનું બજેટ ફિક્ષ નથી. અમે આડા વારે ચલાવતાં રહીશું અને નાટક જે રીતે બન્યું છે, આ નાટક ચાલશે જ!’

મને આ જવાબમાં અભિમાન દેખાયું. મેં કહ્યું, ‘ડોલર, આ અંહકાર છે, અહીં ભલભલા આવા ગુમાનમાં ઘર ભેગા થઈ ગયા છે.

અહંકાર એટલે વહાણનાં તળિયામાં પડેલું કાણું, નાનું હોય કે મોટું...અંતે તો ડુબાડે જ !’

‘દાદુ, તમારામાં હિમ્મત જ નથી. આ નાટક ડુબાડશે નહીં, તારશે..લખી રાખજો.’

હું મૂક બની એને જોઈ રહ્યો. હવે જ્યારે આડા વારે જ રજૂ કરવાનું છે તો દિવસ નક્કી કરી અને ટાઈટલ ફાઈનલ કરી લેવું પડશે. ■



ડબલ રિચાર્જ

‘આઈ લવ યુ’ કરતાં પણ વધુ અસરકારક શબ્દો :


‘હું વાસણ ઘસી નાખીશ, તું ગરબા રમવા જા.’


હેન્રી શાસ્ત્રી

ફ્લેશ બેક

# બહેનોનું ગીત બહેનો પર પિક્ચરાઈઝ થયું

**'રાજા બાબુ'નું ગીત રેકોર્ડ થઈ ગયા પછી એના ફિલ્માંકનને કારણે એક ગાયિકાના માથે માછલાં ધોવાયાં હોવાની આ ઘટના જાણવા જેવી છે**


'આઝાદ'નું યુગલ ગીત 'અપલમ ચપલમ'


ઉષા મંગેશકર – લતા મંગેશકર

૧૯૫૫નું વર્ષ હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી માટે કેટલીક નવાઈ લાવ્યું હતું. દિલીપ કુમારની 'આઝાદ' વર્ષની સૌથી સફળ પાંચ ફિલ્મમાં બીજા નંબરે હતી. તમિલ ફિલ્મની રિમેક 'આઝાદ' દિલીપકુમાર માટે ટોનિક સાબિત થઈ હતી. ડોક્ટરોએ ટ્રેજેડી ફિલ્મો કરવા પર પ્રતિબંધ મૂક્યા પછી દિલીપ કુમાર માટે આ કોમેડી ફિલ્મ અંગત રીતે વરદાન સાબિત થઈ હતી. માનસિક રાહત મળી અને છોગામાં બીજો 'ફિલ્મફેર' એવોર્ડ પણ મળ્યો દિલીપસાબને. ટ્રેજેડી ક્વીનનું લેબલ ધરાવતાં મીના કુમારી પણ હલકા ફુલકા રોલમાં નજરે પડ્યા. સંભવતઃ પહેલી વાર મીનાજી ફિલ્મમાં ઘોડેસવારી કરતાજોવા મળે છે અને 'મૈં અપના વર ખુદ તલાશ કરુંગી' તેમજ ગુંડાઓને 'બદમાશ, કુત્તે, કમીને' કહે છે. જી હા, એ જમાનામાં ધર્મેન્દ્ર ટાઈપના આ ડાયલોગ મીના કુમારીના છે.!

ફિલ્મના ગીત – સંગીત પણ ખાસ્સા લોકપ્રિય થયા હતા જેનો એક સવિસ્તર લેખ ફરી ક્યારેક. ફિલ્મમાં બધું મળીને કુલ નવ ગીત હતા જેમાંથી આઠ (પાંચ સોલો અને ત્રણ ડ્યુએટ)માં લતા દીદીનો સહભાગ હતો. ત્રણ યુગલ ગીતમાં એક હતું ***અપલમ ચપલમ, ચપ લાઈ રે દુનિયા કો છોડ તેરી ગલી આઈ રે આઈ રે આઈ રે*** હજી આજે પણ સંગીત શોખીનોના સ્મરણમાં સચવાયું હશે. ગીતકાર હતા રાજીન્દર કૃષ્ણ અને સ્વરાંકન હતું સી. રામચંદ્રનું. આ ગીતની લાક્ષણિકતા એ છે કે ભરતનાટ્યમમાં નિષ્ણાત સાઈ અને સુબ્બલક્ષ્મી નામની બે બહેન પર પિક્ચરાઈઝ થયું છે. આ બંને બહેનોએ ૧૯૫૪થી ૧૯૬૩ દરમિયાન ૧૦ વર્ષમાં ૨૦ ફિલ્મમાં નૃત્યગીત પેશ કર્યા છે, જેમાં ચાર હિન્દી ફિલ્મોનો સમાવેશ છે. 'આઝાદ' એમની પહેલી હિન્દી ફિલ્મ હતી અને આ ગીત ગાયું છે લતા મંગેશકર અને ઉષા મંગેશકરે. બે બહેનો પર પિક્ચરાઈઝ થયેલું ગીત પણ બે બહેનોએ જ ગાયું હોય એવો આ પ્રથમ પ્રસંગ હશે.

'આઝાદ' પછી ૧૯૫૬માં આવેલી રાજ કપૂર – નરગીસની 'ચોરી ચોરી'ના એ સમયે ખાસ્સા લોકપ્રિય થયેલા ***મનભાવન કે ઘર જાયે ગોરી, ઘૂંઘટ મેં શરમાયે ગોરી, બંધી રહે યે પ્યાર કી ડોરી, હમેં ના ભુલાના*** પણ આ બંને બહેનો પર જ ચિત્રિત કરવામાં આવ્યું હતું. આ ગીત પણ બે બહેનોએ જ ગાયું હતું, લતા મંગેશકર અને આશા ભોસલેએ. એલ.વી. પ્રસાદની રાજ કપૂર – મીનાકુમારી અભિનીત 'શારદા'માં 'જોરૂ કા ગુલામ' ગીત પર પણ બંને બહેનોએ નૃત્ય કર્યું છે, જે ગાયું છે આશા ભોસલે અને શમશાદ બેગમે. બંને બહેનો પર ફિલ્માવાયેલું ચોથું ગીત છે 'ભરોસા' ફિલ્મનું 'ધડકા ઓ દિલ ધડકા' જેને પ્લેબેક આપ્યું છે બે બહેનો લતા મંગેશકર અને આશા ભોસલેએ. નૃત્ય અને પાર્શ્વ ગાયનની આવી જુગલબંધીનો જોટો ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં જડવો મુશ્કેલ છે.

## પાડાના વાંકે પખાલીને ડામ

અમિતાભ બચ્ચન સાથે ફિલ્મો બનાવવાનો સિલસિલો શરૂ કર્યો એ પહેલા મનમોહન દેસાઈએ૧૯૭૦ના દાયકામાં રાજેશ ખન્ના ઉપરાંત અન્ય અભિનેતા સાથે ફિલ્મો બનાવી હતી. એમાં એક ફિલ્મ હતી 'આ ગલે લગ જા'. ફિલ્મના મુખ્ય કલાકાર હતા શશી કપૂર, શર્મિલા ટાગોર ને શત્રુઘ્ન સિન્હા. અનેક હિન્દી હિટ ફિલ્મો સાઉથની રિમેક તરીકે પ્રખ્યાત છે. 'આ ગલે લગ જા' પરથી તેલુગુ અને તમિળમાં રિમેક બની હતી. બોક્સ ઓફિસ પર ફિલ્મ સફળ થઈ હતી, અને એના ગીત – સંગીત ખાસ્સા લોકપ્રિય થયાં હતાં. ગીતકાર હતા સાહિર લુધિયાનવી અને સંગીતકાર હતા રાહુલ દેવ બર્મન. એસ. ડી. બર્મન સાથે ૧૮ ફિલ્મ કરનારા સાહિર સાબે આર. ડી. સાથે ચાર ફિલ્મ કરી હતી. 'આ ગલે લગ જા'ના ગીત – સંગીતને લોકપ્રિયતા મળી હતી અને 'વાદા કરો નહીં છોડોગી તુમ મેરા સાથ' અને 'તેરા મુજસે હૈ પહેલેકા નાતા કોઈ' આજે પણ સંગીત રસિકો ગણગણતા જોવા મળે.'તેરા મુજસે હૈ પહેલેકા નાતા કોઈ' નેપાળની બાળ ગાયિકા સુષ્મા શ્રેષ્ઠએ ગાયું હતું. આ ગાયિકાએ યુવાનવયે પૂર્ણિમાના નામે ઘણાં ગીતો ગાયા છે. એક ગીત માટે એના માથે માછલાં ધોવાયા હતા, અલબત્ત, એમનો કોઈ વાંક ન હોવા છતાં.

ગોવિંદા – કરિશ્મા કપૂરની ફિલ્મ 'રાજાબાબુ'માં પૂર્ણિમાનું કુમાર શાનુ સાથે એક યુગલ ગીત હતું સરકાઈલો ખટિયા જાડાલગે, જાડે મેં બલમા પ્યારા લગે. ફિલ્મ રિલીઝ થયા પછી આ ગીત પડદા પર વલ્ગર અને બેહૂદું લાગે છે એવી ચારેકોરથી ટીકા કરવામાં આવી હતી અને અને અસ્સલ લતા દીદી સાથે થયું હતું એમ 'આવું ગીત કેમ ગાયું?' એવી પસ્તાળ પૂર્ણિમા પર પાડવામાં આવી હતી.

એ સમયે પૂર્ણિમા સાથે ફોન પર વાતચીત કરી હતી ત્યારે ગાયિકાએ બચાવ કર્યો હતો અને એમનો ખુલાસો સાંભળી પૂર્ણિમાનો કોઈ વાંક નથી એ સમજાઈ ગયું હતું. પૂર્ણિમાએ કહ્યું હતું કે 'ગીતના શબ્દો 'સરકાઇ લો ખટિયા જાડા લગે, જાડે મેં બલમા પ્યારા લગે'માં જરાય અશ્લીલતા નથી. ગીતના શબ્દોનો ભાવ કંઈક આવો છે કે મોસમ ઠંડીની છે (જાડા એટલે ઠંડી) અને આવી મોસમમાં પ્રિયતમ નિકટ હોય તો વધુ ગમે. એમાં શું અશ્લીલ છે? તકલીફ થઈ છે ગીતના પિક્ચરાઈઝેશનને કારણે. એ જે રીતે પિક્ચરાઇઝ થયું છે એને કારણે એ બેહૂદું લાગે છે.'

તમે પહેલા ગીતનો ઓડિયો સાંભળો અને પછી એ પડદા પર જોશો તો પૂર્ણિમાની દલીલ કેટલી સચોટ અને જડબેસલાક છે એનો ખ્યાલ આવે છે. આ તો પેલી ગુજરાતી કહેવત 'પાડાને વાંકે પખાલીને ડામ' જેવું થયું કહેવાય. ■




મહેશ નાણાવટી

# મોટા ફિલ્મ-સ્ટારના નાના-મોટા 'પ્રેન્કસ'

અમુક ફિલ્મસ્ટાર શૂટિંગ વખતે બીજાઓ સાથે નટખટ તોફાનો કરવા માટે ખાસ્સા જાણીતા (અથવા કુ-ખ્યાત !) છે, આમિર ખાન એમાંનો એક છે.

ફિલ્મ 'ઈશ્ક'ના શૂટિંગ વખતે વચમાં નવરા પડેલા આમિર ખાને બહુ ગંભીરતાથી જુહી ચાવલાને કહ્યું, 'લાવ તારો હાથ જોઈ આપું. હું જ્યોતિષ જાણું છું.' આમ કરીને જુહીનો હાથ પોતાના હાથમાં લઈને આમિરે અગડમ બગડમ ભવિષ્યવાણીઓ કરવા માંડી. જુહી પણ જાણતી હતી કે આ બધું મસ્તીમાં થઈ રહ્યું છે, પરંતુ એણે જુહીનો હાથ એકદમ પોતાની નજીક લઈને બહુ બારીકાઈથી જોવા માંડ્યું... અને પછી એ અચાનક જુહીની હથેળીમાં થૂંકયો!

કહેવાય છે કે જુહી ચાવલા આવી વિચિત્ર હરકતથી એટલી બધી ચિડાઈ ગઈ હતી કે આખી ફિલ્મના શૂટિંગ દરમિયાન આમિર સાથે વાત જ ના કરી. (કેમેરા સામે દૃશ્ય ભજવવું પડે તે બાદ કરીને) જોકે પાછળથી જાણવા મળ્યું કે આમિર આ જ ટાઈપનું તોફાન અગાઉ એની બીજી હીરોઈનો જેમ કે મનીષા કોઈરાલા, માધુરી દીક્ષિત, રાની મુખરજી વગેરે. સાથે કરી ચૂકયો હતો, પરંતુ જુહીની કમાન છટકી તે ઘણા સમય સુધી છટકેલી જ રહી હતી.

અક્ષય કુમાર પણ એની તોફાની હરકતો માટે જાણીતો છે. એ પોતે પાછો ખૂબ સારો રસોઈયો પણ છે. ફિલ્મ 'અતરંગી રે'ના શૂટિંગ દરમિયાન ક્યારેક અક્ષય કુમારને મન થાય તો પોતાની મનગમતી વાનગી બનાવીને તે યુનિટના સભ્યોને ખવડાવીને સૌને ખુશ કરતો હતો. એવા જ એક પ્રસંગે અક્ષયે સારા અલી ખાનને એક સફેદ લાડુડી આપતાં કહ્યું 'લો, યે પ્રસાદ હૈ!' સારા ખાને એ લાડુડી સીધી મોંમાં મૂકી દીધી. પછી ખ્યાલ આવ્યો કે એ આખી લાડુડી છુંદેલા લસણમાંથી બનાવેલી હતી!

આમિર ખાનની વધુ એક સ્ટાન્ડર્ડ પ્રેક્ટિકલ મસ્તી એવી હતી કે આમિર હાથમાં કપ રકાબી સાથે ચા પી રહ્યો હોય ત્યાં એના હાથમાંથી કપ છટકી જાય! સામે ઊભેલી વ્યક્તિ (મોટે ભાગે હીરોઈન) ડરીને, ઉછળીને દૂર ભાગે ત્યારે ખબર પડે કે કપ તો ખાલી છે! એટલું જ નહીં, એને એક દોરી વડે આમિરે બાંધી રાખ્યો છે!

અજય દેવગણ દેખાવે ખૂબ જ ગંભીર ટાઈપનો લાગે છે પણ એ કંઈ ઓછી માયા નથી. ફિલ્મ 'બોલ બચ્ચન' શૂટિંગ જ્યારે એક જુના કિલ્લામાં ચાલી રહ્યું હતું ત્યારે તેણે અભિષેક બચ્ચનને ચડાવ્યો કે 'આપણે યુનિટવાળાઓને બીવડાવીએ... તું રાતના સાડી પહેરીને કિલ્લામાં આંટા મારજે!'

અભિષેક માની ગયો. પણ એ ભાઈ સાહેબ જ્યારે અડધી રાત્રે સાડી પહેરીને પગમાં ઝાંઝર સાથે આંટા મારતા હતા ત્યારે અજય દેવગણે બધાને જગાડીને આ સીન બતાડતાં કહ્યું કે 'અભિષેકને બિચારાને ક્રોસ ડ્રેસિંગની (સ્ત્રીના કપડાં પહેરવા) માનસિક બીમારી થઈ ગઈ છે! એટલે એની દબાયેલી ઈચ્છાને સંતોષવા માટે રાતના ટાઈમે સાડી પહેરીને નીકળે છે !'

અક્ષય કુમારના અમુક 'પ્રેન્ક' ઘણીવાર બહુ ખતરનાક હોય છે. 'જોલી LLB 'ના શૂટિંગ વખતે અક્ષય કુમારે કોઈ રીતે હુમા કુરેશીનો મોબાઈલ સરકાવી લીધો, પછી એના કોન્ટેક્ટ લિસ્ટમાં જે જુવાન, પ્રૌઢ પુરુષોનાં નામો દેખાયાં એ બધાંને સિરિયસ અને રોમેન્ટિક મેસેજ મોકલ્યો કે 'મારે તમારી સાથે લગ્ન કરવાં છે!'

આમાંથી અમુક લોકોએ સામા ફોન કરવા માંડ્યા ત્યારે હુમા કુરેશી સાવ બઘવાઈ ગઈ હતી! જોકે અક્ષયે પોતાનું નટખટ કારસ્તાન જાહેર કરી દીધું પછી પણ બિચારી હુમાએ બધાને ખુલાસાના મેસેજો કરવા પડ્યા હતા.

સિરિયસ દેખાતા અજય દેવગણે એક વાર 'સન ઑફ સરદાર'ના શૂટિંગ વખતે લગભગ આખા યુનિટના સભ્યોની જીભ તમતમાવી નાંખી હતી. વાત એમ હતી કે સેટ ઉપર આવતાંની સાથે અજયે કીધું કે 'તમારા લોકો માટે હું આજે મસ્ત ગાજરનો હલવો લાવ્યો છું. યાર, મેં આનાથી સ્વાદિષ્ટ ગાજરનો હલવો મારી જિંદગીમાં ખાધો નથી!'

ઉત્સાહથી હલવો મોંમાં મુકતાંની સાથે જ સૌના સિસકારા બોલી ગયા! કેમકે એની જે લાલાશ હતી તે તીખાં લાલ મરચાંને લીધે હતી!

આ તમામ કિસ્સાઓની ટક્કર લે તેવો એક કિસ્સો સંજય દત્તે એક ટીવી શોમાં શેર કર્યો હતો. આ ઘટના સિમલામાં બની હતી 'એક ઔર એક ગ્યારહ'ના શૂટિંગ વખતે...

વાત એમ હતી કે દત્તુ નામના એક કેમેરામેન જ્યારે જ્યારે કોઈ શોટનું લાઈટિંગ થઈ રહ્યું હોય ત્યારે એક ઝાડ પાસે જઈને પેશાબ કરી આવતા હતા.

સંજય દત્તે આ જોયું. એણે પૂછયું, 'એ ક્યા કર રહે હો?' દત્તુ કહે છે 'કેમ શું થઈ ગયું?' સંજય દત્તે અમસ્તુ જ કીધું કે 'ક્યા પતા, ઝાડ કે અંદર કોઈ ભૂત-વૂત રહેગા તો, વો પકડ લેગા! તૂને કિતની બાર પેશાબ કિયા?' દત્તુ કહે છે કે 'પાંચ- છે બાર કિયા હોગા...'

વાત અહીં પતી ગઈ, પણ રાત્રે સંજય દત્ત અને ગોવિંદાએ મળીને એક ટેપ રેકોર્ડમાં 'ભૂતના અવાજો' રેકોર્ડ કર્યાઃ 'એ દતાઆઆ... તૂનેએએ ઝાડ કે નીચે મૂતાઆઆ... મૈં વહીં સો રહા થા... તૂને મેરે સર પે મૂતા... એક બાર નહીં, છે બાર મૂતા... દત્તાઆસા...!'

આવું રેકોર્ડ કરીને એ રાત્રે પેલા કેમેરામેન દત્તા જે રૂમમાં સૂતા હતા તેની બારી પાસે ઉપરના માળેથી રેકોર્ડ પ્લેયર લટકવીને આ ટેપ વગાડી! બિચારો દત્તા રાતોરાત સિમલાનું શૂટિંગ છોડીને સીધો કોલકત્તા ભાગી ગયો હતો!

જોકે આ તમામ પ્રેન્ક ટિખળ પછી આ ફિલ્મ સ્ટારોએ ખેલદિલીથી કબૂલ કરેલું છે કે આ માત્ર મજાક મસ્તી ખાતર હતું. અને એ જાણ્યા પછી બધા હસી કાઢીને એ જતું કરતા.


બસ, માત્ર પેલા જુહીબહેનને આપણા આમિર મિંયા મનાવી શકયા નહીં!


ગોવિંદા
અજય દેવગણ
આમિર ખાન
અક્ષય કુમાર
સંજય દત્ત

ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

## 'ભાઈ' કો કર્ણાટક મોડલ પસંદ હૈ!



દેશમાં અત્યારે સિંગલ સ્ક્રીન મરણ પથારી ઉપર છે. દેશનો એક ખૂબ મોટો વર્ગ એવો છે જેને મલ્ટિપ્લેક્સની ટિકિટ પોસાતી નથી. હાલમાં એક પોડકાસ્ટમાં શો મેન સુભાષ ઘાઈએ ખૂબ યથાર્થ વાત કરી હતી. એમણે કહ્યું હતું કે આપણે મલ્ટિપ્લેક્સની ટિકિટનો ભાવ ઊંચો રાખીને મધ્યમવર્ગને જ સિનેમાથી દૂર ખસેડી દીધો છે.

સુભાષ ઘાઈની આ દલીલને જાણે કે સમર્થન કરતો હોય તેમ સલમાન ખાને પણ આ વાતને અલગ રીતે રજૂ કરી છે. પોતાની આવનારી ફિલ્મ 'સિકંદરના' પ્રમોશન દરમિયાન જ્યારે સલમાનને પૂછવામાં આવ્યું કે 'કર્ણાટકમાં ફિલ્મ ટિકિટ પર 'કેપ' મૂકવામાં આવ્યો છે કે કોઇ પણ ફિલ્મની ટિકિટ ૨૦૦ રૂપિયાથી ઊંચી ન હોવી જોઈએ એ વિશે તમારું શું માનવું છે?'

જવાબમાં સલમાને ફક્ત આ વાતનું સમર્થન જ ન કર્યું, પરંતુ તેમાં ઉમેરો કરતાં કહ્યું કે પોપકોર્નના ભાવ ઉપર પણ કેપ હોવી જોઈએ એટલુંજ નહીં, આ કમાણીમાંથી પણ પ્રોડ્યુસર્સને શેર મળવો જોઈએ. સલમાને એ પણ ઉમેર્યું કે અત્યારે આપણે ત્યાં ફક્ત ૬ હજાર સ્ક્રીન છે, પણ આપણને હજી બીજા ૨૦ હજાર સ્ક્રીનની જરૂર છે. જો આમ થશે તો આપણી ફિલ્મો દેશના ખૂણેખૂણે પહોંચશે અને વધુને વધુ લોકો ફિલ્મોને માણી શકશે.

ભાઈની આ વાતને મલ્ટિપ્લેક્સ માલિકો કેવી રીતે લે છે એ તો પછીની વાત છે પણ દેશભરની રાજ્ય સરકારો આ વાત પર પણ ધ્યાન આપશે કે કેમ એ પણ એક મોટો પ્રશ્ન છે!

## આ તે માસ્ટર શેફ કે માસ્ટર ફિક્સિંગ?



રિયાલિટી શોઝમાં વિવાદ ઊભો થાય તો જ આ પ્રકારના શોઝ ચાલે એ વાત આપણે ત્યાં જગજાહેર છે. આ જ વાતને જાણે એક સમયે ફક્ત શ્રેષ્ઠ રસોઈ બનાવી શકતા સામાન્ય વ્યક્તિઓની સ્પર્ધા તરીકે લોકપ્રિય બનેલા 'માસ્ટર શેફ' કાર્યક્રમમાં પણ અપનાવી લેવામાં આવી છે. આજકાલ 'સેલિબ્રિટી માસ્ટર શેફ' સ્પર્ધા ચાલી રહી છે. અહીં નીકી તંબોલી અને ગૌરવ ખન્ના વચ્ચે શરૂઆતથી જ કોઈને કોઈ વાતે વાંધા પડવાની ઘટનાઓ બનતી રહી હતી. ક્યારેક આ તિખારો આગનું રૂપ લેશે એવી ભીતિ તમામને હતી અને એવું બન્યું પણ ખરું.

હાલમાં એક ચેલેન્જમાં પોતાને મળેલા કોઈ એડવાન્ટેજનો લાભ લેતા ગૌરવને એક જ ટાસ્ક કરવા માટે બે કલાક મળ્યા હતા, જ્યારે અન્યોને તેનાથી ઘણો ઓછો સમય મળ્યો હતો. આથી અન્ય સ્પર્ધકો ગૌરવની મશ્કરી ઉડાડી રહ્યા હતા કે ખાલી 'પૂરી- સબ્ઝી' બનાવવા માટે ગૌરવને બે કલાક મળ્યા છે. આ મશ્કરીના જવાબમાં ગૌરવે બધા જ સ્પર્ધકો સામે ગાજરના છોતરાં ઉડાડ્યા હતા.

આનાથી બીજા કોઈને તો વાંધો ન આવ્યો, પરંતુ નીકી તંબોલી તો ગૌરવ પ્રત્યે કદાચ જૂની ખીજ મનમાં રાખીને બેઠી હશે એટલે એણે આ ઘટનાને પોતાનું અપમાન ગણાવીને શો અધવચ્ચે છોડી દીધો. નીકી શો છોડીને ઘરે જતી રહી હોત તો વાત અલગ હતી, પણ અહીં તો એ મનામણા પછી પરત આવી, શોના એ જ ટાસ્કમાં ફરીથી ભાગ લીધો અને એ ટાસ્ક જીતી પણ લીધો! આટલું જ નહીં, સેલિબ્રિટી જજોએ નીકીની રસોઈના વખાણ પણ કર્યા. એક શો ચલાવવા માટે આ ફિક્સિંગ નથી તો બીજું શું છે, બોલો?

## ઓસ્કર્સ પ્રત્યે દીપિકાનો આક્રોશ



દીપિકા પદુકોણ થોડા સમય અગાઉ ફ્રાંસની મુલાકાતે હતી. અહીં ભારતીય સિનેમા અને ઓસ્કર્સ વિશે એને પૂછવામાં આવ્યું. પત્યું !

દીપિકાનું દર્દ કહો તો દર્દ અને આક્રોશ કહો તો આક્રોશ એની મેળે બહાર ઉછળી આવ્યો. દીપિકાએ કહ્યું કે ભારતની ઘણી 'ઓસ્કર્સ વર્ધી' ફિલ્મો છે જેને ઓસ્કર મળવો જોઈતો હતો, પરંતુ (જાણીજોઈને) એ આપવામાં ન આવ્યો.


દીપિકાનું કહેવું હતું કે જ્યારે 'આરઆરઆર'ના નાટુ નાટુ ગીતને ઓસ્કર અવોર્ડ મળ્યો ત્યારે એ પોતે અત્યંત ભાવુક થઇ ગઈ હતી ને ગર્વ પણ થયો હતો. જોકે, એ પહેલાં અને એ પછી પણ એવી ઘણી ભારતીય ફિલ્મો બની છે જેને ઓસ્કર્સ મળવો જોઈતો હતો, પરંતુ મળ્યો નથી.

દીપિકાનો આમ કહીને ઈશારો 'લાપતા લેડિઝ', 'ઓલ વી ઈમેજીન એઝ લાઈટ' અને 'તુંબાડ' જેવી ફિલ્મો પર હતો, જે દીપિકાના મતે ઓસ્કર્સને લાયક ફિલ્મો હતી.




*'કલાકારે મર્યાદામાં રહેવું જોઈએ તો પછી જનતાએ...?'*

***– મેલબર્નના એક શોમાં ગાયિકા નેહા કક્કડ ત્રણ કલાક મોડી પહોંચ્યા બાદ દર્શકોએ મચાવેલા હોબાળા પર નેહાના સિંગર ભાઈ ટોની કક્કડની પ્રતિક્રિયા.***




**અઘોરીને મૃત્યુની છાયા નજર આવે છે ત્યારે એ ઘોર જંગલમાં કે હિમાલયનાં બરફીલાં મેદાનોમાં પોતાના એક મુખ્ય શિષ્ય સાથે ચાલ્યા જાય છે. પોતાના દેહનું દાન એ શિષ્યને કરે છે. ગુરુ તંદુરસ્ત હોય તો શિષ્ય ગુરુના દેહનું ભક્ષણ કરે છે !**

એક શતાયુથી વધુ દીર્ઘાયુ વિતથનાથ પોતાની સમાધિની તૈયારી રૂપે મા ચામુંડાની મૂર્તિ સામે બેસી સ્તોત્રો ઉચ્ચારી રહ્યા હતા. અનેક અઘોરીઓ એમાં સૂર પુરાવી રહ્યા હતા. વિતથનાથ અત્યારે ખૂબ ભવ્ય દેખાઈ રહ્યા હતા. અદિતિજીએ કહ્યું:

'વિતથનાથની સમાધિના કારણે આજનાં કાર્યો વિલંબમાં મુકાશે.'

'આજે કયો ખાસ કાર્યક્રમ હતો?' મેં પૂછ્યું.

'આવતીકાલના બલિદાન માટેની પૂર્વ તૈયારીનો. વિલંબ થશે, પણ બલિદાન ચોક્કસ સમયે જ અપાશે.'

'એક સવાલ પૂછું?' પૂછતાં પહેલાં મેં આજ્ઞા માગી લીધી.

'પૂછો.'

'બલિદાન- આ એક નિર્દોષ કન્યાના બલિદાન વિશે તમારો શો મત છે?'

'આ અમારા સંપ્રદાયનો નિયમ છે- વિધિ છે.'

'એક હત્યાથી તમે શું પ્રાપ્ત કરી શકશો?'

'હત્યા' શબ્દથી ચોંકી એમણે કહ્યું:

'શાસ્ત્રોક્ત રીતે અપાતા બલિદાનને હત્યા કેવી રીતે કહી શકાય? તમારા સામાજિક રાજકીય નિયમો આધીન યુદ્ધ કે દેખાવો દરમિયાન થયેલા મૃત્યુને તમે હત્યા કહેશો?

'એક સમજદાર માણસ ચોક્કસ એને હત્યા જ કહેશે.'

'-તો વિતથનાથને સમાધિ માટે ઉશ્કેરવા એ પણ હત્યા છે.' અદિતિજીએ ખૂબ તીખાશથી આ વાક્ય ઉચ્ચાર્યું.

'ના. આ સ્વૈચ્છિક બલિદાન છે. વિતથનાથ ખૂબ લાંબું જીવ્યા છે. જિંદગીના થાકને હવે આરામની-ચિરનિદ્રાની જરૂર છે.'

'-અને અલખઆનંદ?!'

'એ એમની સિદ્ધિઓની નિરર્થકતા જીરવી ન શક્યા. આમ છતાં એ શું કરવાના છે એનો મને ખ્યાલ હોત તો મેં એમને રોક્યા હોત. કોશિશ અવશ્ય કરી હોત.'

વાતો કરતાં અમે અદિતિજીના ઓરડામાં પ્રવેશ્યા. એ પોતાના ઉચ્ચ આસને કંઈક વિચારના ડાબા હાથનો ટેકો લઈ ઢળીને આરામ કરતાં બેઠાં. ઈશારાથી જ એમણે મને સામે બેસવા સૂચવ્યું.

'આ બબ્બે મૃત્યુઓએ પરાત્પરને ખૂબ જ હચમચાવી મૂક્યા છે. અદિતિએ ધીરેથી કહ્યું.

'આવતી કાલનું બલિદાન એમને વધારે હચમચાવે એમ હું ઈચ્છું છું.' મેં પણ એટલી જ દઢતાથી કહ્યું.

ચાર દિવસના મારા અહીંના અનુભવ પછી હવે હું કંઈ સ્વસ્થતાથી અને દઢતાથી બોલી શકતો હતો. મેં જોયું હતું કે આ અઘોરીઓ અજ્ઞાની હતા, પણ દંભી નહોતા. એમની વિચિત્ર માન્યતાઓના કારણે દંભનો આભાસ થાય પણ એ ખેરવી નાખવો ખૂબ જ આસાન હતો. શહેરીઓ, બૌદ્ધિકો, જ્ઞાનીઓ પંડિતોના દંભને મેં જોયો છે. ચામડી અને લોહી અને હાડકાં સાથે ભળી ગયેલો.

'અદિતીજી, મૃત્યુ અન્યનું, દૂરનું, નજીકનું, સ્વજનનું અને પોતાનું એક સરખું છે. એક બાર વર્ષની માસૂમ છોકરી પ્રત્યે જો કોઈને અનુકંપા ન જાગે તો તમારી આ સાધના શાને માટે છે? ફક્ત શક્તિનો સંગ્રહ કરવા? નર્યા ઝેરથી ભરેલી આ શક્તિ વિનાશ નોતરવા સિવાય કશું ન કરી શકે. ચૈતન્યાનંદજીએ મને કહ્યું હતું. શક્તિના પ્રચંડ સિંહાસન પર બેસીને પણ માણસ મૃત્યુ પાસે તો લાચાર બની જાય છે. ત્યાં ઝૂકીને, સલામ કરીને ઊભું રહેવું પડે છે. શક્તિ પ્રાપ્ત કરી તમે શું ઈચ્છો છો? જે શક્તિની આરાધના કરો છો એ મા પણ છે. એ મા શું માસૂમ બાળકીના બલિદાનથી રિઝવાની છે? બલિદાન આપવું જ હોય તો આપી દો તમારી મિથ્યા સિદ્ધિઓનું.'

મારા અવાજમાંથી ઉશ્કેરાટનો અને લાગણીવશતાનો કંપ હતો.

'જુઓ, અહીં જે કંઈ થયું છે તે પર્યાપ્ત છે.' અદિતિજીએ કહ્યું.

'હવે કંઈ પણ વધારે થશે તો એ માટે તમારે જીવ આપવો પડશે. એવું થાય એમ અમે ઈચ્છતા નથી. ભૈરવનાથે તમને ક્ષેમકુશળ પાછા શિવાનંદને હવાલે કરવાની જવાબદારી લીધી છે. એ જવાબદારી તમારે પાર કરવાની છે. કાલ બપોર સુધી તમારે મારી સાથે જ રહેવાનું છે.'

'બલિદાન ક્યારે છે?' મેં વચમાં જ પૂછ્યું.

'આવતી કાલે સંધ્યાકાળે' અદિતિજીએ કહ્યું પછી

ઉમેર્યું :

'પણ ત્યાં સુધી તમારે રોકાવાનું નથી. બપોરે જ તમને વિદાય કરવામાં આવશે. આ નિશ્ચિત છે. સમય પસાર કરવા હું તમને એક સવાલ પૂછું?'

'ફક્ત સમય પસાર કરવા નહીં.' મેં કહ્યું.

'પરાત્પરને તમે મૃત્યુ વિશે કંઈક કહેવા ઈચ્છતા હતા એ મને કહો.'

હું ખામોશ રહ્યો. અદિતિએ પ્રશ્નને દોહરાવ્યો.

'મૃત્યુ કોઈને ગમતું નથી. મૃત્યુ જીવનનો અંત. મનુષ્ય મરવા ઈચ્છતો નથી. એ કોઈને કોઈ પ્રકારે આ વિશ્વ પર સતત જીવવા ઈચ્છે છે. જીવન ફરી ફરી ભજવાતું એક નાટક છે એમ કેટલાંક કહે છે. જીવન એક સજા છે એમ પણ કેટલાંક કહે છે. જીવન ભગવાનને શોધવા માટેનો પ્રયાસ છે એવું પણ કેટલાક માને છે. આ બધાનો અંત ફક્ત એક મૃત્યુથી આવી જાય છે. ખરેખર તો મૃત્યુ છે એટલે જ માનવીને જીવન પ્રત્યે પ્રેમ છે. મૃત્યુ ન હોત તો? આ જીવન નર્ક બની જાય. મૃત્યુ એ તો કુદરતનો મહાન આશીર્વાદ છે મૃત્યુ છે તો જ જીવનનો-જીવવાનો આનંદ આવે છે. જેણે જીવન પૂર્ણ રીતે જીવ્યું છે એના માટે મૃત્યુ મહાઆનંદ છે.' હું થોડી ક્ષણ માટે થોભી ગયો પછી મૃત્યુ વિશે મારા વિચાર વ્યકત કરવા શરૂ કર્યા :

'મૃત્યુ ત્રણે પ્રકારે થાય છે. જડ, ચેતન અને ભાવનાત્મક. જીવનમાં જડતત્ત્વો ફક્ત પરિવર્તન પામે છે. એનું મૃત્યુ શક્ય નથી. ફરી ફરી જન્મવાનો કે જીવનચક્રનો અભ્યાસ કે ભ્રમણા થાય છે, તે આ જડતત્ત્વના કારણે. જડતત્ત્વોમાંથી શરીર બંધાય છે અને ફરી જડતત્ત્વમાં પરિવર્તન પામે છે.

ફરી એમાંથી જ શરીર નિર્માણ થાય છે. ચેતનતત્ત્વ હંમેશાં નાશ પામે છે. મોક્ષ કે ફરી ન જન્મવાની ભ્રમણા આ તત્ત્વના કારણે થાય છે. વપરાયેલી શક્તિ ક્યારેક પાછી ફરતી નથી અને અમરત્વ, સતત જીવિત રહેવાની શક્યતા ફક્ત ભાવનાત્મક તત્ત્વના કારણે નિર્માણ થાય છે. જડત્વવાદીઓ સતત જન્મતા રહે છે. તમારા જેવા શક્તિવાદીઓ નાશ પામે છે. એ ફરી કદી જન્મવાના નથી અને ભાવનાવાદીઓ કદી મૃત્યુ પામતા નથી અથવા તો મૃત્યુ એ ફરી જન્મવાની શક્યતા, તદ્દન અશક્યતા અને અમરત્વ છે. -પણ એ તમે કેવી રીતે જીવો છો તેના પર આધાર રાખે છે.'

અદિતિજી ખૂબ ગંભીર થઈ ગયાં હતાં. એક બોજ વાતાવરણ પર જાણે ઝળુંબી રહ્યો. હું ખામોશ એમને તાકતો બેઠો રહ્યો. એ શું વિચારતા હશે એની કલ્પના કરવાનો આનંદ મેં થોડી વાર માણ્યો. ત્યાં એ બોલ્યાં:

'હું હૃદયપૂર્વક ઈચ્છું છું કે તમે અહીંથી હેમખેમ પાછા જઈ શકો.'

મેં એમની ભલી ભાવના માટે આભાર માન્યો અને આશ્વાસન પણ આપ્યું કે હું ચોક્કસ ક્ષેમકુશળ પાછો ફરીશ.

બીજી તરફ, બહાર કોલાહલ વધ્યો હતો. વિતથનાથની જયના પોકારો સંભળાતા હતા. હું અને અદિતિજી બહાર આવ્યાં. નિકુંભઆનંદ બહાર જ ઊભો હતો. અદિતિજીએ પ્રશ્નાર્થ દૃષ્ટિએ એની સામે જોયું. નિકુંભે કહ્યું:

'વિતથનાથના અંતિમ સંસ્કાર અંગે વિવાદ હતો. વિતથનાથે પોતાને અગ્નિદાહ આપવાની આજ્ઞા કરી છે. કેટલાંક અઘોરીઓને આ યોગ્ય લાગ્યું નહોતું. પરાત્પરે આખરે વિતથનાથની મરજીને માન આપવાનું નક્કી કર્યું છે.'

'તમારા આ અઘોરપંથમાં અંતિમ સંસ્કાર કેવી રીતે કરવામાં આવે છે?' મેં નિકુંભને પૂછ્યું:

એણે અદિતિ તરફ જોયું. જાણે જવાબ આપવા માટે અનુજ્ઞા ઈચ્છતો હોય. અદિતિએ જ જવાબ આપવાની ઈચ્છા વ્યક્ત કરી :

'આ ખૂબ જ ગુપ્ત સંસ્કાર છે. અલખઆનંદના અંતિમ સંસ્કાર થયા એ તમે અહીં હાજર હોવા છતાં તમને ખબર ન પડી. ખબર ન પડે એ માટે અમે ખૂબ સાવધ હતા. અમારા નિયમો તોડીને હું તમને આ કહી રહી છું, કારણ કે અંગત રીતે હું માનું છું કે આ જાણવાનો તમને અધિકાર છે.'

મેં એમનો ખૂબ આભાર માન્યો સાથે જ મને યાદ આવ્યું કે અલખઆનંદના મૃતદેહનું શું થયું એ તો મેં જાણ્યું જ નહોતું!

એક એકાંત ખૂણામાં ઊભા રહી અદિતિજીએ મને કહેવાની શરૂઆત કરી :

'અઘોરીને મૃત્યુની છાયા નજર આવે છે ત્યારે એ ઘોર જંગલમાં અથવા તો હિમાલયના બરફીલાં મેદાનોમાં પોતાના એક મુખ્ય શિષ્ય સાથે ચાલ્યા જાય છે. પોતાના દેહનું દાન એ શિષ્યને કરે છે. ગુરુ તંદુરસ્ત હોય તો શિષ્ય ગુરુના દેહનું ભક્ષણ કરે છે.'

આ સાંભળીને મને ઊબકા આવવા લાગ્યા. ચિતરી ચડતી હોય એમ મેં આંખે હાથ દાબી દીધા. અદિતિજીએ હસીને કહ્યું:

'આ તો ખૂબ સામાન્ય છે. ગુરુ પોતાની શક્તિઓનો વારસો આ રીતે શિષ્યને આપે છે. ગુરુની ખોપરીનો સ્વીકાર પણ મુખ્ય શિષ્ય કરે છે. અઘોરીઓની આ પરંપરા છે, કર્તવ્ય છે. વર્ષોથી આમ જ થતું આવ્યું છે. વિતથનાથની ખોપરી સ્વીકારવાનો અધિકાર પરાત્પરને છે, પણ અગ્નિદાહની ઈચ્છા વ્યક્ત કરી વિતથનાથે પરાત્પરને એ અધિકારથી વંચિત કરી દીધા છે. પરાત્પર જો પોતાના એ અધિકારને વળગી રહ્યા હોત તો નક્કી કંઈ ગરબડ થાત, પણ વિતથનાથની ઈચ્છાને સ્વીકારી એમણે મૂંઝવણ અત્યારે એ ટાળી છે, પણ પરંપરાનો ભંગ કરવા બદલ વામદેવ જેવા અઘોરીઓ નિશ્ચય કંઈક ધમાલ કરશે.'

'અલખઆનંદના મૃતદેહનું શું કરવામાં આવ્યું? મેં પૂછ્યું.

'એ નિર્મળઆનંદનો અધિકાર હતો. એણે અલખઆનંદનું માંસ ખાવાનો અને રૂધિર પીવાનો ઈનકાર કર્યો. અલખઆનંદના અન્ય શિષ્યોને અધિકાર સોંપવામાં આવ્યો, બાર દિવસ પછી એમના મસ્તકની ખોપરીનો અધિકાર સોંપવા માટે યોગ્ય શિષ્ય નક્કી કરવામાં આવશે.'

આ સાંભળીને મને કમકમાટી થઈ આવી. વિતથનાથે સમાધિમાં બેઠા બેઠા જ દેહ છોડ્યો. એમના ચહેરા પર પરમ શાંતિની ઝલક દેખાતી હતી. મા ચામુંડાની મૂર્તિ નજીક જ એમના દેહને એક આસન પર પાછળ ટેકો મૂકી બેસાડી રાખવામાં આવ્યો હતો. એક - બે દિવસ પછી જ એમના દેહને અગ્નિસંસ્કાર કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

મોડી રાત સુધી નૃત્ય, માંસ-મદિરાનું ભક્ષણ અને તાંત્રિક મૈથુનનો અંતિમ પ્રોગ્રામ ચાલુ રહ્યો

મેં એ બધામાંથી શરૂઆતનો રોમાંચ ગુમાવ્યો હતો. ત્યાં જોવાની પણ ઈચ્છા થતી નહોતી. પાછા ફરવાની ઘડી નજીક આવી રહી હતી એટલે કુટુંબ અને દુન્યવી દુનિયાના મિત્રો યાદ આવી રહ્યા હતા.

પાંચમા દિવસની પ્રભાતે પરાત્પરે મને બોલાવ્યો. હું નિકુંભ સાથે ત્યાં પહોંચ્યો ત્યારે અદિતિ, ભૈરવનાથ, વામદેવ વગેરે પણ ત્યાં બેઠાં હતાં. મેં એમને નમસ્કાર કરી બેઠક લીધી.

પરાત્પરે કંઈક ઈશારો ભૈરવનાથને કર્યો એટલે એમણે પૂછ્યું:

'આપ છેલ્લે વિતથનાથ પાસે હતા ત્યારે એમણે તમને ખેચરી વિદ્યાનું રહસ્ય કહ્યું હતું?'

જવાબ આપતાં પહેલાં મેં અદિતિ તરફ અનાયાસ જોયું. એમની આંખોમાં કંઈક વિશેષ સંકેત હતો. મેં વિચાર કરી કહ્યું:

'એમણે મને પોતાનું તાળવું બતાવ્યું હતું. એ ઉપરાંત ખેંચરી વિદ્યાની પોતાની સાધના અંગે થોડીક વાતો કરી હતી.'

'એ વિદ્યા એમણે તમને શીખવી હતી?'

ના 'મને એમાં કશું શીખવા જેવું લાગ્યું ન હતું. મેં શીખવાની કે એમણે શીખવવાની કોશિશ કરી ન હતી. મને એમાં કંઈ રસ નહોતો.'

આ પછી મને બહાર જવાની આજ્ઞા કરવામાં આવી. થોડીવાર નિકુંભ સાથે ગપ્પા મારતો ઊભો રહ્યો. આ નાટકનું પ્રયોજન મને સમજાતું નહોતું.

થોડી વાર પછી અદિતિજી બહાર આવ્યાં. અમે ચૂપચાપ એમની પાછળ ચાલવા લાગ્યા. થોડે દૂર ગયા પછી એમણે કહ્યું:

'તમે ઘોર સંકટમાંથી ઊગરી ગયા. વામદેવના સાથીઓ તમને વિતથનાથના શિષ્ય તરીકે ઠસાવી દેવા માગતા હતા. તમે જો એમ કહ્યું હોત કે વિતથનાથે તમને ખેચરી વિદ્યા શીખવી હતી તો અઘોરપંથની પ્રણાલિકા મુજબ તમારે વિતથનાથના અંતિમ સંસ્કાર કરવા પડત!'

હું ધ્રૂજી ઊઠ્યો, છતાં મેં કહ્યું:

'પણ વિતથનાથને તો પોતાની ઈચ્છા વ્યક્ત કરી જ દીધી છે!'

'એ ઈચ્છાને ઘોળીને પી જતાં અને તમને હેરાન કરતા એમને રોકવા મુશ્કેલ થઈ પડે. એક મહામુશ્કેલીમાંથી તમે ઊગરી ગયા છો.!' અદિતિજી બોલ્યાં .

થોડી વાર મૌન રહી એ ફરી બોલ્યાં:

'બપોર સુધી તમને અમારે સંભાળવા પડશે. તમે પણ સંભાળજો. તમે અહીં મિત્રો કરતાં દુશ્મનો વધુ ઊભા કર્યા છે.'

મારી ઓરડીમાં ઊંઘવા ગયો ત્યારે ઊંઘના બદલે એ જ વિચારો આવ્યા કરતા હતા. જ્યારે આપણે કોઈને મિત્ર બનાવવા જઈએ છીએ - ચાહવાની કોશિશ કરીએ છીએ ત્યારે શા માટે કેટલાંકને દુશ્મન બનાવી મૂકીએ છીએ? ક્યાંક આપણા પ્રેમમાં સ્વાર્થ તો નથી? ક્યાંક આપણી દોસ્તીની ભાવનામાં તો ક્ષતિ નથી? ખોટ ક્યાં છે? કે પછી માણસોને પ્રેમ-દોસ્તી સામે જ દુશ્મની છે? સત્યની કડવાશ, એનો તાપ શા માટે સહન થઈ શકતો નથી?

આંખ મિંચાતી અને જાણે કોઈ હથેળીમાં ખીલા ઠોકતું હોય એવી ભ્રમણા થવા લાગતી. એક કરુણાર્દ ચહેરો સામે આવતો - પીઠ લોહીથી ચીપચીપી બની જતી - ચહેરો કોનો હોય?

ચૈતન્યાનંદનો? અલખ આનંદનો? વિતથનાથનો કે પછી?

(ક્રમશઃ)■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| गौना | ટાલિયો |
| गंजा | ભીનું |
| गिरजा | ગાંઠ |
| गिरह | આણું |
| गीला | દેવળ |

### ઓળખાણ પડી?



મિલેનિયમ સ્ટાર અમિતાભ બચ્ચને હોલિવૂડ ફિલ્મમાં સર્વ પ્રથમ વાર કામ કર્યું હતું એ ફિલ્મની ઓળખાણ પડી?

અ) The Aviator બ) Gravity ક) Inception ડ) The Great Gatsby

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સં | ખ્યા | ૨ બં | ધ | | ૩ વ્યા | ૪ ધિ | | ૫ ર | ણ |
| ચા | | ધ | | ૬ સં | | ક્કા | | જા | |
| ૭ લ | ૮ ગ | ન | ૯ પ | ડો | | ૧૦ ર | ૧૧ સ | | ૧૨ આ |
| ૧૩ ન | ભ | | ૧૪ ગ | વ | ન | | ૧૫ દ | બા | વ |
| | ૧૬ રા | ૧૭ હ | | ણી | | ૧૮ ન | ગ | | ર |
| ૧૯ વા | મ | દે | ૨૦ વ | | ૨૧ અ | વ | ત | ૨૨ ર | ણ |
| ૨૩ તા | ણ | | ૨૪ શ | ૨૫ ક | | લ | | સિ | |
| વ | | ૨૬ ઝ | | ત્લે | | ૨૭ કા | ૨૮ મ | કા | ૨૯ જ |
| ૩૦ ર | ણ | કા | | ૩૧ આ | ૩૨ મ | ર | ણ | | ર્જ |
| ણ | | ૩૩ સ | વા | મ | ણ | | ૩૪ કો | ત | ર |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | | ૪ | | ૫ | ૬ |
| | | ૭ | | | ૮ | | | ૯ | |
| ૧૦ | ૧૧ | | | ૧૨ | | | | | |
| | | | ૧૩ | | | | ૧૪ | | |
| ૧૫ | | ૧૬ | | ૧૭ | | ૧૮ | | | |
| | | ૧૯ | | | ૨૦ | | | ૨૧ | ૨૨ |
| ૨૩ | ૨૪ | | | | ૨૫ | | | | |
| ૨૬ | | | ૨૭ | | | | | ૨૮ | |
| | | | | | ૨૯ | | ૩૦ | | ૩૧ |
| ૩૨ | | | | | ૩૩ | | | | |

**આડી ચાવી**

૧. માવજત, સારવાર (૫)
૪. આખી વાર્તાનો ટૂંકસાર (૪)
૭. પોણા બે હાથની લંબાઇનું માપ (૨)
૮. મહેચ્છા, ઉમેદ, કામના (૨)
૯. છેતરપિંડી કરનાર (૨)
૧૦. બ્રહ્માના માનસપુત્ર (૩)
૧૨. ભરોસો, નિર્ણય, તોડ (૩)
૧૩. ટાળી શકાય એવું (૩)
૧૪. એક ગાંવઠી શસ્ત્ર (૩)
૧૫. પકડવાનું ઓજાર (૩)
૧૭. જેને અંતે 'સ' આવતો હોય તેવું (૪)
૧૯. સૂર્ય (૨)
૨૦. --- પડવું સ્ત્રી માટે સહજ હોય (૨)
૨૧. તાવમાં --- પીવાય (૨)
૨૩. દઢતા, અટલતા (૩)
૨૫. સાંઠીનો ભાગ, બળતણ (૩)
૨૬. --- મારખાં એટલે બડાઇખોર (૨)
૨૭. સજ્જન, સારો માણસ (૨)
૩૦. પારાવાળું યંત્ર (૩)
૩૨. ઘણું બધું, પુષ્કળ (૪)
૩૩. જે સ્ત્રી સ્વપ્નમાં જ જોવા મળે (૫)

**ઊભી ચાવી**

૧. તપ, પુરુષાર્થ (૩)
૨. વાતચીત (૩)
૩. વજન, બોજ (૨)
૪. --- ભાર વિના જીવો (૩)
૫. બુદ્ધિને નાસવાનો સમય (૨)
૬. --- ગાડું એટલે ધીમે ચાલતું કામ (૪)
૮. આશ્ચર્ય આપે એવું (૬)
૧૧. રસપૂર્ણસ, રસજ્ઞ વ્યક્તિ (૩)
૧૨. રહેવાની જગા (૩)
૧૪. કોઠો, યાદી, પ્રકાર (૨)
૧૫. હાલત, સંજોગ (૪)
૧૬. ---ને સૌ ડરાવે (૩)
૧૮. વિધવા (૪)
૨૨. તાકાત, શક્તિ (૨)
૨૪. રસમાં ભંગ પડવો તે (૪)
૨૭. ભેગું કરવું તે (૩)
૨૮. જેર, મૃત્યુવશ (૩)
૨૯. નાનું, લઘુ (૨)
૩૦. પડખું, બાજુ, પક્ષ (૨)
૩૧. શેત્રંજી, ગુફા (૨)

### ગુજરાત મોરી મોરી રે

તાજેતરમાં આયોજિત થયેલા 'આઈફા એવોર્ડ્સ'માં કઈ ગુજરાતી અભિનેત્રીને શ્રેષ્ઠ સહાયક અભિનેત્રીનો એવોર્ડ મળ્યો?

અ) દીક્ષા જોશી બ) યુક્તિ રાંદેરિયા
ક) જાનકી બોડીવાલા ડ) માનસી ગોહિલ

### જાણવા જેવું

ગુજરાતી ફિલ્મોના નિર્માતા દ્વારકાદાસ સંપટે કોહિનૂર ફિલ્મ કંપનીની સ્થાપના કરી હતી. મૂંગાં ચલચિત્રોના સમયમાં કોહીનુર એ પૌરાણિક કથાઓ વિષયવસ્તુનું પ્રભુત્વ ધરાવતાં ચલચિત્રોના યુગમાં સામાજિક સમસ્યાઓ પરનાં ચલચિત્રો સામેલ છે. તેની પ્રથમ સામાજિક ફિલ્મ ૧૯૨૦માં પ્રદર્શિત કટોરાભર કાનૂન હતી.

### સુડોકુ-૮૦૪૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૯ | ૨ | | | ૮ | | |
| ૪ | | | ૧ | ૬ | | ૨ | | |
| | ૬ | | ૫ | | | ૧ | ૭ | ૪ |
| | ૨ | | ૭ | | ૪ | | | ૫ |
| | | | | ૮ | | | | |
| ૮ | | | ૯ | | ૬ | | ૪ | |
| ૨ | ૫ | ૭ | | | ૯ | | ૧ | |
| | | ૩ | | ૭ | ૧ | | | ૯ |
| | | ૮ | | | ૫ | ૪ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૮૦૪૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૫ | ૯ | ૩ | ૨ | ૧ | ૬ | ૮ | ૭ |
| ૩ | ૨ | ૧ | ૮ | ૭ | ૬ | ૪ | ૫ | ૯ |
| ૮ | ૭ | ૬ | ૪ | ૫ | ૯ | ૩ | ૨ | ૧ |
| ૧ | ૮ | ૪ | ૫ | ૩ | ૭ | ૨ | ૯ | ૬ |
| ૭ | ૯ | ૫ | ૨ | ૬ | ૮ | ૧ | ૩ | ૪ |
| ૬ | ૩ | ૨ | ૯ | ૧ | ૪ | ૮ | ૭ | ૫ |
| ૫ | ૪ | ૮ | ૧ | ૯ | ૩ | ૭ | ૬ | ૨ |
| ૨ | ૬ | ૩ | ૭ | ૪ | ૫ | ૯ | ૧ | ૮ |
| ૯ | ૧ | ૭ | ૬ | ૮ | ૨ | ૫ | ૪ | ૩ |

### ચતુર આપો જવાબ / માથું ખંજવાળો

સોલો હીરો તરીકે મહત્તમ ફિલ્મો કરનારા સુપરસ્ટાર રાજેશ ખન્નાએ કઈ ફિલ્મમાં રાજ કુમાર સાથે કામ કર્યું હતું એ જાણો છો?

અ) રાઝ બ) તિરંગા ક) કુદરત ડ) બુલંદી

### નોંધી રાખો

સમુદ્ર બનવા કરતાં નાનું તળાવ બનવામાં વધારે રૂઆબ આવે, કારણ કે અહીં સિંહ પણ ગરદન નમાવી પાણી પીએ છે.

### માઈન્ડ ગેમ

બિમલ રોયની કઈ ફિલ્મમાં નૂતન સાથે અશોક કુમાર અને ધર્મેન્દ્ર પણ મહત્ત્વના રોલમાં હતા એ કહી શકશો?

અ) મધુમતી બ) દેવદાસ
ક) દેવર ડ) બંદિની

### ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| ओस | ઝાકળ |
| एवज | બદલો |
| ऐनक | ચશ્મા |
| आहट | પગલાંનો અવાજ |
| आहत | ઘાયલ |

**ગુજરાત મોરી મોરી રે**
પૂજા જોશી

**ઓળખાણ પડી?**
છલિયા

**માઈન્ડ ગેમ**
સરસ્વતીચંદ્ર

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો**
બોબી

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડો. ભારતી પ્રકાશ કટકિયા (૨) પ્રકાશ કટકિયા (૩) સુભાષ મોમાયા (૪) મુલરાજ કપૂર (૫) કિશોરકુમાર જીવણદાસ વેદ (૬) નીતા દેસાઈ (૭) વિભા મહેશ્વરી (૮) ખુશરૂ કાપડિયા (૯) લજિતા ખોના (૧૦) શ્રદ્ધા આશર (૧૧) પુષ્પા પટેલ (૧૨) ભારતી બુચ (૧૩) મહેશ દોશી (૧૪) તાહેર ઔરંગાબાદવાલા (૧૫) શીરીન ઔરંગાબાદવાલા (૧૭) નિખિલ બંગાળી (૧૮) અમીશી બંગાળી (૧૯) પ્રવીણ વોરા (૨૦) મહેન્દ્ર લોઢાવિયા (૨૧) મીનળ કાપડિયા (૨૨) નુતન વિપીન (૨૩) મનીષા શેઠ (૨૪) ફાલ્ગુની શેઠ (૨૫) જ્યોતિ ખાંડવાલા (૨૬) ભાવના કર્વે (૨૭) વિણા સંપટ (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) જ્યોત્સના ગાંધી (૩૦) રમેશ દલાલ (૩૧) ઈનાક્ષી દલાલ (૩૨) હિના દલાલ (૩૩) કલ્પના આશર (૩૪) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૫) નિતિન બજરિયા (૩૬) અંજુ ટોલિયા (૩૭) જગદીશ ઠક્કર (૩૮) નંદકિશોર સંજાણવાળા (૩૯) મહેશ સંઘવી (૪૦) અરવિંદ કામદાર (૪૧) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૨) મહેશ દોશી (૪૩) અલકા વાણી (૪૪) ધીરેને ઉદેશી (૪૫) ગીતા ઉદેશી (૪૬) પ્રતિમા પમાણી (૪૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૮) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૯) જયવંત પદમશી ચિખલ (૫૦) શિલ્પા શ્રોફ

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ


**ક્વિઝ (અ)** ૧) દિલ તેરા દીવાના ૨) ઝમાના દીવાના ૩) પ્યાર દીવાના હોતા હૈ ૪) હમકો દીવાના કર ગયે ૫) દીવાના મુજસા નહીં ૬) દીવાના તેરે નામ કા ૭) લેકર હમ દીવાના દિલ

**ક્વિઝ (બ)** ૧) રંગબીરંગી - દીપ્તિ નવલ ૨) પતિ પત્ની ઔર વોહ - રણજિતા ૩) બાજીરાવ મસ્તાની - દીપિકા પદુકોણ ૪) નસીબ અપના અપના- ફરાહ ૫) આખિર કયો - ટીના મુનીમ ૬) સિલસિલા - રેખા ૭ ) મૈં તુલસી તેરે આંગન કી - આશા પારેખ

મેટિની એક્સપ્રેસ
રાજેશ યાજ્ઞિક

## બેકગ્રાઉન્ડ ડાન્સરના સંઘર્ષ પછી
# સફળતાની સીડી ચડ્યા છે આ કલાકારો...

અલબેલું મુંબઈ સપનાની નગરી છે. હિન્દી ફિલ્મોની ધબકતી દુનિયા એટલે કે બોલિવૂડ ભારતભરમાંથી રોજ અગણિત યુવક-યુવતીઓ પોતાની આંખમાં સપનાં આંજીને અહીં પોતાની કિસ્મત અજમાવવા આવે છે. કેટલાંકનાં સપનાં સાચાં ઠરે છે તો સેંકડોનાં તૂટી જાય છે... સ્વાભાવિક છે કે રાતોરાત કોઈ સ્ટાર બની જતું નથી. અહીં આવીને જોરદાર ઝઝૂમવું પડે છે. મુંબઈમાં રહેવા- ખાવાથી લઈને ફિલ્મોમાં કામ મેળવવા સુધી ડગલે ને પગલે સંઘર્ષ કરવો પડે છે. કેટલાક આ સંઘર્ષમાં ટકી જઈને નામ -દામ કમાય છે. એમાં જબરી મહેનતની સાથે નસીબ પણ ચોક્કસ ભાગ ભજવે છે. આવી જ કહાણી બોલિવૂડના સફળ પુરવાર થયેલા કેટલાક એક્ટર્સની છે, જેમણે પોતાની ફિલ્મ કેરિયરની શરૂઆત બેકગ્રાઉન્ડ ડાન્સર તરીકે કરી, પણ પછી મુખ્ય ભૂમિકામાં તગડી હિટ ફિલ્મો પણ આપી. જાણીએ, આવાં કેટલાક સ્ટાર- એક્ટર્સ વિશે.


સુશાંતસિંહ રાજપૂત


શાહિદ કપૂર


દીપિકા પાદુકોણ

### સુશાંતસિંહ રાજપૂત

બોલિવૂડ એક્ટર સુશાંતસિંહ રાજપૂતે આ દુનિયાને અલવિદા કહી દીધું છે. સુશાંત ટીવી સિરિયલ એક્ટરમાંથી હીરો બન્યો એ બધા જાણે છે, પરંતુ બહુ ઓછા લોકો જાણે છે કે બોલિવૂડ ફિલ્મોમાં પ્રવેશતા પહેલાં સુશાંત બેકગ્રાઉન્ડ ડાન્સર તરીકે કામ કરતો હતો. અભિનેતા ફિલ્મ 'ધૂમ'ના ગીત 'ધૂમ અગેન'માં બેકગ્રાઉન્ડ ડાન્સર તરીકે હિતિક રોશનની પાછળ ડાન્સ કરતો જોવા મળ્યો હતો. સુશાતે એ પછી 'કાઈ પો છે', 'શુદ્ધ દેસી રોમાન્સ' અને 'ધોની' જેવી ફિલ્મોમાં ધૂમ મચાવીહતી..

### કાજલ અગ્રવાલ

કાજલ અગ્રવાલ સાઉથ ઈન્ડસ્ટ્રીની જાણીતી અભિનેત્રીઓમાંની એક છે, પરંતુ એણે બોલિવૂડની કેટલીક ફિલ્મોમાં પણ કામ કર્યું છે. કાજલે 'સિંઘમ' અને 'સ્પેશિયલ ૨૬' જેવી ફિલ્મમાં મહત્ત્વની ભૂમિકાઓ ભજવી હતી. આજે, કાજલ અગ્રવાલ દક્ષિણની સૌથી લોકપ્રિય અને સફળ અભિનેત્રીઓમાંની એક છે, પરંતુ એણે પોતાની કારકિર્દીની શરૂઆત બેકગ્રાઉન્ડ ડાન્સર તરીકે કરી હતી. કાજલે ફિલ્મ 'ક્યોં હો ગયા ના' ના એક ગીતમાં બેકગ્રાઉન્ડ ડાન્સ કર્યો હતો. એ પછી બોલિવૂડમાં એને આગળ આવવાનો બહુ મોકો ન મળ્યો તો, ભાગ્ય એને દક્ષિણમાં ખેંચી ગયું, જ્યાં એની કરિયર જામી ગઈ!

### શાહિદ કપૂર

આ નામથી કોણ ફિલ્મ રસિયા અજાણ છે? શાહિદે બહેતરીન અભિનેતા તરીકે પોતાને સ્થાપિત કર્યો છે. પિતા પંકજ કપૂર એક ઊંચા દરજ્જાના અભિનેતા છે. માતા પણ અભિનય ક્ષેત્રે પોતાની ઓળખાણ બનાવી ચુકી છે. આમ છતાં, શાહીદનો ફિલ્મ પ્રવેશ એટલો સહેલો નહોતો. બીજા બોલિવૂડ સ્ટાર કિડ્સની જેમ એને તરત ફિલ્મોમાં બ્રેક નહોતો મળી ગયો. બોલિવૂડ ઈન્ડસ્ટ્રીનો આ ચોકલેટ બોય શાહિદે બેકગ્રાઉન્ડ ડાન્સર તરીકે પોતાના કરિયરની શરૂઆત કરી હતી. શાહિદ કપૂરે ઐશ્વર્યા રાયની ફિલ્મ 'તાલ' (૧૯૯૯) ના ગીત 'કહીં આગ લગે' માં બેકગ્રાઉન્ડ ડાન્સ કર્યો હતો. 'દિલ તો પાગલ હૈ'માં પણ એ બેકગ્રાઉન્ડ ડાન્સર રહી ચુક્યો છે.

### ડેઝી શાહ

બોલિવૂડ એક્ટ્રેસ ડેઝી શાહ આજકાલ ફિલ્મોથી દૂર છે. ડેઝીને સલમાન ખાને ફિલ્મોમાં બ્રેક આપ્યો હતો. એ સલમાનની કેટલીક ફિલ્મોમાં હીરોઈન તરીકે જોવા મળી છે. આમ ફિલ્મોમાં હીરોઈન બની ચુકેલી ડેઝી શાહે પોતાની કરિયરના શરૂઆતના દિવસોમાં ઘણી ફિલ્મોમાં મોટા સ્ટાર્સની પાછળ બેકગ્રાઉન્ડ ડાન્સર રહી છે.

### રણવીર સિંહ

બોલીવૂડના આજના જમાનાના સુપરસ્ટાર્સમાં જેની ગણના થાય છે, એ રણવીર સિંહ નોનફિલ્મી બેકગ્રાઉન્ડમાંથી આવે છે. એના માટે સુપરસ્ટારડમનો રસ્તો આસાન નહોતો. આજે કરોડોમાં ફી લેનાર રણવીર એક સમયે બેકગ્રાઉન્ડ ડાન્સર હતો. 'કભી ખુશી કભી ગમ'ના ગીત 'બોલે ચૂડિયા'માં એ બેકગ્રાઉન્ડ ડાન્સર હતો, એવું કહીએ તો આજે કોઈ માની ન શકે. પણ હા, એણે પણ પોતાની કારકિર્દી બેકગ્રાઉન્ડ ડાન્સર તરીકે શરૂ કરી હતી.

### દીપિકા પાદુકોણ

રણવીરની પત્ની દીપિકા પણ બોલિવૂડ હાર્ટથ્રોબ છે. એની અદાયગીના લાખો દીવાના છે. હમણાં એક રિયાલિટી શોમાં હેમા માલિનીને પૂછ્યું કે 'આજના જમાનાની ડ્રિમ ગર્લ તરીકે તમે કોને જુઓ છો?' ત્યારે એમણે સૌથી પહેલું નામ દીપિકાનું લીધું હતું. 'ઓમ શાંતિ ઓમ'થી કારકિર્દી શરૂ કરીને ટોચની હીરોઈન બનનારી દીપિકા મ્યુઝિક વીડિયોમાં બેકગ્રાઉન્ડ ડાન્સિંગ કરતી હતી એ માનવું આજે મુશ્કેલ લાગે, પણ એ હકીકત છે!

### અરશદ વારસી

અરશદનું નામ આવે એટલે આપણને તરત જ 'મુન્નાભાઈ'નો સર્કિટ યાદ આવ્યા વિના ન રહે. અરશદ બહુ સારો ડાન્સર પણ છે. જોકે, એને ટિપિકલ બોલિવૂડ હીરોના રોલ મળ્યા નથી, તેમ છતાં ઘણા સહાયક પાત્રોમાં એનો અભિનય લાજવાબ રહ્યો છે. લોકોને એની કોમેડી પણ ખુબ ગમે છે. અરશદની ફિલ્મો આજે પણ દર્શકોમાં લોકપ્રિય છે. આ અરશદ પણ એક સમયે બેકગ્રાઉન્ડ ડાન્સર હતો. આટલું જ નહીં, અરશદે ફિલ્મ 'આગ સે ખેલેંગે(૧૯૮૯)માં જીતેન્દ્ર ના ગીત 'હેલ્પ મી'માં બેકગ્રાઉન્ડ ડાન્સ કર્યો હતો! ■

# ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

## ક્વિઝ (અ)

આ કલાકાર જોડીની એક એવી ફિલ્મ જેના નામમાં 'દીવાના' શબ્દ આવે છે. જાણો છો એ ફિલ્મ ?

૧) સૈફ અલી ખાન - ટ્વિંકલ ખન્ના
૨) શાહરુખ - રવીના ટંડન
૩) ગોવિંદા - રાની મુખર્જી
૪) અક્ષય કુમાર - કેટરિના કૈફ
૫ )આમિર ખાન - માધુરી દીક્ષિત
૬ )મિથુન ચક્રવર્તી - વિજેતા પંડિત
૭ )અરમાન જૈન - દીક્ષા શેઠ



## ક્વિઝ (બ)

ઘરવાલી બાહરવાલીની વાર્તા ધરાવતી આ ફિલ્મનું નામ તથા એમાં બીજી હીરોઇન કોણ ?

૧) અમોલ પાલેકરની ઘરવાલી પરવીન બાબી તો બાહરવાલી...?
૨) સંજીવ કુમારની ઘરવાલી વિદ્યા સિન્હા તો બાહરવાલી...?
૩) રણવીર સિંહની ઘરવાલી પ્રિયંકા ચોપરા તો બાહરવાલી...?
૪) રિશી કપૂરની ઘરવાલી રાધિકા તો બાહરવાલી.. ?
૫) રાકેશ રોશનની ઘરવાલી સ્મિતા પાટીલ તો બાહરવાલી...?
૬) અમિતાભ બચ્ચનની ઘરવાલી જયા ભાદુરી તો બાહરવાલી...?
૭)વિજય આનંદની ઘરવાલી નૂતન તો બાહરવાલી..?.

જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'


શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા

## ક્યાંથી ક્યાં સુધી...?!
# એક સોશ્યલ મીડિયા પોસ્ટની હોલિવૂડ ફિલ્મ સુધીની સફર

**જાણો, 'રેડિટ'ની એક શોર્ટ સ્ટોરીની ફિલ્મ નિર્માણ સુધીની રસપ્રદ ઘટના**

આજના ડિજિટલ યુગમાં જ્યાં દરેક જણ પોતાના મોબાઇલ પર સોશિયલ મીડિયા ચલાવે છે, ત્યાં એક 'રેડિટ' જેવા સોશિયલ મીડ્યિા પરની પોસ્ટ પરથી હોલિવૂડની મોટી ફિલ્મ બની રહી છે એ વાત અચરજ પડાવે એવી છે,. પણ એ કોઈ કાલ્પનિક કથા નથી, પણ સાચી ઘટના છે.

અમેરિકન એક્ટ્રેસ સિડની સ્વીની, જેને દર્શકોએ 'યુફોરિયા' અને 'ધ વ્હાઇટ લોટસ' જેવા લોકપ્રિય શોમાં જોઈ હશે. એ આ ફિલ્મમાં મુખ્ય ભૂમિકા ભજવશે. વધુ રસપ્રદ વાત એ છે કે ફિલ્મની સ્ક્રિપ્ટ લખી રહ્યા છે એરિક રોથ, જેમણે 'ફોરેસ્ટ ગમ્પ' અને 'ડ્યુન' જેવી ઓસ્કર વિજેતા ફિલ્મ્સ લખી છે. પણ ફિલ્મની કાસ્ટ અને લેખક એ બધું તો પછી આવે, પણ એ પહેલાં ફિલ્મના બીજ ક્યાં અને કેવી રીતે રોપાયા તેની વાત વધુ રસપ્રદ છે.


સિડની સ્વીની

વાત ૨૦૨૧ની છે, જ્યારે 'રેડિટ'ના ' નો સ્લીપ ' ફોરમ પર ' The Dalek Emperor 39; નામના યુઝરનેમ સાથે માસુચુસેટ્સના એક હાઈ સ્કૂલ ઈંગ્લિશ ટિચર જો કોટે 'આઈ પ્રીટેન્ડેડ ટુ બી એ મિસિંગ ગર્લ ' એવા ટાઈટલ સાથે એક શોર્ટ સ્ટોરી પોસ્ટ કરી હતી. આ પોસ્ટમાં જોએ કેટલાક વિચિત્ર અને ડરામણા અનુભવો વર્ણવ્યા હતા, પણ આ વર્ણન ખરેખર એક વાર્તા હતી. વાર્તા એટલી વાસ્તવિક લાગતી હતી કે ઘણા વાંચનારાઓને લાગ્યું કે આ ખરેખર બનેલી ઘટના હશે.


એરિક રોથ

વાર્તામાં એવું હતું કે એક છોકરીને એક પરિવારની એક ૧૮ વર્ષની છોકરી દસ વર્ષ પહેલાં ગુમ થયાની ખબર પડે છે એટલે એ એક પ્લાન બનાવે છે. એ મુજબ તે એ પરિવાર પાસે જાય છે અને કહે છે કે 'પોતે જ પેલી ગુમ થયેલી છોકરી છે'. છોકરીનો પ્લાન ત્યાં જઈને પરિવારને લૂંટીને ભાગી જવાનો હોય છે, પણ એને ખબર પડે છે કે ૧૦ વર્ષ પહેલાં ગુમ થયેલી છોકરીની ઘટનામાં ખૂબ બધાં રહસ્યો છે.

જો કોટની પોસ્ટની ભાષા અને શૈલી એટલી સચોટ હતી કે થોડા સમયમાં જ આ પોસ્ટ વાયરલ થઈ અને ટ્વિટર, ટિકટોક જેવાં પ્લેટફોર્મ્સ પર પણ ફેલાઈ ગઈ. હજારો લોકોએ તેને લાઇક કરી અને ઢગલાબંધ કોમેન્ટ્સ આવી. લોકો પોસ્ટ પર ચર્ચા કરવા લાગ્યા અને પોતાના અનુભવો પણ શેર કરવા લાગ્યા.

આ પોસ્ટને અચાનક મળેલી લોકપ્રિયતા અને પ્રસિદ્ધિ જોઈને હોલિવૂડના નિર્માતાઓનું ધ્યાન તેના પર ગયું. 'ફિફટી ફિફટી ફિલ્મ્સ' નામની સિડની સ્વીનીની જ પ્રોડક્શન કંપનીએ આ વાર્તાના ફિલ્મ માટે હક્કો ખરીદી લીધા પછી ફિલ્મમાં કામ કરવા માટે અભિનેત્રી પોતે જ તૈયાર પણ થઈ ગઈ. એ ઉપરાંત ઉપલબ્ધ સમાચારો પ્રમાણે લેખન કાર્ય ઓસ્કર વિજેતા ફિલ્મ્સના લેખક એરિક રોથ સંભાળવાના છે, જેથી ફિલ્મની ગુણવત્તા અને સ્તર ચોક્કસ જ ઊંચા હશે એવી અપેક્ષા રાખી શકાય. આમ એટલે જ આજે આ ફિલ્મ પ્રત્યે લોકોની ઉત્સુકતા પણ વધી ગઈ છે.

આ ફિલ્મમાં ફક્ત ભૂત-પ્રેત જેવા પરંપરાગત ડરની વાત નથી, પણ વાસ્તવિક જીવનમાં થતી ડરામણી ઘટનાઓનો સમાવેશ થાય છે. આજના સમયમાં લોકોને આવી વાસ્તવિક લાગતી ડરામણી વાર્તાઓ વધુ ગમે છે. લોકો હવે ફક્ત કાલ્પનિક ડર નહીં, પણ રિયલ લાઇફમાં થતી ડરામણી ઘટનાઓ વિશે વધુ જાણવા માંગે છે. એ ઉપરાંત આ ફિલ્મ સોશિયલ મીડિયાની તાકાતનું પણ એક બહુ જ મોટું ઉદાહરણ છે. એક પોસ્ટ પરથી ફિલ્મની આ ઘટના દર્શાવે છે કે જો તમારી પાસે સારી વાર્તા હોય, તો તે ક્યાંયથી પણ શરૂ થઈ મોટી સફળતા પામી શકે છે.

આ ઘટના નવા લેખકો માટે એક દ્રષ્ટિએ પ્રેરણાદાયક છે. આ ઘટના દર્શાવે છે કે જો તમે સારી રીતે વાર્તા લખી શકો તો તમારે મોટા કનેક્શન્સ કે પૈસાની જરૂર નથી. તમારી વાર્તા જો લોકોને ગમે, તો તે હોલિવૂડ સુધી પણ પહોંચી શકે છે. આ ફિલ્મની સફળતા પછી હોલિવૂડ ઇન્ટરનેટ પરથી વધુ વાર્તાઓ શોધવા લાગે તો તેમાં જરા પણ નવાઈ લાગવા જેવું નહીં હોય. માત્ર હોલિવૂડ જ નહીં, વિશ્વના અનેક દેશોમાં અનેક પ્રોડક્શન હાઉસીઝ આ પ્રકારે લોકોને જ ગમી ગયેલી વાર્તાઓ શોધીને તેના પરથી ફિલ્મ્સ બનાવે તેવા કિસ્સાઓ જોવા મળી શકે છે. ભવિષ્યમાં આપણને પણ ઓનલાઇન વાર્તાઓ પરથી ફિલ્મ્સ જોવા મળે એ આશા પણ અસ્થાને નથી.

આખરે, 'રેડિટ' પરથી હોલિવૂડ સુધીની આ સફર માત્ર એક ફિલ્મની વાર્તા નથી. તે આજના સમયની સર્જનાત્મકતા અને સોશિયલ મીડિયાની તાકાતની પણ વાર્તા છે. આજે આમ પણ જ્યારે દરેક વ્યક્તિ પોતાના મોબાઇલ પર કંઈક નવું સર્જી રહી છે, ત્યારે આવી ઘટના આપણને યાદ અપાવે છે કે સર્જનાત્મકતા ક્યારેય સીમિત નથી હોતી. કોઈ પણ વ્યક્તિ પોતાની કલ્પનાશક્તિને પાંખો આપી શકે છે! ■

**લાસ્ટ શોટ**

*'આઈ પ્રીટેન્ડેડ ટુ બી એ મિસિંગ ગર્લ' વાર્તાની ડિજિટલ લોકપ્રિયતાના જોરે હોલિવૂડ સ્ટુડિયો વોર્નર બ્રધર્સને પણ તેના નિર્માણમાં રસ પડ્યો છે!*

ફિલ્મનામા
નરેશ શાહ

## ઈન્ડિયા લોકડાઉનઃ
# કૈસી ઘોર ભસડ હૈ રે, બંધુ!

કચ્છનો ભૂકંપ હોય કે કોવિડ પેન્ડેમિકનો કહેર કોઈ યાદ કરવા માગતું નથી આજે એને, છતાં આજ પૂરતું કોવિડ કાળના એ ખોફનાક દિવસોને સ્મરણ પટ પર તાજા કરાવવા છે.

૨૦૨૦ની ૨૨ માર્ચે આપણે એક દિવસનો સ્વૈચ્છિક કર્ફ્યુ પાળ્યો અને ૨૪ માર્ચથી જ એકવીસ દિવસનું લોકડાઉન ફરજિયાતપણે આખા દેશ પર લાદવામાં આવ્યું, જે અનિવાર્ય અને આવશ્યક પણ હતું. જોકે એકવીસ દિવસે પણ એ ભેંકાર અને ભયાનક દુઃસ્વપ્ન પૂરું થયું નહિ. ટોટલ ૬૮ દિવસના ચાર લોકડાઉન જીરવ્યા પછી તો થોડા થાળે પડીને આપણે કોવિડની વધુ ખોફનાક બીજી લહેરનો ભોગ બનવાનું પણ આવ્યું, પરંતુ કોવિડ ચેપ્ટર તાજું હતું અને લોકોના ઘરમાં હજુ વપરાયેલાં માસ્ક અને વણવપરાયેલાં સેનેટાઈઝર સચવાયેલા પડ્યા હતા ત્યારે જ 'ઝિ ફાઈવ' ના ઓટીટી પ્લેટફોર્મ પર 'ઈન્ડિયા લોકડાઉન' નામની ફિલ્મ સ્ટ્રીમ થઈ હતી.




ઓવર ધ ટોપ પ્લેટફોમ પર કોવિડ અને લોકડાઉનને ફોકસ કરતી વેબસિરીઝ અને 'ભીડ' જેવી એકલદોકલ ફિલ્મ બેશક આવી ગઈ છે, પરંતુ નેશનલ એવોર્ડ વિનર અને ખરેખર વેગળા વિષય પર વાસ્તવિક (ચાંદની બાર, ફેશન, ટ્રાફિક સિગ્નલ જેવી નક્કર) ફિલ્મ બનાવનારા મધુર ભંડારકર આખા દેશ (અને દુનિયાને) થીજાવી દેનારાં લોકડાઉનની વાત કહેતી ફિલ્મ લાવ્યા હતા.

બેશક, મધુર ભંડારકર નામનું આ રામપુરી ચપ્પુની ધાર ધીમેધીમે તેની તીક્ષ્ણતા ગુમાવી રહી છે એ એમની છેલ્લી કેટલીક ફિલ્મથી સાબિત થતું આવ્યું છે.

'ઈન્ડિયા લોકડાઉન' ફિલ્મ પણ આમ જુઓ તો આપણી આસપાસ અથવા આપણી સાથે જ બની ગયેલાં કેટલાંક પ્રસંગોની વાત કરનારી ફિલ્મ હતી. અલબત, મધુર ભંડારકરની 'ઈન્ડિયા લોકડાઉન'નું સેન્ટર પોઈન્ટ મુંબઈ રહ્યું.

મુંબઈમાં જ રહેતાં નાગેશ્વર રાવની હૈદરાબાદ રહેતી પુત્રી દશ વરસે પ્રેગનન્ટ થઈ છે એટલે એ દીકરી પાસે જવાની તૈયારી કરી રહ્યા છે... ઉધાર લઈને પાણીપૂરીની લારી ચલાવતો માધવ વ્યાજખોરોના હપ્તા ચૂકવી શક્યો નથી તો જૂહુ ચોપાટી પર મળતાં પ્રેમી યુવક-યુવતી એવું પ્લાનિંગ કરી રહ્યા છે કે સગા બહારગામ જાય પછી ખાલી પડેલાં ફલેટમાં ભેગું થવું અને કૌમાર્યના તપને ભંગ કરવું. ચીરા બજારના ચકલામાં (વેશ્યાલયમાં) પણ કોરોનાની ભીતિને કારણે ધંધો મંદ પડી ગયાની વાતો થઈ રહી છે અને...

અચાનક જ એકવીસ દિવસના લોકડાઉનનું એલાન થઈ જાય છે અને બધાની જિંદગીમાં ઊથલપાથલ શરૂ થઈ જાય છે. સાવચેતી લેવામાં એકદમ ચુસ્ત એવા નાગેશ્વર રાવની હૈદરાબાદની ફલાઈટ કેન્સલ થઈ જાય છે તો બચરવાળ માધવની લારી બંધ થઈ જાય છે. પ્રેમી યુવક કાકાના ખાલી ફલેટમાં પહોંચી ગયો છે પણ એની પ્રેમિકા - યુવતી પોતાના જ ઘરમાં અટવાઈ જાય છે. દેહ વેચીને કમાણી કરતી સ્ત્રીની તો શું વાત જ કરવી? જ્યાં સોશિયલ ડિસ્ટન્સ જ લાઈફલાઈન બની જાય ત્યાં સાથે સૂઈને પૈસા ચૂકવી શરીર સુખ બાંધવા કોણ આવે?

લોકડાઉનની એ પણ હકીકત છે કે સુખી લોકો માત્ર પોતાના વ્યસન બાબતે દુઃખી થયા હતા, પરંતુ સાચા અર્થમાં દુઃખના પહાડ તો રોજે રોજનું રળી ખાતાં નિમ્ન સ્તરના લોકો પર તૂટી પડ્યા હતા. એમણે નાછૂટકે કર્મભૂમિમાંથી ઉચાળા ભરીને માતૃભૂમિ તરફ પગપાળા પ્રયાણ કરવું પડ્યું હતું. માધવ (પ્રતીક બબ્બર), પત્ની ફૂલમતિ (સાંઈ તામ્હણકર) અને બે બચ્ચાંઓ સાથે ગ્રૂપમાં મુંબઈથી બિહાર જવા પગપાળા નીકળી પડે છે અને ત્યારે બેકગ્રાઉન્ડમાં સુખવિન્દરે ગાયેલું (ગીતકારઃ ઈમલી અંદરકી, સંગીતકારઃ રોહિત કુલકર્ણી) ગીત શરૂ થાય છેઃ 'કૈસી ઘોર ભસડ હૈ રે, બંધુ, પાપો કા અસર હૈ યા કર્મો કા અસર હૈ રે બંધુ.'

આ ગીતના આ શબ્દો પણ ટાંકવા છેઃ

'સમય કા પહિયા, ઐસા લુઢકા, જગત ગિરા હૈ સર કે બલ, આજ કે હો ગએ ટૂકડે ટૂકડે, ભય સે કાંપ રહા હૈ કલ... ધીરજ કા ભી ધીરજ તૂટા, ખાઈ હૈ યે ઠોકર બંધુ, કૈસી ઘોર ભસડ હૈ રે બંધુ! '

વેદના જ્યારે સાર્વત્રિક હોય ત્યારે એકાદ કૃતિ કે ફિલ્મથી સંતોષ થવાની શક્યતા ઓછી છે. કોવિડ વખતના લોકડાઉન સમયની યંત્રણા, ભય, પીડા, અકળામણ, ગૂંગળામણ, ચિંતા, ઈત્યાદિ એવા મલ્ટીકલર હતા કે 'ઈન્ડિયા લોકડાઉન' ફિલ્મ આપણા એ અહેસાસ - અનુભૂતિ સામે મામૂલી લાગે. આમ પણ અમિત જોષી અને આરાધના શાહ લિખિત 'ઈન્ડિયા લોકડાઉન'માં લોકોની બારીક મનોસ્થિતિ કરતાં સ્થૂળ લાગણીઓ વધુ ઝીલવામાં આવી છે. ફિલ્મમાં લોકડાઉન દરમિયાન સેક્સવર્કર પર વધુ ફોકસ થયું હોય તેમ લાગે છે. ફોન- સેક્સ કે દેહ વ્યાપાર માટે એમ્બ્યુલન્સના ઉપયોગની વાતો કદાચ નવી લાગે, પણ... એ સિવાય 'ઈન્ડિયા લોકડાઉન' બહુ સ્પશર્તી નથી. છતાં અહીં આ ફિલ્મ વિશે લખ્યું છે, કારણ કે, જેને ભૂલી જવા માગીએ છીએ (પણ ખરેખર તો જેને યાદ રાખવું જોઈએ) એવા લોકડાઉનના એ દિવસોની યાદ 'ઈન્ડિયા લોકડાઉન' કરાવી દે છે. 'એ' સર્ટિફિકેટ ધરાવતી આ ફિલ્મ એ ભેંકાર અને ભયાવહ દિવસોની યાદગીરી જરૂર છે. ■

# કામરા સામેની વિશેષાધિકાર ભંગની નોટિસ વિધાન પરિષદમાં દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાન પરિષદે સ્ટેન્ડ અપ કોમેડિયન કુણાલ કામરા સામેની વિશેષાધિકાર ભંગની નોટિસનો સ્વીકાર કર્યો છે. રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે બદલ અપમાનજનક ટિપ્પણી કરવા બદલ આ નોટિસ આપવામાં આવી છે.

શિવસેના (યુબીટી)ના નેતા સુષ્મા અંધારેને પણ આ નોટિસમાં નામ નિર્દેશિત કરવામાં આવ્યા છે.

મહારાષ્ટ્ર વિધાન પરિષદના સભાપતિ રામ શિંદેએ ગુરુવારે એવી માહિતી આપી હતી કે તેમણે કુણાલ કામરા સામેની વિશેષાધિકાર ભંગની નોટિસ સ્વીકારી લીધી છે અને વિશેષાધિકાર સમિતિ પાસે મોકલી આપવામાં આવી છે.

ભાજપના વિધાન પરિષદના જૂથ નેતા પ્રવીણ દરેકર દ્વારા આ નોટિસ દાખલ કરવામાં આવી હતી.

## કુણાલ કામરાને સોમવારે હાજર થવાનું પોલીસનું ફરમાન

મુંબઈઃ રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે વિશે વાંધાજનક ટિપ્પણી કરવા સંબંધી કેસમાં સ્ટેન્ડ-અપ કોમેડિયન કુણાલ કામરાને પોલીસ સમક્ષ હાજર થવાનું કહેવામાં આવ્યું હતું.

પોલીસે ૩૧ માર્ચે કામરાને ખાર પોલીસ સ્ટેશનમાં હાજર રહેવાનું કહ્યું છે. પોલીસ કામરાનું નિવેદન નોંધીને પૂછપરછ કરવા માગે છે.

પોલીસે અગાઉ કામરાને બે વાર નોટિસ મોકલી પોલીસ સ્ટેશનમાં હાજર થવાનું કહ્યું હતું.

ખાર વિસ્તારમાં યુનિકોન્ટિનેન્ટલ હોટેલમાં શો દરમિયાન ૩૬ વર્ષના કામરાએ એકનાથ શિંદે વિશે વાંધાજનક ગીત રજૂ કર્યું હતું, જેને કારણે શિંદે જૂથના કાર્યકરો ઉશ્કેરાયા હતા અને રવિવારની રાતે હોટેલમાં તોડફોડ કરી હતી. આ પ્રકરણે ખાર પોલીસે ગુનો નોંધી ૧૨ કાર્યકરની ધરપકડ પણ કરી હતી.દરમિયાન શિવસેનાના વિધાનસભ્ય મુરજી પટેલે નોંધાવેલી ફરિયાદને આધારે કામરા વિરુદ્ધ પણ ગુનો નોંધાયો હતો. શો દરમિયાન કામરાએ શિંદેનું નામ લીધા વિના તેમને ગદ્દાર તરીકે સંબોધ્યા હતા.

## પોલીસે સહનશક્તિની પરીક્ષા ન કરવી, કામરાની તત્કાળ અટક કરોઃ શંભુરાજે દેસાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના પ્રવાસન ખાતાના પ્રધાન અને શિવસેનાના નેતા શંભુરાજે દેસાઈએ ગુરુવારે કહ્યું હતું કે પોલીસે કોમેડિયન કુણાલ કામરાની વહેલામાં વહેલી તકે ધરપકડ કરવી જોઈએ અને શિવસૈનિકોની ધીરજની પરીક્ષા કરવી ન જોઈએ.

મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની પેરડી પર નારાજ શિવસેનાના કાર્યકર્તાઓએ રવિવારે રાતે મુંબઈમાં જે સ્ટુડિયોમાં કામરાના શોનું રેકોર્ડિંગ થયું હતું તેની તોડફોડ કરી હતી.

અમને શિંદે દ્વારા શાંતિ રાખવા જણાવવામાં આવ્યું છે, આથી જ અમે શાંત છીએ. શિવસેનાના કાર્યકર્તા તરીકે અમને તે જ્યાં છુપાયો હોય ત્યાંથી ઘસડીને લાવતા આવડે છે, પરંતુ પ્રધાન તરીકે અમારી કેટલીક મર્યાદા છે, એમ દેસાઈએ પુણેમાં પત્રકારોને કહ્યું હતું.

અમે પોલીસને કહેવા માગીએ છીએ કે અમારી ધીરજની પરીક્ષા કરશો નહીં, તેને જ્યાં હોય ત્યાંથી તત્કાળ ધરપકડ કરીને ટાયરમાં બાંધીને 'પ્રસાદ' આપો, એમ તેમણે કહ્યું હતું.

## સરકારનું અજબ વલણ, કામરા મુદ્દે ધમાધમ પણ સોલાપુરકર મુદ્દે શાંતઃ ઉદ્ધવ

### 'સૌગાત-એ-મોદી નહીં પણ સૌગાત-એ-સત્તા'

ભાજપની સૌગાત-એ-મોદી પર બોલતાં તેમણે કહ્યું હતું કે ભાજપની સૌગાત-એ-સત્તા ફક્ત બિહારની ચૂંટણી સુધી જ ચાલવાની છે કે પછી કાયમ ચાલુ રહેશે? ભાજપે એવું જાહેર કરી નાખવું જોઈએ કે તેમણે હિંદુત્વ છોડી દીધું છે.

જ્યારે શિવસેનાને મુસ્લિમ મતદારોનો સારો સાથ મળ્યો ત્યારે તેમણે એવા ગંભીર આક્ષેપો કર્યા હતા કે મેં હિંદુત્વ છોડી દીધું છે. તેમણે સત્તા જિહાદ જેવા શબ્દોનો પણ ઉપયોગ કર્યો હતો, પરંતુ હવે આ જ લોકોએ પોતાની ભૂમિકા બદલી નાખી છે, એમ તેમણે કહ્યું હતું.

ભાજપની કોમી મુદ્દે ટીકા કરતાં તેમણે કહ્યું હતું કે મુસ્લિમોને પોલીસ કાર્યવાહીનો સામનો કરવો પડે છે. તેમના ઘરો સળગાવી દેવામાં આવે છે. હિંદુઓને જ મુસ્લિમો સામે રમખાણો કરવા પ્રેરિત કરાય છે.

ભાજપે ઈસ્લામ સામે ઘણા વર્ષોથી ઝેર ઘોળ્યું છે. હવે તેઓ મુસ્લિમ સમાજ તેમને માટે મતદાન કરે એવી ઈચ્છા રાખે છે. ભાજપે સ્પષ્ટ કરવું જોઈએ કે તેઓ મુસ્લિમોને ઝેર આપવા માગે છે કે ભોજન આપવા માગે છે.

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેએ ગુરુવારે કહ્યું હતું કે મહારાષ્ટ્ર સરકારે કોમેડિયન કુણાલ કામરાને 'ગદ્દારો'નું અપમાન કરવા માટે સમન્સ પાઠવ્યા છે, પરંતુ હજી સુધી અભિનેતા રાહુલ સોલાપુરકર સામે છત્રપતિ શિવાજી મહારાજનું અપમાન કરવા બદલ કોઈ પગલાં લીધા નથી.

તેમણે ભાજપની સૌગાત-એ-મોદી પહેલની પણ ટીકા કરી હતી. આ યોજના હેઠળ ઈદના દિવસે મુસ્લિમોને વિશેષ કિટ આપવામાં આવશે. ઉદ્ધવે આને સૌગાત-એ-સત્તા ગણાવી હતી અને એવો આરોપ લગાવ્યો હતો કે ભગવી પાર્ટી પર પાખંડ કરવાનો આરોપ લગાવ્યો હતો.

જ્યારે ગદ્દાર સામે ટિપ્પણી કરવામાં આવી ત્યારે જે સ્ટુડિયોમાં આ ટિપ્પણી કરાઈ હતી તેની તોડફોડ કરવામાં આવી અને કામરાને બે સમન્સ મોકલી આપવામાં આવ્યા. પરંતુ શિવાજી મહારાજનું અપમાન કરનારા રાહુલ સોલાપુરકરને એકેય સમન્સ મોકલવામાં આવ્યા છે? એમ ઠાકરેએ પુછ્યું હતું.

કામરા સામે પગલાં લેવાનો તમને શો અધિકાર છે? તમે કોની છબીને બચાવવા માગો છો? એવા સવાલ તેમણે ઉપસ્થિત કર્યા હતા.

## મુંબઈ હાઉસિંગ રિડેવલપમેન્ટ
## મહાપ્રીત અને એનબીસીસી વચ્ચે સમજૂતીના કરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહાત્મા ફુલે રિન્યુએબલ એનર્જી એન્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ટેકનોલોજી લિમિટેડ (મહાપ્રીત) અને ભારત સરકારના હાઉસિંગ અને શહેરી બાબતોના મંત્રાલય હેઠળની નવરત્ન કંપની એનબીસીસી (ઇન્ડિયા) લિમિટેડ, નવી દિલ્હીએ વિવિધ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ અમલમાં મૂકવા માટે મુંબઈમાં એક સમજૂતીના કરાર (એમઓયુ) પર હસ્તાક્ષર કર્યા છે.

એનબીસીસી (ઇન્ડિયા) લિમિટેડ મોટા હાઉસિંગ પ્રોજેક્ટ્સ, આઈટી ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને પ્રોજેક્ટ ફંડિંગ સહિત સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સની કલ્પના અને અમલીકરણમાં નિષ્ણાત છે.

મહાપ્રીત હાલમાં પ્રધાનમંત્રી આવાસ યોજના (પીએમએવાય) અને સસ્તા આવાસ યોજનાઓ હેઠળ થાણે ક્લસ્ટર ડેવલપમેન્ટ પ્રોજેક્ટ, ભિવંડી મ્યુનિસિપલ કોર્પોરેશન અને ચંદ્રપુર મ્યુનિસિપલ કોર્પોરેશન જેવા મોટા પ્રોજેક્ટ્સ અને એફોર્ડેબલ હાઉસિંગ યોજનાઓનું અમલીકરણ કરી રહી છે. મુંબઈમાં, મહાપ્રીત લગભગ ૫૬ એસઆરએ (ઝૂંપડપટ્ટી પુનર્વસન સત્તામંડળ) પ્રોજેક્ટ્સ અમલમાં મૂકશે. મુંબઈ અને એમએમઆરમાં ઘણી ખાનગી સહકારી હાઉસિંગ સોસાયટીઓએ પણ પુનઃવિકાસ ચર્ચા માટે મહાપ્રીતનો સંપર્ક કર્યો છે. આ એમઓયુ હેઠળ મહાપ્રીત અને એનબીસીસી મુંબઈની હાઉસિંગ રિડેવલપમેન્ટની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે સહયોગ કરશે.

મહાપ્રીતના મેનેજિંગ ડિરેક્ટર બિપિન શ્રીમાળીએ જણાવ્યું હતું કે એનબીસીસી સાથેના સહયોગથી હાઉસિંગ રિડેવલપમેન્ટને સરળ બનાવશે અને સોસાયટીઓને પરિવર્તનમાંથી પસાર થવાની તકો પૂરી પાડશે. કેન્દ્ર સરકારની એજન્સીઓ પાસે હવે ડેવલપર્સને પસંદ કરવાનો વિકલ્પ હોવાથી, રાજ્ય સરકારના નિયમો અનુસાર રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સ અમલમાં મૂકવામાં આવશે.

## માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામનારના પરિવારને ટ્રિબ્યુનલે અપાવ્યું ૨૮ લાખ રૂપિયાનું વળતર

થાણેઃ અકસ્માતમાં મૃત્યુ પામેલી વ્યક્તિના પરિવારને મોટર એક્સિડન્ટ ક્લેઇમ્સ ટ્રિબ્યુનલ (એમએસીટી) દ્વારા ૨૮ લાખ રૂપિયાનું વળતર અપાવવામાં આવ્યું હતું. સંજય ક્રિષ્ના પાટીલ (૪૯)નું ૨૦૧૮માં રોડ અકસ્માતમાં મૃત્યુ થયું હતું.

સંજયની પત્ની રંજના પાટીલ, તેના ત્રણ બાળકો અને તેના માતાપિતા દ્વારા કરાયેલી અરજીમાં જણાવાયું હતું કે ૧૦મી જુલાઇ, ૨૦૧૮ના થાણે-નાશિક હાઇવે પર સંજયની સ્કૂટરને બેદરકારીથી ચલાવી રહેલા ડમ્પર ટ્રકે ટક્કર આપી હતી. સંજય ટ્રાન્સપોર્ટ કંપનીમાં મેનેજર હતો અને તેનું મહિનાનું વેતન ૨૮,૦૦૦ રૂપિયા હતું, એમ દાવામાં જણાવાયું હતું. આ કેસમાં ડમ્પર માલિક સરદાર બાબા પટેલ અને આઇસીઆઇસીઆઇ લોમ્બાર્ડ જનરલ ઇન્શ્યોરન્સ પ્રતિવાદી હતા.

## ત્રણ વર્ષની બાળકીનો મૃતદેહ તેના જ ઘરના બાથરૂમના માળિયા પરથી મળ્યો

ગળું દબાવીને હત્યા કર્યા પછી બાળકીના પિતા પાસેથી ખંડણી માગવાની પડોશીની યોજના હતી, પણ પોલીસ તપાસમાં લાગી એટલે મૃતદેહ બૅગમાં ભરી બાળકીના ઘરમાં જ સંતાડ્યો ▶ આરોપીએ ઑનલાઈન ગૅમિંગ ઍપમાં નાણાં ગુમાવ્યાં હતાં અને પત્ની સાથેના ઝઘડાનો રોષ હતો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નવી મુંબઈના તળોજા ખાતે બનેલી ચોંકાવનારી ઘટનામાં ગુમ થયેલી ત્રણ વર્ષની બાળકીનો મૃતદેહ તેના જ ફ્લૅટના બાથરૂમની ઉપરના માળિયા પરથી મળી આવ્યો હતો. ગળું દબાવીને બાળકીની હત્યા કર્યા પછી મૃતદેહને બૅગમાં ભરીને માળિયા પર સંતાડવા બદલ પોલીસે પડોશીની જ ધરપકડ કરી હતી. ઑનલાઈન ગૅમિંગમાં નાણાં ગુમાવનારા આરોપીએ બાળકીના પિતા પાસેથી ખંડણી વસૂલવાની યોજના બનાવી હતી, પરંતુ પોલીસથી ડરીને તેણે મૃતદેહ બાળકીના જ ઘરમાં સંતાડ્યો હતો.

તળોજા પોલીસના જણાવ્યા મુજબ મૃતકની ઓળખ ત્રણ વર્ષની હર્ષિકા શર્મા તરીકે થઈ હતી. બાળકી તેના વડીલો અને મોટા ભાઈ સાથે તળોજામાં દેવીચા પાડા સ્થિત માઉલી કૃપા બિલ્ડિંગના બીજા માળે આવેલા ફ્લૅટમાં રહેતી હતી.પોલીસ ફરિયાદ અનુસાર મંગળવારની બપોરે ૧૨.૩૦ વાગ્યાની આસપાસ બાળકી ઘર બહારના પેસેજમાં રમતી હતી ત્યારે તેની માતા પણ ત્યાં બેઠી હતી. જોકે કંઈ કામ નિમિત્તે માતા થોડી મિનિટો માટે ઘરમાં ગઈ ત્યારે બાળકી એકાએક ગુમ થઈ ગઈ હતી. બાળકી નજરે ન પડતાં માતાએ તેની શોધખોળ કરી હતી. સાંજ સુધી બાળકીની કોઈ ભાળ ન મળતાં આખરે બાળકીના પિતા અમરીષ શર્માએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો.

પોલીસ બાળકીની શોધ ચલાવી રહી ત્યારે બુધવારની રાતે તેનું શબ ફ્લૅટમાં બાથરૂમની ઉપરના માળિયા પરથી મળી આવ્યું હતું. દોરીથી ગળું દબાવી હત્યા કર્યા બાદ બાળકીના શબને રેક્ઝિનની બૅગમાં ભરવામાં આવ્યું હતું. બાળકીનો મૃતદેહ તેના જ ઘરમાંથી મળતાં પોલીસને પણ આશ્ચર્ય થયું હતું.

કેસની તપાસ માટે તળોજા પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર પ્રવીણ ભગતની આગેવાનીમાં અધિકારીઓની પાંચ ટીમ બનાવવામાં આવી હતી. ડૉગ સ્ક્વોડને પણ ઘટનાસ્થળે બોલાવવામાં આવી હતી. એ સિવાય ક્રાઈમ બ્રાન્ચની ટીમ પણ તપાસમાં લાગી હતી.

બિલ્ડિંગના રહેવાસીઓની પૂછપરછમાં બાળકીનો મૃતદેહ જે બૅગમાં મળ્યો હતો તે શર્માના સામેના ફ્લૅટમાં રહેતા મોહમ્મદ અન્સારીની હોવાનું જણાયું હતું. પૂછપરછમાં અન્સારીએ ગુનો કબૂલ્યો હોવાનો દાવો પોલીસે કર્યો હતો.

બાળકો ઘરબહારના પેસેજમાં રમતાં હતાં તે મુદ્દે આરોપીની પત્ની અને બાળકીની માતા વચ્ચે વારંવાર ઝઘડા થતા હતા. આ વાતનો આરોપીને ગુસ્સો હતો. વળી, તાજેતરમાં તેણે ઑનલાઈન ગૅમમાં રૂપિયા ગુમાવ્યા હતા. બાળકીની હત્યા પછી મૃતદેહને ઠેકાણે પાડી તેના પિતા પાસેથી ખંડણી માગવાની આરોપીની યોજના હતી, પરંતુ બાળકી ગુમ થયાની બૂમાબૂમ અને પોલીસ આવી પહોંચતાં આરોપી શબને ઠેકાણે પાડી શક્યો નહોતો. બાળકીના વડીલો ફ્લૅટનો દરવાજો ખુલ્લો મૂકીને બાળકીની શોધ ચલાવી રહ્યા હતા ત્યારે આરોપીએ તક ઝડપી મૃતદેહને તેના જ ઘરમાં સંતાડ્યો હતો, એવી કબૂલાત આરોપીએ કરી હતી.

## રિલાયન્સ ફાઉન્ડેશન-યુએન ઈન્ડિયા ડિઝાસ્ટર મેનેજમેન્ટની ગુજરાત ખાતે આયોજિત પરિષદમાં હોનારતોના નવતર, પહોંચપાત્ર, પગલાં ભરી શકાય તેવા અર્લી વોર્નિંગ ઉપાયો પર ભાર મુકાયો

મુંબઈઃ રિલાયન્સ ફાઉન્ડેશન તેમ જ યુનાઈટેડ નેશન્સ ઈન્ડિયાના સંયુક્ત ઉપક્રમે મંગળવારે અહીં આયોજિત એક પરિષદમાં ડિઝાસ્ટર રિસ્ક મેનેજમેન્ટ સિસ્ટમમાં ભવિષ્યલક્ષી તૈયારીઓ માટે સાહસિક તેમ જ પરિવર્તનકારી પગલાંની માગ કરાઈ હતી. 'અર્લી વોર્નિંગ ઍન્ડ અર્લી એક્શન - એ મલ્ટિ-હેઝાર્ડ, મલ્ટિ-સ્ટેકહોલ્ડર્સ એપ્રોચઃ એક્સપિરિયન્સીસ, લર્નિંગ્સ ઍન્ડ શેરિંગ' નામની આ ઈવેન્ટમાં ભારતની અંદર ડિઝાસ્ટર રિસ્ક મેનેજમેન્ટનું સ્તર ઊંચું લાવવા જ્ઞાનની વહેંચણી અને અગત્યની ચર્ચા યોજાઈ હતી. રિલાયન્સ ફાઉન્ડેશન અને ભારતમાં યુએન દ્વારા ડિઝાસ્ટર રિસ્કમાં ઘટાડા માટે પ્રાદેશિક સ્તરે મળેલા બોધપાઠ તેમ જ નવતર ઉપાયોની માવજત કરવા ભાગીદારી સાધવામાં આવી છે. આ ભાગીદારીના ભાગરૂપે, શ્રેણીબદ્ધ પરિષદોનું આયોજન કરવામાં આવ્યું છે, જેથી અર્લી વોર્નિંગ સિસ્ટમ અને અર્લી એકશનને વિસ્તારવાની સાથે, અનેકવિધ-હોનારતો માટે સ્થાનિકીકૃત અને ક્ષેત્ર-આધારિત અભિગમ દાખવતા ચેતવણીને જીવન - બચાવનારાં અસરકારક પગલામાં તબદિલ કરી શકાય.

આ અંગેના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, ડૉ. જયંતી રવિએ વર્તમાન પેઢી તેમ જ આવનારી પેઢીઓને ધ્યાનમાં રાખીને સાહસિક પગલાં ભરવાની હિમાયત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, 'કચ્છે વિનાશકારી ભૂકંપથી માંડીને વાવાઝોડાં તથા પૂરની અસંખ્ય હોનારતોનો સામનો કર્યો છે, પરંતુ આ ધરતીની સંસ્કૃતિ જ કાંઈક અલગ છે અને તેમાં પણ કચ્છના લોકો તો મુસીબતો સામે હંમેશાં લડાયક મિજાજ દાખવવા માટે જાણીતા છે. આ પરિષદોના આયોજનોથી આપણે શીખેલા બોધપાઠમાં અભિવૃદ્ધિ થાય છે, ત્યારે માનનીય વડા પ્રધાનની પરિકલ્પનાથી પ્રેરિત થઈને જ આપણે આ સ્થળ, સ્મૃતિવન બે ડગલાં આગળ વધીને અનેકવિધ હોનારતો સામેની તૈયારી, આયોજન અને તાલીમનું કેન્દ્ર બને તેમ ઈચ્છીએ છીએ, જેથી લોકોમાં સામાજિક અને વર્તણૂકમાં પરિવર્તન આવી શકે.' ■

## શ્રી વિરજી દેવરાજ ગડા

મુંબઈઃ ''શ્રી વિરજી દેવરાજ ગડા'' ઉદ્યોગ વ્યવસાયમાં તેમનું નોંધપાત્ર કાર્ય કરી રહ્યા છે. દાદરમાં પાનેરી એ સાડીઓ માટે છેલ્લાં ૩૫ વર્ષથી પ્રસિદ્ધ છે. આવા અનેક વ્યવસાયમાં તેમણે ઉત્તમ કામગીરી કરીને તેમની સામાજિક કાર્યની બાજુનું પણ ગંભીરપણે સંભાળી છે. સામાજિક કાર્યોમાં પણ તે ક્યારેય પાછળ રહ્યા નથી.

''ગૌ શાળાઓ માટે'' તેણે પોતાની જમીનો આપી અને તેનો ઉછેર કર્યો. કેટલાંક વર્ષો મહારાષ્ટ્ર અને ગુજરાત આ ઠેકાણે ૧૦થી વધુ ગૌ શાળાઓ માટે તેમની સંભાળ, ખોરાક, આશ્રય આ બધી બાબતોનું ધ્યાન રાખે છે. આ પ્રમાણે કોઈપણ કામ કર્યું ના હોઈ સત્કારમૂર્તિ ''શ્રી વિરજી દેવરાજ ગડા''એ આ નોંધપાત્ર કામ કર્યું છે. તેમના આ કાર્યની નોંધ લઈને ''વર્લ્ડ રેકોર્ડ બુક ઑફ ઈન્ડિયા''માં તેમના આ કાર્યની નોંધ થઈ હોઈ આ સન્માન સમારોહ ૨૪ માર્ચ, ૨૦૨૫ના રોજ સિટીલાઈટ હોલ, દાદર ખાતે ખૂબ જ ઉત્સાહ સાથે પાર પડ્યો હતો. આ કાર્યક્રમ માટે અનેક દિગ્ગજ મંડળના મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતા.

સામાજિક અને ન્યાય મંત્રી મા. રામદાસજી આઠવલે સાહેબ, વરિષ્ઠ અભિનેતા મા. મહેશ વામન માંજરેકર, સૌ. શર્મિલા રાજ ઠાકરે તેમજ અભિનેતા અમિત ભાનુશાલી, નાટય નિર્માતા મા. રાહુલ મધુકર ભંડારે આવા દિગ્ગજ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. ■

## દિશા સાલિયનના પિતા ફરી જૉઈન્ટ કમિશનરને મળ્યાઃ ગુનો નોંધી કાર્યવાહીની માગણી કરી

મુંબઈઃ મલાડમાં ૨૦૨૦માં જીવ ગુમાવનારી સેલિબ્રિટી મૅનેજર દિશા સાલિયનના પિતા ગુરુવારે ફરી મુંબઈના જૉઈન્ટ પોલીસ કમિશનરને મળ્યા હતા અને તેમની ફરિયાદને આધારે શિવસેના (યુબીટી)ના નેતા આદિત્ય ઠાકરે અને અન્યો વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી કરવાની માગણી કરી હતી.

દિશાના પિતા સતીશ સાલિયન તેમના વકીલો સાથે ગુરુવારે બપોરે ત્રણ વાગ્યે દક્ષિણ મુંબઈમાં આવેલા પોલીસ મુખ્યાલયમાં પહોંચ્યા હતા. જૉઈન્ટ પોલીસ કમિશનર (ક્રાઈમ)ને મળી તેમની દીકરી દિશાની હત્યા કરવામાં આવી હતી અને ગુના પ્રત્યે ઢાંકપિછોડો કરવામાં આવ્યો હોવાનો દાવો પિતા સતીશ સાલિયને કર્યો હતો.

મીટિંગમાં સતીશ સાલિયન અને તેમના વકીલોએ લેખિત ફરિયાદમાં જે વ્યક્તિનાં નામ નોંધવામાં આવ્યાં હતાં તેમની સામે એફઆઈઆર નોંધવા સંબંધી ચર્ચા કરી હતી. વરિષ્ઠ પોલીસ અધિકારી સાથે ચર્ચા બાદ પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યું હતું કે હું આજે જ નાર્કો એનાલિસીસ ટેસ્ટ કરાવવા તૈયાર છું. જોકે મારી સાથે આદિત્ય ઠાકરે સહિત મારી અરજીમાં જેમનાં નામ છે તેમની પણ ટેસ્ટ થવી જોઈએ.

ઉલ્લેખનીય છે કે શિવસેના (યુબીટી)ના સાંસદ અરવિંદ સાવંતે બુધવારે એક ચૅનલ સાથેની વાતચીતમાં સતીશ સાલિયનની નાર્કો ટેસ્ટની માગણી કરી હતી.

વરિષ્ઠ અધિકારી સાથેની મીટિંગના હેતુ અંગે પૂછવામાં આવતાં સતીશ સાલિયનના વકીલોએ જણાવ્યું હતું કે અમારી ફરિયાદની નોંધ લેવાની પ્રક્રિયા ચાલી રહી હોવાનું રાજ્ય સરકારે કહ્યું હતું, પરંતુ હજુ સુધી એફઆઈઆર નોંધવામાં આવ્યો નથી.

એક વકીલે એવું પણ જણાવ્યું હતું કે આ કેસમાં સીબીઆઈ તપાસની પણ અમે માગણી કરી છે.

આ કેસ પર સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી) કામ કરી રહી છે. (પીટીઆઈ)

## સાંતાક્રુઝ-માહિમ વચ્ચે શનિવાર રાત્રે સાડાબારથી રવિવારે સવારે સાડાચાર સુધી હશે જમ્બો બ્લોક

મુંબઈઃ પશ્ચિમ રેલવેમાં ટ્રેક, સિગ્નલિંગ અને ઓવરહેડ સાધનોના જાળવણી કાર્ય માટે શનિવારે મધરાત પછી સાડાબાર વાગ્યાથી રવિવારે સવારે સાડાચાર વાગ્યા સુધી માહિમ અને સાંતાક્રુઝ વચ્ચે જમ્બો બ્લોક હશે.ડાઉન સ્લો લાઇન પર રાત્રે એકથી વહેલી સવારે ૪:૩૦ વાગ્યા સુધી સાડાત્રણ કલાકનો અપ સ્લો લાઇન પર રાત્રે ૧૨.૩૦થી સવારે ૪:૩૦ વાગ્યા સુધી ચાર કલાકનો બ્લોક રાખવામાં આવશે.

બ્લોક સમયગાળા દરમિયાન, મુંબઈ સેન્ટ્રલ (સ્થાનિક) અને સાંતાક્રુઝ વચ્ચે ડાઉન સ્લો લાઇન ટ્રેનો ડાઉન ફાસ્ટ લાઇન પર દોડાવવામાં આવશે. આ કારણે, પ્લેટફોર્મની લંબાઈ અપૂરતી હોવાથી, લોકલ ટ્રેનોને લોઅર પરેલ, માહિમ અને ખાર રોડ સ્ટેશનો પર ડબલ સ્ટોપ મળશે. પ્લેટફોર્મના અભાવે આ ટ્રેનો મહાલક્ષ્મી, પ્રભાદેવી અને માટુંગા રોડ સ્ટેશનો પર રોકાશે નહીં.તેવી જ રીતે, અપ સ્લો લાઇન ટ્રેનો સાંતાક્રુઝથી મુંબઈ સેન્ટ્રલ (લોકલ)/ ચર્ચગેટ સુધી યુપી ફાસ્ટ લાઇન પર દોડાવવામાં આવશે. તેથી, પ્લેટફોર્મની લંબાઈ અપૂરતી હોવાથી, આ ટ્રેનોને ખાર રોડ સ્ટેશન પર બે વાર રોકવામાં આવશે. પૂરતા લાંબા પ્લેટફોર્મના અભાવે આ ટ્રેનો માહિમ, માટુંગા રોડ, પ્રભાદેવી, લોઅર પરેલ અને મહાલક્ષ્મી સ્ટેશનો પર રોકાશે નહીં.

## ભંગાર વેચી પશ્ચિમ રેલવે ૫૦૭ કરોડ રૂપિયા કમાઈ

મુંબઈઃ પશ્ચિમ રેલ્વેએ શરૂ કરેલી 'ઝીરો સ્ક્રેપ' ઝુંબેશના ભાગરૂપે, રેલવે વિસ્તારમાં ભંગાર ધાતુ એકત્રિત કરીને વેચવામાં આવી રહી છે. ૨૦૨૪ -૨૫માં પશ્ચિમ રેલ્વેએ ભંગારના વેચાણથી ૫૦૭.૭૮ કરોડ રૂપિયાથી વધુની આવક મેળવી છે. પશ્ચિમ રેલવેની સીમાઓમાં રેલવે ટ્રેકના ભાગો, થાંભલા, વિવિધ ધાતુની સામગ્રી વગેરે જેવો કાટમાળ મોટા પ્રમાણમાં પડ્યો રહે છે. જે જગ્યા તો રોકે જ છે અને ચોમાસામાં અહીં પાણી એકઠું થવાને કારણે મચ્છરો પણ થાય છે. આથી, પશ્ચિમ રેલ્વેએ આ ભંગાર સામગ્રી દૂર કરવા 'ઝીરો ભંગાર' ઝુંબેશ હાથ ધરી છે. આ ઝુંબેશ હેઠળ, દરેક વિભાગ, ફેક્ટરી અને કાર શેડમાંથી ભંગાર સામગ્રી એકત્રિત કરવામાં આવી રહી છે, જેમાં લોખંડ, સ્ટીલ, એલ્યુમિનિયમ, પિત્તળ, તાંબુ અને અન્ય ધાતુની વસ્તુઓનો સમાવેશ થાય છે. આ ઊપરાંત જૂના રેલવે કોચ, એન્જિન, માલ ડબ્બા, પૈડા વગેરે પણ વેચવામાં આવ્યા. આ ભંગાર સામગ્રીના વેચાણમાંથી, પશ્ચિમ રેલવેને ૨૧ માર્ચ, ૨૦૨૫ સુધીમાં ૫૦૭.૭૮ કરોડ રૂપિયા મળ્યા છે.

## સંસ્થા સમાચાર

### શ્રી કચ્છી લોહાણા મહાજન દ્વારા શ્રી દરિયાલાલની જન્મ જયંતીનું આયોજન

શ્રી કચ્છી લોહાણા મહાજન મુંબઈ દ્વારા દરિયાસ્થાન સ્ટ્રીટ વડગાદીના દરિયાલાલ મંદિરે આ રવિવારે તેમના કુળદેવ શ્રી દરિયાલાલની જન્મ જયંતી અને ચૈત્રી બીજ દર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે સાત વાગ્યાથી શરૂ થનાર ઉત્સવમાં સામૈયા, આરતી, મહાપ્રસાદ અને પ્રસાદનું વિતરણ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં તમામ જ્ઞાતિજનોને ભાગ લેવાનું આમંત્રણ આપવામાં આવ્યુ છે.

### ડૉ. કલ્પના દવેને એનાયત થયો પ્રિયદર્શની લિટરરી એવૉર્ડ-૨૦૨૫




માનવસેવામાં અગ્રેસર ભૂમિકા ભજવતી મુંબઈ સ્થિત પ્રિયદર્શની એકેડેમી છેલ્લા ચાર દાયકાથી સામાજિક-શૈક્ષણિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો ભજવી રહી છે. દર વર્ષે આ સંસ્થા હિન્દી, મરાઠી, ગુજરાતી અને સીંધી ભાષામાં યોગદાન આપનાર સર્જકનું બહુમાન કરે છે. મંગળવારે પચીસ માર્ચે આ સંસ્થાએ સાહિત્યિક એવૉર્ડનો કાર્યક્રમ આયોજિત કર્યો હતો. એમાં ડૉ. કલ્પના દવેને 'પ્રિયદર્શની લિટરરી એવૉર્ડ-૨૦૨૫'થી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. તેમને રોકડ રકમ અને સ્મૃતિચિહ્ન આપવામાં આવ્યું હતું. ડૉ. કલ્પના દવેએ અઢી દાયકાની તેમની જર્નીમાં જીવનચરિત્ર, નવલકથા, લઘુનવલ, ટૂંકીવાર્તા, સાહિત્યક સંશોધન, અનુવાદ, સંપાદન જેવા વિવિધ ક્ષેત્રોમાં કામ કર્યું છે. જીવનના મેઘધનુષી રંગોને વાસ્તવિક ભૂમિ પર દર્શાવીને ડૉ. કલ્પના દવેનાં ૪૪ પુસ્તકો પ્રકાશિત થયાં છે. 'મુંબઈ સમાચાર'માં દર રવિવારે 'આકાશ મારી પાંખ'માં તેમનો લેખ પ્રકાશિત થાય છે, જે ખૂબ લોકપ્રિય છે.

### પૂ. મુનીરાજજી શ્રી જયચંદ્રસાગરજી મ.સા.ની નિશ્રામાં વાલકેશ્વરમાં ચૈત્ર માસની ઓળી

આગમોધ્ધારક શ્રી આનંદસાગર સૂરિ સમુદાયના રાષ્ટ્રસંત, મહામાંગલિકસમ્રાટ, પૂ. આ. ભગવંત શ્રી ચન્દ્રાનનસાગરસૂરિશ્વરજી મ.સા.ના શિષ્ય ૯૯મી વર્ધમાન તપ ઓળી આરાધક, પૂ. મુનીરાજજી શ્રી જયચંદ્રસાગરજી મ.સા. અને પૂ. મુનીરાજજી શ્રી મંગલચંદ્રસાગરજી મ.સા. આદિ થાણા વલસાડ, ગુજરાતમાં યશસ્વી ચાતુર્માસ સંપન્ન કરીને મુંબઈ પધાર્યા છે. તેઓ બાબુ અમીચંદ પનાલાલ આદિશ્વરજી જિનાલયમાં ૨૮ માર્ચથી ૨૦ એપ્રિલ સુધી ચૈત્ર માસની ઓળી નિમિત્તે સ્થિરતા થશે. ૧૬ એપ્રિલે પૂ. મુનીરાજજી શ્રી જયચંદ્રસાગરજી મ.સા.ની ૯૯મી ઓળીનું પારણું થશે.

### શ્રી નાકોડા-ભૈરવ દર્શન ધામ તીર્થમાં મહામાંગલિક અને ભોજનશાળાનું ઉદ્‌ઘાટન

દાદાગુરુદેવ ગચ્છાધિપતિ પ.પૂ. આચાર્યદેવ શ્રી દર્શનસાગરસૂરિશ્વરજી મહારાજા, સંગઠન પ્રેમી પ.પૂ. આચાર્યદેવ શ્રી નિત્યોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના શુભઆશિષ, ૨૫૦ મંદિરોના પ્રતિષ્ઠાકારક, રાષ્ટ્રસંત પ.પૂ. આચાર્ય શ્રી ચન્દ્રાનનસાગરસૂરિશ્વરજી મ.સા.ના મહામાંગલિકનું ૩૦ માર્ચે સવારે ૯ કલાકે પાલઘર જિલ્લાના મનોર પાસે ગામ ઢેકાલેમાં શ્રી નાકોડા-ભૈરવ દર્શન ધામ જૈન મહાતીર્થમાં આયોજન કરવામાં આવ્યું છે. એ પ્રસંગે પૂ. સાધ્વીજી શ્રી કલ્પિતાશ્રીજી મ.સા. અને શ્રી ચારુતાશ્રીજી મ.સા.(બેન મ.સા.) આદિ ઠાણા હાજર રહેશે. આ સાથે જ શ્રી ઘેવર-ભૈરવ ચન્દ્ર-દર્શન જૈન ભોજનશાળાનું ઉદ્‌ઘાટન થશે. કર્ણાટકના રાજ્યપાલ થાવરચંદ ગેહલોત મુખ્ય અતિથિરૂપે હાજર રહેશે.




# આજે ચેન્નઈ સામે જીતવા બેંગલૂરુ ટીમ ખૂબ સમજી વિચારીને નક્કી કરવી પડશેઃ શેન વૉટ્સને

ચેન્નઈઃ ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)ની જેમ રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)ની ટીમ પોતપોતાની પ્રથમ મૅચ જીતીને હવે આજે (સાંજે ૭.૩૦ વાગ્યાથી) ચેપૉકના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં સામસામે આવી રહી છે જેમાં સીએસકેને હરાવવું આરસીબી માટે આસાન નહીં હોય, પરંતુ ઑસ્ટ્રેલિયાના દિગ્ગજ શેન વૉટસને આરસીબીએ જીતવા માટે શું કરવું એના ઉપાય સૂચવ્યા છે.

આરસીબીએ બાવીસમી માર્ચે કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર)ની ટીમને સાત વિકેટથી હરાવી હતી, જ્યારે બીજા દિવસે સીએસકેનો ચેન્નઈમાં મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ) સામે ચાર વિકેટે વિજય થયો હતો. હવે આરસીબીએ સીએસકેના જ હોમ-ગ્રાઉન્ડ પર એને હરાવવાનો પડકાર ઝીલવાનો છે.

શેન વૉટ્સન આઇપીએલમાં સીએસકે અને આરસીબી, બન્ને ટીમ વતી રમી ચૂક્યો છે. બીજી રીતે કહીએ તો તે ધોની અને વિરાટ, બન્ને સાથે ડ્રેસિંગ-રૂમ શૅર કરી ચૂક્યો છે. વૉટ્સને આજની મૅચ વિશે કહ્યું હતું કે 'ચેપૉકના ગ્રાઉન્ડ પર જીતવું ભલભલી ટીમ માટે મુશ્કેલ હોય છે. સીએસકે માટે ચેપૉક એટલે એક કિલ્લા સમાન છે. ચેપૉક પર સીએસકેની સફળતાનું સૌથી મોટું કારણ એ છે કે એની પાસે બહુ સારા સ્પિનર્સ છે. સીએસકેની ટીમ હોમ-ગ્રાઉન્ડને લક્ષમાં રાખીને જ બનાવવામાં આવતી હોય છે. રવીન્દ્ર જાડેજા, આર. અશ્વિન અને નૂર અહમદની જ વાત કરીએ. મુંબઈ સામેની પ્રથમ મૅચમાં તેમણે બહુ સારું પ્રદર્શન કર્યું હતું. ખાસ કરીને નૂરનાં પર્ફોર્મન્સથી ટીમનું મનોબળ ઘણું વધી ગયું હશે. સીએસકેને હવે ખાતરી થઈ ગઈ છે કે વિકેટો લેવા માટે એની પાસે હવે વધુ એક વિકલ્પ છે.'

અફઘાનિસ્તાનના લેફ્ટ-આર્મ સ્પિનર નૂર અહમદે મુંબઈ સામેની મૅચમાં સૂર્યકુમાર યાદવ, તિલક વર્મા, રૉબિન મિન્ઝ અને નમન ધીરની વિકેટ લીધી હતી. અશ્વિને વિલ જૅક્સને આઉટ કર્યો હતો, જ્યારે ખલીલ અહમદે ત્રણ વિકેટ લીધી હતી.

શેન વૉટ્સને એવું પણ કહ્યું છે કે 'ચેન્નઈ સામે જીતવા બેંગલૂરુએ પોતાની ટીમમાં ફેરફાર કરવો પડશે અને એમાં પણ જરાય ભૂલ નહીં ચાલે. આરસીબીએ ટીમનું સંયોજન ખૂબ સમજી વિચારીને કરવું પડશે.' ■

# પૂરન-માર્શની ૧૧૬ની ભાગીદારીએ જિતાડ્યા

## હૈદરાબાદના ૧૯૦/૯ સામે લખનઊના ૧૯૩/૫ઃ અનિકેતના ૩૬ રનમાં પાંચ સિક્સર, શાર્દુલની ચાર વિકેટ

હૈદરાબાદઃ ગઈ કાલે લખનઊએ ૧૬.૧ ઓવરમાં પાંચ વિકેટે ૧૯૩ રન બનાવીને હૈદરાબાદને પાંચ વિકેટથી હરાવી દીધું હતું. નિકોલસ પૂરન (૭૦ રન, ૨૬ બૉલ, છ સિક્સર, છ ફોર) અને ઓપનર મિચલ માર્શ (બાવન રન, ૩૧ બૉલ, બે સિક્સર, સાત ફોર) વચ્ચેની બીજી વિકેટ માટેની ૧૧૬ રનની ભાગીદારીએ લખનઊ માટે વિજયનો માર્ગ મોકળો કરી આપ્યો હતો. કૅપ્ટન રિષભ પંત (૧૫ રન) હર્ષલ પટેલના કમરથી ઊંચા બૉલમાં ચર્ચાસ્પદ સ્થિતિમાં કૅચઆઉટ થયો હતો. તે ક્રીઝની બહાર હતો એટલે અમ્પાયરે હાઇટનો નો-બૉલ નહોતો આપ્યો અને કૅચઆઉટ જાહેર કરાયો હતો. અબ્દુલ સામદ બાવીસ રને અને મિલર ૧૩ રને અણનમ રહ્યા હતા. એ પહેલાં હૈદરાબાદની ટીમ નવ વિકેટે ૧૯૦ રન બનાવી શકી હતી. ઓપનર ટ્રૅવિસ હેડ (૪૭ રન, ૨૮ બૉલ, ત્રણ સિક્સર, પાંચ ફોર) અને અનિકેત વર્મા (૩૬ રન, ૧૩ બૉલ, પાંચ સિક્સર)એ ટૂંકી ઇનિંગ્સમાં ગજબની ફટકાબાજી કરી હતી. તેના ૩૬ રનમાં પાંચ સિક્સરથી બનેલા ૩૦ રન સામેલ હતા. લખનઊના મુખ્ય પેસ બોલર શાર્દુલ ઠાકુરે ૩૪ રનમાં ચાર વિકેટ લીધી હતી. ■

# જુઓ તો ખરા! પ્રિન્સ યાદવે ટ્રૅવિસ હેડના બે સ્ટમ્પ ઉખાડી નાખ્યાં



હૈદારબાદઃ સનરાઇઝર્સ હૈદરાબાદની ટીમ ગઈ કાલે અહીં બૅટિંગ મળ્યા પછી હંમેશની જેમ આતશબાજી નહોતી કરી શકી તથા સમયાંતરે વિકેટો ગુમાવી હતી અને એમાં પણ ટ્રૅવિસ હેડની ત્રીજી વિકેટ જોવા જેવી હતી. લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી)ના પેસ બોલર પ્રિન્સ યાદવે હેડના ઑફ અને મિડલ સ્ટમ્પ ઉખાડી નાખ્યા હતા.

હેડની વિકેટ પડી ત્યારે હૈદરાબાદનો સ્કોર ૭૬ રનમાં ત્રણ વિકેટ હતો અને આઠમી ઓવર ચાલી રહી હતી.

ઓપનર ટ્રૅવિસ હેડે ૨૮ બૉલમાં ત્રણ સિક્સર અને પાંચ ફોરની મદદથી ૪૭ રન બનાવ્યા હતા અને હાફ સેન્ચુરીની લગોલગ તો હતો જ, હૈદરાબાદે તોતિંગ સ્કોર અપાવવાના મૂડમાં હતો.

જોકે અગાઉ વિકેટ વિનાના રહેલા પ્રિન્સ યાદવે હેડને અદ્ભુત રીતે ક્લીન બોલ્ડ કર્યો હતો. બૉલ હેડના સ્ટમ્પ્સના તળિયે પહોંચ્યો હતો અને પળવારમાં તેના બે સ્ટમ્પ ઉખડી ગયા હતા. સામા છેડે ઊભેલો નીતીશ કુમાર રેડ્ડી જોતો રહી ગયો હતો અને રિષભ પંત તથા સાથી ખેલાડીઓ પ્રિન્સને અભિનંદન આપવા દોડી આવ્યા હતા.

હેડની પહેલાં અભિષેક શર્મા (છ રન) સારું રમવામાં નિષ્ફળ ગયો જ હતો, પરંતુ પાછલી મૅચના સેન્ચુરિયન-વિનર ઇશાન કિશનની હાલત ખરાબ થઈ હતી. શાર્દુલ ઠાકુરના બૉલમાં કિશન (પોતાના પહેલા જ બૉલમાં) વિકેટકીપર પંતને કૅચ આપી બેઠો હતો.

અભિષેકની વિકેટ પણ શાર્દુલે જ લીધી હતી.

ઉલ્લેખનીય છે કે પાછલી મૅચમાં પંતે શાર્દુલને માત્ર બે ઓવર આપી હતી અને દિલ્હી કૅપિટલ્સે ત્રણ બૉલ બાકી રાખીને એક વિકેટના માર્જિનથી દિલધડક વિજય મેળવ્યો હતો. ■

# રોહિત, તિલક, સૂર્યાએ મજાકમાં કોને ટિંગાટોળી કરીને સ્વિમિંગ-પૂલમાં ફેંકી દીધો?

અમદાવાદઃ રવિવારે ચેન્નઈમાં ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે) સામે પહેલી મૅચમાં પરાજિત થનાર પાંચ ટાઇટલ જીતી ચૂકેલી મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ)ની ટીમ શનિવારે (આવતી કાલે) અમદાવાદમાં ગુજરાત ટાઇટન્સ (જીટી) સામે બીજી મૅચ રમે એ પહેલાં ટીમની હોટેલમાં એમઆઇના કેટલાક ખેલાડીઓ મસ્તી-મજાકના મૂડમાં જોવા મળ્યા હતા. એમઆઇના ત્રણ ખેલાડીઓ મજાકમાં એક શખસને (સ્વાભાવિક રીતે ટીમ સાથે જ સંકળાયેલી કોઈ વ્યક્તિને) સ્વિમિંગ-પૂલમાં ફેંકી રહેલા જોવા મળ્યા હતા અને એનો વીડિયો વાઇરલ થયો હતો.

શનિવારે અમદાવાદમાં ક્રિકેટજગતના સૌથી મોટા નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં એમઆઇ-જીટી વચ્ચેની મૅચ સાંજે ૭.૩૦ વાગ્યે શરૂ થશે.

રોહિત શર્મા, સૂર્યકુમાર યાદવ અને તિલક વર્માએ ભેગા થઈને એ વ્યક્તિની ટિંગાટોળી કરીને તેને સ્વિમિંગ-પૂલની નજીક લઈ જઈને તેને પાણીમાં ફેંક્યો હતો. ત્યારે આ ત્રણેય મજાકિયા ખેલાડીઓ સાથે એક સિક્યૉરિટી ગાર્ડ પણ હતો.

વાઇરલ થયેલા વીડિયોમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે ત્રણેય ખેલાડીએ જે શખસને ઉપાડીને સ્વિમિંગ-પૂલમાં ફેંક્યો હતો એ મુંબઈ ઇન્ડિયન્સના સોશિયલ મીડિયાનો ઍડમિન હતો.

૨૩મી માર્ચે ચેન્નઈ સામેની મૅચમાં એમઆઇની ટીમે નિષ્ફળ બૅટિંગને કારણે પરાજય જોવો પડ્યો હતો. રોહિત ઝીરોમાં આઉટ થઈ ગયો હતો, જ્યારે તિલક વર્માએ ૩૧ રન અને સૂર્યકુમારે ૨૯ રન બનાવ્યા હતા.

એમઆઇની ટીમ નવ વિકેટે ૧૫૫ રન બનાવી શકી હતી. સીએસકેએ ૧૯.૧ ઓવરમાં છ વિકેટે ૧૫૮ રન બનાવીને વિજય મેળવી લીધો હતો. ■

# ગાવસકર પૂછે છે, 'ગંભીર શું દ્રવિડનું અનુકરણ કરશે? હજી કેમ ચૂપ છે?'

## ક્રિકેટ-લેજન્ડનું કહેવું છે કે 'સ્ટાફ જેટલી જ ઇનામીરકમ લેવાની દ્રવિડની પ્રથાને ગંભીર અનુસરશે?'

નવી દિલ્હીઃ બોર્ડ ઑફ કંટ્રોલ ફૉર ક્રિકેટ ઈન ઇન્ડિયાએ તાજેતરમાં ચૅમ્પિયન્સ ટ્રોફી જીતનાર ટીમ ઇન્ડિયાના ખેલાડીઓ તેમ જ કોચિંગ સ્ટાફ સહિતના સમગ્ર સપોર્ટ સ્ટાફ માટે કુલ મળીને ૫૮ કરોડ રૂપિયાનું ઇનામ જાહેર કર્યું હતું અને એ સંબંધમાં ક્રિકેટ-લેજન્ડ સુનીલ ગાવસકરે એક મહત્ત્વનો મુદ્દો ઉઠાવ્યો છે.

ગાવસકરે એક ઇન્ટરવ્યૂમાં જણાવ્યું છે કે ગયા વર્ષે ભારતીય ટીમ ટી-૨૦ વર્લ્ડ કપ જીતી ત્યાર પછી બીસીસીઆઈએ ૧૨૫ કરોડ રૂપિયાનું જે તોતિંગ ઈનામ જાહેર કર્યું હતું ત્યારે એ સમયના હેડ-કોચ રાહુલ દ્રવિડે ૨.૫૦ કરોડ રૂપિયાનું સ્પેશિયલ બોનસ સ્વીકારવાની ના પાડી હતી અને બોર્ડને કહ્યું હતું કે તે પોતાના સપોર્ટ સ્ટાફના દરેક મેમ્બર જેટલું જ ઇનામ સ્વીકારશે, સ્પેશિયલ બોનસ નહીં સ્વીકારે.

હવે સુનીલ ગાવસકરે સવાલ ઉઠાવ્યો છે કે ચૅમ્પિયન્સ ટ્રોફી બાદ ક્રિકેટ બોર્ડે ૫૮ કરોડ રૂપિયાનું જે ઇનામ જાહેર કર્યું છે એમાં હેડ-કોચ ગૌતમ ગંભીર પોતાના સપોર્ટ સ્ટાફના દરેક મેમ્બર જેટલી જ ઇનામીરકમ લેશે કે પછી પોતે હેડ-કોચ હોવા બદલ તેમનાથી વધુ ઇનામીરકમ સ્વીકારશે?

ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે ટી-૨૦ વિશ્વ કપ જીત્યા બાદ રોહિત શર્મા અને તેની સમગ્ર ટીમ માટે ક્રિકેટ બોર્ડે કુલ ૧૨૫ કરોડ રૂપિયાનું કુલ ઇનામ જાહેર કર્યું હતું અને એ ઉપરાંત દ્રવિડ માટે ૨.૫૦ કરોડ રૂપિયાનું વધારાનું બોનસ પણ જાહેર કર્યું હતું અને દ્રવિડે એ અઢી કરોડ રૂપિયા સ્વીકારવાની વિનમ્રપણે ના પાડી હતી.

ગાવસકરે દ્રવિડનું ઉદાહરણ બતાવીને સવાલ કર્યો છે કે આ વખતે ૫૮ કરોડ રૂપિયાનું ઇનામ જાહેર થયાને થોડા દિવસ થઈ ગયા છે અને એમાં પોતે કેટલો હિસ્સો લેશે (સપોર્ટ સ્ટાફના દરેક મેમ્બર જેટલું જ ઈનામ લેશે?) એ વિશે ગંભીર કેમ હજી ચૂપ છે? શું તે રાહુલ દ્રવિડનું અનુકરણ કરશે?

ગાવસકર એવું પણ બોલ્યા છે કે આ કિસ્સામાં ગંભીરને શું રાહુલ દ્રવિડ પરફેક્ટ રોલ મોડલ લાગે છે ખરો? ■







# કોહલી વિશે ઘસાતું બોલ્યો એટલે ઈરફાન પર પ્રતિબંધ મુકાયો?

મુંબઈઃ કૉમેન્ટેટરનું કામ ટીવી દર્શકો સુધી મૅચની ઝીણી-ઝીણી વિગતો, આંકડા તેમ જ રસપ્રદ જાણકારી પહોંચાડવાનું હોય છે, પરંતુ જ્યારે કોઈ કૉમેન્ટેટર ટીકાત્મક ટિપ્પણી કરવાને બદલે કોઈને અંગત રીતે નિશાન બનાવીને હદ બહાર ઘસાતું બોલે એટલે બ્રૉડકાસ્ટરની નજરમાં આવી જાય અને ભૂતપૂર્વ ઑલરાઉન્ડર ઇરફાન પઠાણ વિશે આવું જ બન્યું છે. તાજેતરમાં કૉમેન્ટેટર્સની પૅનલમાંથી તેની હકાલપટ્ટી કરવામાં આવી એની પાછળનું કથિત કારણ એ છે કે તેણે મહાન ક્રિકેટર વિરાટ કોહલી સહિતના કેટલાક ખેલાડીઓને ટાર્ગેટ બનાવીને તેમની હદ બહાર ટીકા કરી હતી.

ઇરફાન પઠાણે ૨૦૨૦માં ખેલાડી તરીકે નિવૃત્તિ લીધી ત્યાર બાદ તે વિવિધ ફૉર્મેટની ક્રિકેટની ઇવેન્ટ વખતે હિન્દી અને અંગ્રેજીમાં કૉમેન્ટરી આપતો રહ્યો છે.

જોકે આ વખતની આઇપીએલ માટેના કૉમેન્ટેટર્સની પૅનલમાં તેનો સમાવેશ નથી કરવામાં આવ્યો.

'એક્સ' પર કેટલાક યુઝર્સે ફરિયાદ કરી છે કે ઇરફાને અમુક દિવસે વિરાટ કોહલી સહિત કેટલાક ચાવીરૂપ ખેલાડીઓની 'આકરા શબ્દોમાં' ટીકા કરી એટલે તેને કૉમેન્ટેટર્સની પૅનલમાં સામેલ નથી કરવામાં આવ્યો.

બીસીસીઆઇએ ઇરફાન પઠાણની બાદબાકી વિશે સત્તાવાર નિવેદન નથી આપ્યું, પરંતુ પાંચ વર્ષ પહેલાંનો એક વીડિયો ફરી વાઇરલ થયો છે. આ વીડિયો ભારતીય ટીમના ઑસ્ટ્રેલિયા ખાતેના પ્રવાસને લગતો છે જેમાં કોહલી ઑફ સ્ટમ્પની બહારના બૉલને અડવા જતાં કૅચ આપતો રહ્યો અને ક્રીઝ પર ખૂબ સંઘર્ષ કરતો રહ્યો એ વિશે ઇરફાને કોહલીની ખૂબ ટીકા કરી હતી.

ક્રિકેટ-લેજન્ડ સુનીલ ગાવસકર અને ભૂતપૂર્વ ક્રિકેટર સંજય માંજરેકર પણ ખેલાડીઓની ટીકા કરતા હોય છે, પણ ક્રિકેટચાહકોનું કહેવું છે કે ઇરફાને કોહલી વિશે કંઈક વધુ પડતું કહી નાખ્યું એટલે તે નજરમાં આવી ગયો.

ઇરફાન પઠાણે 'સીધી બાત વિથ ઇરફાન પઠાણ' ટાઇટલવાળી યુટ્યૂબ ચૅનલમાં પણ ઘણું ઘસાતી ટિપ્પણીઓ કરી જેને કારણે પણ બીસીસીઆઇ સાથે તેના સંબંધો બગડ્યા હોવાનું મનાય છે.

બીસીસીઆઇ સાથે સંકળાયેલા એક સૂત્રનું કહેવું છે કે ઇરફાન સોશિયલ મીડિયાના પ્લૅટફૉર્મ્સ પર (કોહલી સહિતના) જાણીતા ખેલાડીઓના નામ લીધા વગર તેમના વિશે આકરી ટિપ્પણી કરતો રહ્યો એ પણ આઇપીએલ માટેની પૅનલમાંથી તેની બાદબાકી માટેનું એક કારણ મનાય છે. ■

# ભૂતકાળમાં ક્યા કૉમેન્ટેટર પર બૅન મૂકવામાં આવ્યો હતો?

(૧) ૨૦૧૬માં હર્ષા ભોગલેને આઇપીએલની શરૂઆતના ગણતરીના દિવસો પહેલાં પત્ર મોકલવામાં આવ્યો હતો જેમાં તેમને કૉમેન્ટેટર્સની પૅનલમાંથી દૂર કરવામાં આવ્યા હોવાનું જણાવાયું હતું. ત્યારે હર્ષા ભોગલેએ આઇપીએલના ડ્રાફ્ટ ઑક્શનના સમારોહનું સંચાલન કર્યું હતું, આઇપીએલને લગતા પ્રમોશનલ વીડિયોમાં ભૂમિકા ભજવી હતી અને પ્રૉડક્શન હાઉસ દ્વારા તેમની ફ્લાઇટની ટિકિટો બુક કરાવવામાં આવી હતી એમ છતાં તેમના (હર્ષા ભોગલે) પરનો પ્રતિબંધ જાહેર કરાયો હતો. કહેવાય છે કે ૨૦૧૬ના માર્ચમાં નાગપુરમાં ટી-૨૦ વર્લ્ડ કપની મૅચ વખતે હર્ષા ભોગલેની વિદર્ભ ક્રિકેટ અસોસિયેશનના એક અધિકારી સાથે ખૂબ દલીલબાજી થઈ હતી અને એને પગલે (બીસીસીઆઇએ કેટલાકના મંતવ્યો મગાવ્યાં બાદ) ભોગલે પરનો બૅન જાહેર કર્યો હતો. જોકે કહેવાય છે કે ત્યારે મેગાસ્ટાર અમિતાભ બચ્ચને સોશિયલ મીડિયામાં કહ્યું હતું કે 'હું ઘણી વાર કૉમેન્ટરી સાંભળું છું. હર્ષા ભોગલે બીજા બધા પ્લેયર્સ વિશે બોલતા રહેતા હોય છે, પણ ભારતીય ખેલાડીઓ વિશે ઘણું ઓછું બોલતા હોય છે.' એમએસ ધોનીએ બચ્ચનના ટવીટના ટેકામાં 'મારે આમાં વધુ કંઈ કહેવા જેવું નથી' એવું જણાવ્યું હતું. ભોગલેએ ફેસબુક પર જવાબમાં 'અમે કૉમેન્ટેટર્સ પક્ષપાતી નથી હોતા' એવું લખ્યું હતું.

(૨) ૨૦૧૯ના વર્લ્ડ કપ વખતે ભૂતપૂર્વ ક્રિકેટર સંજય માંજરેકરે ઑલરાઉન્ડર રવીન્દ્ર જાડેજા વિશે જાહેરમાં જે કમેન્ટ કરી હતી એ બદલ બીસીસીઆઇએ ૨૦૨૦માં કૉમેન્ટરી-પૅનલમાં માંજરેકરના નામ પર ચોકડી મૂકી દીધી હતી. માંજરેકરે ત્યારે આવી કમેન્ટ કરી હતીઃ 'જાડેજાની કોઈ અસાધારણ પ્રતિભા નથી, તે ઠીક-ઠીક કહી શકાય એવો ખેલાડી છે.' જાડેજાએ ત્યારે વળતી ટિપ્પણીમાં જણાવ્યું હતું કે 'હું તમારા કરતાં બમણી મૅચો રમ્યો છું અને હજીયે રમી રહ્યો છું. જે લોકોએ કંઈક સિદ્ધિ મેળવી હોય તેમનું માન રાખતા શીખો. તમારા બફાટ વિશે મેં ઘણા પાસેથી સાંભળ્યું છે.'

માંજરેકરને ત્યારે પોતાની ભૂલ સમજાઈ હતી અને તેમણે જાડેજાને અપ્રતિમ તથા પ્રતિભાશાળી ખેલાડી તરીકે ઓળખાવવાની સાથે બીસીસીઆઇને મોકલેલી ઇમેઇલમાં પોતાની કમેન્ટ બદલ માફી માગી હતી અને ૨૦૨૧ની આઇપીએલ માટેની કૉમેન્ટેટર્સની પૅનલમાં પોતાને ફરી સમાવવાની વિનંતી કરી હતી.

(૩) ૨૦૦૬માં સાઉથ આફ્રિકાની શ્રીલંકા સામેની ટેસ્ટ મૅચ દરમ્યાન ભૂતપૂર્વ ઑસ્ટ્રેલિયન ક્રિકેટર ડીન જોન્સે કૉમેન્ટેટર તરીકે સાઉથ આફ્રિકાના બૅટર હાશિમ અમલાને 'આતંકવાદી' તરીકે ઓળખાવ્યો હતો. અમલાએ જ્યારે કુમાર સંગકારાનો કૅચ પકડ્યો ત્યારે ડીન જોન્સ બોલ્યા, 'જુઓ, આ ટેરરિસ્ટે વધુ એક વિકેટ અપાવી.' હાશિમ અમલા ભારતીય મૂળનો છે અને મૂળ મુસ્લિમ અન્સારી પરિવારનો છે. તેના વિશેની આ ટિપ્પણીને પગલે 'ટેન સ્પોર્ટ્સે' ડીન જોન્સને પૅનલમાંથી કાઢી મૂક્યા હતા.

(૪) નવજોતસિંહ સિધુ કૉમેન્ટરી દરમ્યાન 'શેર-ઓ-શાયરી' માટે પ્રખ્યાત છે. ઘણાને તેમની ટિપ્પણીઓ મનોરંજક લાગે છે તો કેટલાકને અતિરેક લાગે છે. ભૂતકાળમાં એક વાર તેમણે બાંગ્લાદેશી ક્રિકેટરોની વધુ પડતી ટીકા કરી એને પગલે આઇસીસીએ સિધુને કૉમેન્ટેટર્સની પૅનલમાંથી દૂર કાઢી નાખ્યા હતા. એને પગલે સિધુ 'ધ કપિલ શર્મા શો'માં આવ્યા હતા અને થોડાં વર્ષો બાદ એમાં તેમના કેટલાક રાજકીય નિવેદનો બદલ એમાંનો તેમનો કૉન્ટ્રેક્ટ રદ કરાયો હતો. ■

# ટેસ્ટના લોકપ્રિય ટ્રિપલ સેન્ચુરિયન કરુણ નાયર માટે ટીમ ઈન્ડિયાનો દરવાજો પાછો ખૂલી રહ્યો છે?

## ઈંગ્લૅન્ડના પ્રવાસ માટેની ઈન્ડિયા 'એ' ટીમમાં સમાવેશ થઈ શકે

નવી દિલ્હીઃ ક્રિકેટમાં ભારત વતી ટ્રિપલ સેન્ચુરી ફક્ત બે ખેલાડીએ ફટકારી છે જેમાં એક છે વીરેન્દર સેહવાગ (બે વખત ૩૦૦-પ્લસ) અને બીજો છે કરુણ નાયર. રાજસ્થાનના જોધપુરમાં જન્મેલા કરુણ નાયરને કેમેય કરીને ભારતની ટેસ્ટ ટીમમાં કમબૅક કરવું છે અને તેનું એ સપનું થોડા દિવસમાં સાકાર થતું કદાચ જોવા મળશે.

વાત એવી છે કે બીસીસીઆઈ ઇન્ડિયા 'એ' ટીમમાં કરુણ નાયરનો સમાવેશ કરવાની પાકી તૈયારી કરી રહી છે, એવું એક અંગ્રેજી અખબારના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે.

૩૩ વર્ષના નાયરે ૨૦૧૬માં ચેન્નઈમાં ઇંગ્લૅન્ડ સામેની ટેસ્ટના પ્રથમ દાવમાં અણનમ ૩૦૩ રન કર્યા હતા. ભારતે એ ટેસ્ટ એક દાવથી જીતી લીધી હતી.

નવાઈની વાત એ છે કે આઠ વર્ષથી કરુણ નાયરને ટેસ્ટ ટીમમાં ફરી સ્થાન મળ્યું જ નથી. હવે જ્યારે તેણે ૨૦૨૪-૨૫ની ડોમેસ્ટિક સીઝનમાં જબરદસ્ત પર્ફોર્મ કર્યું એટલે ટીમ ઇન્ડિયામાં તેના કમબૅકની શક્યતા વધી ગઈ છે.

આઈપીએલ બાદ જૂન મહિનામાં ભારતની ટેસ્ટ ટીમ ઇંગ્લૅન્ડના પ્રવાસે જશે જ્યાં પાંચ ટેસ્ટ મૅચ રમશે. એ પ્રવાસ પહેલાં ઇન્ડિયા એ' ટીમ ઇંગ્લૅન્ડની ટૂર પર જશે અને એ ટીમમાં કરુણ નાયરને સામેલ કરવાનું વિચારવામાં આવી રહ્યું છે.

ઇંગ્લૅન્ડ લાયન્સ સામે ત્રણ મૅચ રમનારી ઇન્ડિયા 'એ' ટીમમાં કરુણ નાયર જેવા કેટલાક અનુભવીઓ તેમ જ કેટલાક યુવા ખેલાડીઓનો સમાવેશ કરવામાં આવશે. ટીમ ઇન્ડિયાનો હેડ-કોચ ગૌતમ ગંભીર પણ ઇન્ડિયા 'એ' ટીમ સાથે વિદેશ પ્રવાસે જઈને નવો શિરસ્તો શરૂ કરશે. ■



કરુણ નાયરે ૨૦૧૬માં ચેન્નઈમાં ઈંગ્લૅન્ડ સામેની ટેસ્ટના પ્રથમ દાવમાં અણનમ ૩૦૩ રન કર્યા હતા.

કરુણ નાયરને ભારત વતી ટેસ્ટમાં છેલ્લે છેક ૨૦૧૭માં રમવા મળ્યું હતું. તે ભારત વતી કુલ છ ટેસ્ટ અને બે વન-ડે રમ્યો છે.

નાયરે ૨૦૨૪-૨૫ની ડોમેસ્ટિક સીઝનમાં કુલ ૧,૧૦૦થી પણ વધુ રન કર્યા હતા. તેણે સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં ૨૨૫ રન બનાવ્યા હતા અને રણજી ટ્રોફીમાં તેણે કુલ ૮૬૩ રન કર્યા હતા જેમાં ચાર સેન્ચુરી અને પાંચ હાફ સેન્ચુરી સામેલ હતી.

ઇંગ્લૅન્ડના પ્રવાસમાં કરુણ નાયરને ઇન્ડિયા 'એ' ટીમમાં ઓપનર તરીકે અથવા મિડલ-ઑર્ડર બૅટર તરીકે સામેલ કરવામાં આવશે. ■

# વિદેશી ફંડોની એકધારી લેવાલીના ટેકાએ સેન્સેક્સ ૩૧૮ પોઇન્ટ વધ્યો, ટ્રમ્પની ૨૫ ટકા ટેરિફને કારણે ઓટો શૅરોમાં વેચવાલીનું દબાણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ યુએસ પ્રેસિડેન્ટ બીજી એપ્રિલે શું કરશે એ અંગેની અનિશ્ચિતતા અને ઓટો ઇમ્પોર્ટ પર લાદેલી ૨૫ ટકા ટેરિફને કારણે સર્જાયેલી અનિશ્ચિતતાની ચિંતાને ખંખેરીને વિદેશી ભંડોળના એકધારા આંતરપ્રવાહ વચ્ચે એચડીએફસી બેંક, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, લાર્સન એન્ડ ટૂબ્રો તથો બજાજ ફાઇનાન્સ જેવા ઇન્ડેક્સ હેવીવેઇટ શેરોમાં રોકાણકારોએ વધારેલી લેવાલીને કારણે ગુરુવારે બેન્ચમાર્ક સેન્સેક્સ લગભગ ૩૧૮ પોઈન્ટ્સ આગળ વધ્યો હતો.

માસિક ડેરિવેટિવ કોન્ટ્રેક્ટ્સ સમાપ્તિના દિવસ દરમિયાન ૩૦ શેરો ધરાવતો સેન્સેક્સ ૩૧૭.૯૩ પોઈન્ટ્સ અથવા ૦.૪૧ ટકા વધીને ૭૭,૬૦૬.૪૩ પોઇન્ટ પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન તે ૪૫૮.૯૬ પોઈન્ટ્સ અથવા ૦.૫૯ ટકા વધીને ૭૭,૭૪૭.૪૬ પોઇન્ટની ઊંચી સપાટીને અથડાયો હતો. જ્યારે એનએસઇનો નિફ્ટી ૧૦૫.૧૦ પોઈન્ટ્સ અથવા ૦.૪૫ ટકા વધીને ૨૩,૫૯૧.૯૫ પર બંધ થયો હતો.

સેન્સેક્સ પેકમાંથી, બજાજ ફિનસર્વ, ઇન્ડસઇન્ડ બેંક, એનટીપીસી, લાર્સન એન્ડ ટુબ્રો, અલ્ટ્રાટેક સિમેન્ટ, અદાણી પોટ્ર્સ, બજાજ ફાઇનાન્સ, પાવર ગ્રીડ, ઝોમેટો, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, એચડીએફસી બેંક અને ટાઇટનના શેર સૌથી વધુ વધ્યા હતા.

ટ્રમ્પે આયાતી કાર પર ૨૫ ટકા ટેરિફ લાદવાની જાહેરાત કર્યા પછી ટાટા મોટર્સ ૫.૫૦ ટકાથી વધુ ઘટ્યો હતો. અન્ય ઘટનારા શેરોમાં સન ફાર્મા, કોટક મહિન્દ્રા બેંક, ભારતી એરટેલ, ઇંઈક ટેક અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાનો સમાવેશ હતો. નાના શેરોમાં આ સત્રમાં ફરી સળવળાટ જોવા મળ્યો હતો. સ્મોલકેપ ઇન્ડેક્સ ૦.૯૦ ટકા અને મિડકેપ ઇન્ડેક્સ ૦.૪૬ ટકા વધ્યો હતો. ક્ષેત્રીય સૂચકાંકોમાં, યુટિલિટીઝ ૨.૦૯ ટકા, સર્વિસિસ (૧.૬૧ ટકા), રિયલ્ટી (૧.૩૮ ટકા), ઓઇલ અને ગેસ (૧.૩૨ ટકા), એનર્જી (૧.૨૨ ટકા) અને પવર (૧.૧૬ ટકા) વધ્યા હતા. ઓટો અને ટેલિકોમ્યુનિકેશન પાછળ રહ્યા હતા.

વીમા જાયન્ટ ફીનિક્સ ગ્રુપ સાથે વ્યૂહાત્મક સોદાની ચર્ચાએ વિપ્રોના શેરમાં સુધારો હતો. મેક્સ ફાઇનાન્શિયલના શેર રૂ. ૩૯૯ કરોડના બ્લોક ડીલ પછી બે ટકાથી વધુ ઉછળ્યા હતા. વર્લ્ડ હેલ્થકેર સેક્ટરમાં જાણીતી આફ્રિકા અને ભારતમાં સ્થાપિત હાજરી ધરાવતી યુનિહેલ્થ હોસ્પિટલ્સ લિમિટેડે યુગાન્ડાની યુએમસી વિક્ટોરિયા હોસ્પિટલ ખાતે તેની અત્યાધુનિક આઇવીએફ લેબોરેટરી અને ફર્ટિલિટી ક્લિનિકની સ્થાપના કરી છે. કંપની તબીબી કેન્દ્રો, હોસ્પિટલો, કન્સલ્ટન્સી સેવાઓ, ફાર્માસ્યુટિકલ વિતરણ સહિતના બિઝનેસ સાથે સંકળાયેલી છે.

ભારતીય બેન્ચમાર્ક શેરઆંક ગુરુવારે નબળા ઓપનિંગ પછી સુધર્યા હતા. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નવા ઓટો આયાત ટેરિફ અંગેની ચિંતાઓને કારણે, પ્રારંભિક તબક્કે બેન્ચમાર્કે પીછેહઠ કરી હતી પરંતુ આઇટી શેરોમાં નવેસરની લેવાલીનો ટેકો મળી રહેતા ખૂબ ઝડપથી ઘટાડો પચાવીને બજાર આગળ વધ્યું હતું.

ગુરૂવારે ઇક્વિટી બેન્ચમાર્ક સૂચકાંકો ઝડપથી ઉછળ્યા હતા, જેમાં સેન્સેક્સ ૪૫૦ પોઈન્ટ સુધી આગળ વધ્યો હતો અને નિફ્ટીએ ૨૩,૬૦૦ની સપાટી ફરી હાંસલ કરી લીધી હતી. ખાસ કરીને વિદેશી ભંડોળના એકધારા આંતરપ્રવાહને કારણે રોકાણકારોનો વિશ્વાસ પાછો ફર્યો છે.

હીરો મોટોકોર્પ, લાર્સન એન્ડ ટુબ્રો અને રિલાયન્સ સહિતની હેવીવેઈટ્સ સ્ક્રીપ્સમાં લેવાલીને કારણે બેન્ચમાર્કને ઝડપી ગતિએ આગળ વધવામાં મદદ મળી હતી. હીરો મોટોકોર્પ, લાર્સન એન્ડ ટુબ્રો, એચડીએફસી લાઇફ ઇન્સ્યોરન્સ, ટ્રેન્ટ, પાવર ગ્રીડ કોર્પોરેશન અને વિપ્રો વધનારા મુખ્ય શેરોની યાદીમાં હતા.



બજારની તેજીને આગળ વધારતા ચાર મુખ્ય પરિબળોઃ-

૧) એફઆઇઆઇ બાઇંગ સપોર્ટઃ વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ) સતત પાંચમા સત્ર માટે ચોખ્ખા ખરીદદારો રહ્યા અને તેમણે બુધવારે રૂ. ૨,૨૪૦.૫૫ કરોડની ઇક્વિટી ખરીદી નોંધાવી હતી. વિદેશી ભંડોળના સતત પ્રવાહે રોકાણકારોના સેન્ટિમેન્ટમાં નોંધપાત્ર વધારો કર્યો છે.

૨) બ્લુ-ચિપ સ્ટોક્સમાં વેલ્યુ બાઇંગઃ રોકાણકારોએ તાજેતરના બજાર કરેક્શનને પગલે વાજબી મૂલ્યાંકનનો લાભ લીધો, જેના કારણે હીરો મોટોકોર્પ, લાર્સન એન્ડ ટુબ્રો અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ જેવી ઈન્ડેક્સની મોટી કંપનીઓમાં મજબૂત ખરીદી થઈ.

૩) સકારાત્મક વૈશ્વિક સંકેતોઃ વૈશ્વિક ઇક્વિટી માર્કેટ્સનું સેન્ટિમેન્ટ સહાયક રહ્યું, ડાઉ જોન્સ ફ્યુચર્સ લગભગ ૦.૨૩ ટકા ઊંચા ટ્રેડિંગ સાથે. એશિયામાં, શાંઘાઈનો એસએસઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ પણ સકારાત્મક ક્ષેત્રમાં રહ્યા હતા, જે સ્થાનિક બજારની ઉપરની ગતિને મદદ કરે છે.

૪) ફાઇનાન્શિયલ સ્ટોકસમાં તેજીઃ બેન્કિંગ શેરોએ સારો દેખાવ કર્યો, વિદેશી પ્રવાહ ફરી શરૂ થતાં બેન્ક નિફ્ટીમાં લગભગ એક ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો અને તેની સેન્ટિમેન્ટ પર ભારે અસર જોવા મળી હતી. નાણાકીય ક્ષેત્રના શેરોમાં આવેલી તેજીને કારણે ઓટો શેરોમાં ઝોવા મળેલી નુકસાની સરભર થિ શકી હતી.

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આયાતી કાર પર ૨૫ ટકા ટેરિફની જાહેરાત કર્યા બાદ ટાટા મોટર્સના શેરમાં પાંચ ટકા જેટલો કડાકો બોલી ગયો હતો. માર્કેટ રિબાઉન્સ થયું હોવા છતાં, ઓટો સેક્ટર સૌથી ખરાબ પ્રદર્શન કરનાર રહ્યું, નિફ્ટી ઓટો ઇન્ડેક્સમાં બપોરના સત્રમાં ૧.૪૦ ટકા સુધીનો કડાકો જોવાયો હતો.

જેગુઆર લેન્ડ રોવરની પેરેન્ટ કંપની ટાટા મોટર્સ, ટ્રમ્પની આયાતી કાર અને લાઇટ ટ્રક પર આવતા અઠવાડિયે ૨૫ ટકા ટેરિફ અમલમાં આવશે, તેવી જાહેરાતને પગલે ૬.૫૦ ટકા તૂટ્યો હતો.

સંવર્ધન મધરસન ઇન્ટરનેશનલમાં ૫.૮૦ ટકાનો કડાકો હતો અને ભારત ફોર્જના ત્રણ ટકાના ધોવાણ સાથે વ્યાપક ઓટો સેક્ટરને પણ નુકસાન થયું હતું. ડોનલ્ડ ટ્રમ્પની તાજેતરની ટ્રેડ એનાઉન્સમેન્ટને પગલે ઇક્વિટી જેવી રિસ્કી એસેટમાં ઇન્વેસ્ટર્સે રસ ગુમાવ્યો હોવાથી ગુરુવારે એશિયન શેરબજારો નીચા મથાળે ખૂલ્યા હતા.

નિફ્ટી ઇન્ડેક્સ રિજીગઃ નિફ્ટી ઇન્ડેક્સના ઘટકોમાં ફેરફાર થઇ રહ્યો છે. ઝોમેટો અને જિયો ફાઇનાન્શિયલના ઉમેરા તથા બીપીસીએલ, બ્રિટાનિયાની બાકાતી સાથે ૮૨૨ મિલિયન ડોલરનો ઇનફ્લો જોવા મળશે. ઝોમેટો અને જિયો ફાઇનાન્શિયલનો નિફ્ટી૫૦ બેન્ચમાર્કમાં ઉમેરો થવા સાથે તેમાં અનુક્રમે ૫૪૪ મિલિયન ડોલરનો અને ૨૭૮ મિલિયન ડોલરનો પેસીવ ઇન્ફ્લો ઠલવાતો જોવા મળશે. જ્યારે બીપીસીએલ અને બ્રિટાનિયાની બેન્ચમાર્કમાંથી બાકાતીને કારણે અનુક્રમે ૨૦૪ મિલિયન ડોલરનો અને ૨૧૫ મિલિયન ડોલરનો અંદાજિત આઉટફ્લો નોંધાશે.

ઇન્ડિયન હોટેલ્સ, બજાજ હાઉસિંગ, સ્વિગી નિફ્ટી ૧૦૦ અને નેક્સ્ટ ૫૦ ઇન્ડેક્સમાં ઉમેરાશે, જ્યારે ભેલ, આઈઆરસીટીસી, અદાણી ટોટલ ગેસ ઉપરોક્ત ઇન્ડેક્સમાંથી પડતા મૂકાશે. આ ફેરફારો ૨૮ માર્ચ, ૨૦૨૫ના રોજથી અમલી બનશે અને તે મુખ્ય ઇન્ડેક્સ ફંડ-આધારિત ટ્રેડને ટ્રિગર કરશે

ડોલર સામે રૂપિયો નબળો પડવા છતાં એનઆરઆઈ થાપણોમાં ઘટાડો જોવા મળે છે. ગયા વર્ષના ઑક્ટોબરથી, ભારતીય સમુદાયે રૂપિયાના તીવ્ર અવમૂલ્યન છતાં સ્થાનિક બેંક ડિપોઝિટમાંથી રોકાણ કરતાં વધુ ભંડોળ પાછું ખેંચ્યું છે. સ્રોતો સૂચવે છે કે સંભવિત ટેરિફ યુદ્ધ વચ્ચે વૈશ્વિક અર્થતંત્રમાં વધતી જતી અનિશ્ચિતતા સાથે આ વલણ વિદેશમાં, ખાસ કરીને ગલ્ફમાં જોબ માર્કેટમાં કડક વલણને પ્રતિબિંબિત કરી શકે છે.

દરમિયાન ટોચના ગ્લોબલ ચાર્ટિસ્ટે જણાવ્યું હતું કે નિફ્ટી ૨૬,૦૦૦ના આંકને પાર કરી શકે છે. તે માને છે કે બજારો માટેનો સૌથી ખરાબ તબક્કો પૂરો થઈ ગયો છે અને ભારતને ઊભરતાં બજારો માટે ચાવીરૂપ ચાલક તરીકે ચાલુ રહે છે.

તેમના મતે ખાનગી બેંકો અને મોટી નોન-બેંકિંગ ફાઇનાન્શિયલ કંપનીઓ માર્કેટ રેલીના આગલા તબક્કામાં નેતૃત્વ કરે તેવી શક્યતા છે. ઇન્ફ્રાસ્ટ્રક્ચર શેરો પણ સંભવિત સુધારાના કેટલાક સંકેતો દર્શાવે છે, જોકે સેક્ટરમાં મજબૂત વલણની પુષ્ટિ કરતા પહેલા વધુ પુરાવાની જરૂર છે.

## આ સંદર્ભના મુખ્ય મુદ્દાઃ

૧.પ્રાયોરિટી સેક્ટર લેન્ડિંગનું કવરેજ વધારવાના ઉદ્દેશ સાથે હાઉસિંગ લોન સહિત અન્ય લોન મર્યાદામાં વૃદ્ધિ

૨.રિન્યુએબલ કેટેગરીમાં લોન વર્ગીકૃત કરવાના માપદંડોનું વિસ્તરણ

૩.અર્બન કો-ઓપરેટિવ બેન્કો માટે કુલ પીએસએલ લક્ષ્ય સંશોધિત કરી તેમને ઓડિટેડ નેટ બેન્ક ક્રેડિટ તથા ઑફ બેલેન્સ શીટ એક્સપોઝરના ક્રેડિટ સમતુલ્ય જે પણ વધુ હોય તેના ૬૦ ટકા કરવામાં આવી છે.

૪.નબળા વર્ગની કેટેગરી હેઠળ પાત્ર લોનધારકોની સંખ્યામાં વધારો કરવાની સાથે અર્બન કોઓપરેટિવ બેન્ક દ્વારા વ્યક્તિગત મહિલા લાભાર્થીઓને આપવામાં આવતી લોનની મહત્તમ મર્યાદા વધારવામાં આવી છે.

હાઉસિંગ લોન મર્યાદામાં વધારો કરવામાં આવ્યો છે. રિઝર્વ બેન્કએ સુધારેલી માર્ગદર્શિકામાં હાઉસિંગ લોનની મર્યાદા અને મકાન કિંમતમાં નોંધપાત્ર સુધારો કર્યો છે. જ્યાં પહેલા બે કેટેગરી હતી, હવે આરબીઆઇએ પ્રાયોરિટી સેક્ટર લેન્ડિંગ હેઠળ હાઉસિંગ લોન માટે ત્રણ કેટેગરી નક્કી કરી છે. આ પગલું વિવિધ આવક જૂથોમાં, ખાસ કરીને નાના નાના શહેરોમાં ઓછી કિંમતના, અફોર્ડેબલ હાઉસિંગને પ્રોત્સાહન આપશે. સમારકામના કામો માટે લોન મર્યાદામાં વધારો કરવામાં આવ્યો છે. આરબીઆઈએ હવે જૂના કે જર્જરિત મકાનોના સમારકામ માટે ઉપલબ્ધ લોનની મર્યાદા વધારી છે. આ પગલું બેન્કો અને અન્ય નાણાકીય સંસ્થાઓ માટે સલામત અને વિશિષ્ટ ક્ષેત્રમાં લોનનું વિતરણ કરવાની નવી તકો ખોલે છે. વધુમાં, તે ઘરમાલિકોના નાણાંકીય તણાવમાં પણ ઘટાડો કરશે. રિન્યુએબલ એનર્જીને વેગ મળે એવા નિર્ણયો લેવાયા છે. રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ માટે લોન મર્યાદા રૂ. ૩૦ કરોડથી વધારી રૂ. ૩૫ કરોડ કરવામાં આવી છે.

લોન મર્યાદા પહેલાંની જેમ જ રૂ. ૧૦ લાખની રહેશે. આ પગલાંથી ભારતને ૨૦૩૦ સુધીમાં તેના ૫૦૦ ગ્રૃ નોન-ફોસિલ ફ્યુલ અને ૨૦૭૦ સુધીમાં નેટ ઝીરો લક્ષ્યાંકને પહોંચી વળવામાં મદદ મળશે. પહેલી જુલાઈ, ૨૦૧૫ના રોજ, આરબીઆઈએ પ્રાયોરિટી સેક્ટર લેન્ડિંગનો વ્યાપ વિસ્તાર્યો હતો. લોનધારકો માટે રૂ. ૧૫ કરોડ સુધીની લોન મંજૂર કરવામાં આવી છે. જેમાં સૌર ઉર્જા જનરેટર, બાયોમાસ આધારિત જનરેટર, માઇક્રો-હાઇડ્રલ પ્લાન્ટ્સ અને બિન-પરંપરાગત ઉર્જા આધારિત સ્ટ્રીટ લાઇટ પબ્લિક લાઇટ રીલેક્શન જેવા કામો સંકળાયેલા છે. નબળાં વર્ગો, ખેડૂતો અને શહેરી સહકારી બેન્કોને મોટી રાહત મળવાની સંભાવના છે. આરબીઆઇ દ્વારા પ્રાયોરિટી સેક્ટર લેન્ડિંગ માર્ગદર્શિકામાં કરાયેલા ફેરફારો અનુસાર કારીગરો અને મહિલા લાભાર્થીઓ માટે લોનની મર્યાદા રૂ. એક લાખથી વધારી રૂ. બે લાખ કરવામાં આવી છે. વધુમાં, ટ્રાન્સજેન્ડર અને જોઈન્ટ લાયબિલિટી ગ્રુપ સભ્યોને પણ હવે પીએસએલ માટેની પાત્રતામાં સામેલ કરવામાં આવ્યા છે. કૃષિ ક્ષેત્રને પણ મોટી રાહત આપવામાં આવી છે. વેરહાઉસ રિસિપ્ટ સામે લોનની મર્યાદા વધારીને રૂ. ચાર કરોડ કરવામાં આવી છે, જ્યારે ખેડૂત ઉત્પાદક સંસ્થાઓ માટે લોન મર્યાદા રૂ. પાંચ કરોડથી વધારીને રૂ. ૧૦ કરોડ કરવામાં આવી છે. ઉપરાંત, અર્બન કોઓપરેટિવ બેન્કો માટે પીએસએલ લક્ષ્યાંક ૭૫ ટકાથી ઘટાડીને ૬૦ ટકા કરવામાં આવ્યો છે.

## સોનાચાંદી બજારમાં ગરમાટોઃ ચાંદી ફરી એક લાખની નજીક સરકી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અમેરિકન પ્રમુખ ટ્રમ્પે ઓટોમોબઇલ ઇમ્પોર્ટ પર ૨૫ ટકા ટેરિફ ખડકી હોવાથી વિશ્વબજારમાં ફરી એક વખત રિસ્કી એસેટથી સેફ હેવન તરફનો ફ્લો વધ્યો હતો અને સોનાચાંદીના ભાવમાં વધારો જોવા મળ્યો હતો. સ્થાનિક ધોરણે સોનાએ ફરી ૮૮,૦૦૦ની સપાટી હાંસલ કરી લીધી છે, જ્યારે ચાંદી ફરી કિલોએ એક લાખ રૂપિયાની સપાટીની નજીક સરકી છે.



મુંબઇમાં ૯૯૯ ટચના શુદ્ધ સોનાના ભાવ દસ ગ્રામદીઠ રૂ. ૮૭,૭૯૧ના પાછલા બંધ સામે રૂ. ૬૨૬ના સુધારા સાથે રૂ. ૮૮,૦૦૦ની સપાટી વટાવતા રૂ. ૮૮,૪૧૭ની સપાટીએ પહોંચ્યા છે. જ્યારે ૯૯૫ ટચના સ્ટાન્ડર્ડ સોનાના ભાવ દસ ગ્રામદીઠ રૂ. ૮૭.૪૩૯ના પાછલા બંધ સામે રૂ. ૬૨૪ના સુધારા સાથે રૂ. ૮૮,૦૦૦ની સપાટી વટાવતા રૂ. ૮૮,૦૬૩ની સપાટીએ પહોંચ્યા છે. એ જ રીતે, .૯૯૯ ટચની હાજર ચાંદી કિલોએ રૂ. ૯૮,૭૯૪ની પાછલી બંધ સપાટી સામે રૂ. ૯૮૧ના ઉછાળા સાથે રૂ. ૯૯,૭૭૫ની સપાટીએ સ્થિર થઇ હતી.

તઘલખી ટ્રમ્પની આગામી ટેરિફ અંગેની અનિશ્ચિતતા વચ્ચે આંતરરાષ્ટ્રીય બજારમાં ઇન્વેસ્ટર્સ સેફ હેવન ઇન્વેસ્ટમેન્ટ તરફ ફરી દોરવાયા હોવાથી બુલિયન માર્કેટમાં લેવાલી વધી હોવાના અહેવાલ હતા. ગોલ્ડ ફ્યુચર્સ ૩૦૭૪ ડોલર સુધી પહોંચ્યું હોવાના અહેવાલ હતા

વિદેશી બજારોમાં, ન્યૂ યોર્કમાં સોનાના વાયદાના ભાવ ૨૨.૪૦ ડોલર અથવા ૦.૭૩ ટકા વધીને ૩,૦૭૪.૭૦ ડોલર પ્રતિ ઔંસ બોલાયા હતા. બુલિયન ડીલરના જણાવ્યા અનુસાર, ટ્રેડ ટેરિફ ચિંતાઓને કારણે અમેરિકન ઇક્વિટી માર્કેટમાં મંદીના હવામાન વચ્ચે સેફ હેવન એસેટ્સની માગમાં વધારો થઇ રહ્યો છે.

ઉપરાંત, ડ્યુરેબલ ગૂડ્સના ઓર્ડર સહિત યુએસ મેક્રોઇકોનોમિક ડેટા અણધારી રીતે સુધારો આવવાથી પણ સોનાના ભાવને ટેકો મલી રહ્યો હોવાનું તેમણે જણાવ્યું હતું. તેમના મતે, મધ્ય પૂર્વના પ્રદેશોમાં ભૂરાજકીય જોખમો અને આર્થિક અનિશ્ચિતતા બુલિયન માર્કેટ ઉર્ધ્વગતિને ટકાવી રાખી શકે છે, એવો મત તેમણે વ્યક્ત કર્યો હતો.

## ટ્રમ્પના ટેરિફ એટેકથી ઓટો શૅરોમાં વેચવાલીનું દબાણ અને ધોવાણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ટ્રમ્પના ટેરિફ એટેકથી ઓટો શેરોમાં વેચવાલીનું દબાણ અને ધોવાણ જોવા મળ્યું હતું. પ્લસ અને માઇનસ વચ્ચે ઝોલા ખાતા ગુરૂવારના સત્રમાં યુટિલિટીઝ અને ઓઈલ-ગેસ ઈન્ડેક્સ સૌથી અધિક વધ્યા હતા, જ્યારે ઓટો અને ટેલિકોમ્યુનિકેશન ઈન્ડેક્સ ઘટ્યા હતા. ગુરુવારે બીએસઈ સેન્સેક્સ ગત બુધવારના ૭૭૨૮૮.૫૦ના બંધથી ૩૧૭.૯૩ પોઈન્ટ્સ (૦.૪૧ ટકા) વધ્યો હતો. સેન્સેક્સ ૭૭,૦૮૭.૩૯ ખૂલીને ઊંચામાં ૭૭,૭૪૭.૪૬ સુધી અને નીચામાં ૭૭,૦૮૨.૫૧ સુધી જઈને અંતે ૭૭,૬૦૬.૪૩ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સની ૨૦ સ્ક્રિપ વધી હતી, જ્યારે ૧૦ સ્ક્રિપ ઘટી હતી.

એક્સચેન્જમાં ૪,૧૩૧ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૬૩૮ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૪૧૦ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૮૩ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૫૬ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૪૫૮ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૪૬ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૯૦ ટકા વધ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૨.૭૧ ટકા વધ્યો અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૮૮ ટકા ઘટ્યો હતો.

સેકટરલ ઈન્ડાયસીસમાં માત્ર બે ઈન્ડેક્સ ઘટ્યા હતા. ઓટો ૦.૯૯ ટકા અને ટેલિકોમ્યુનિકેશન ૦.૦૫ ટકા ઘટ્યા હતા, જ્યારે યુટિલિટીઝ ૨.૦૯ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૧.૩૨ ટકા, એનર્જી ૧.૨૨ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૯ ટકા, કોમોડિટીઝ ૦.૮૬ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૮૪ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૬૯ ટકા, બેન્કેક્સ ૦.૬૭ ટકા, એફએમસીજી ૦.૫૭ ટકા, મેટલ ૦.૫૪ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૫૧ ટકા, આઈટી ૦.૪ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૨૫ ટકા અને હેલ્થકેર ૦.૧૧ ટકા વધ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે બજાજ ફિનસર્વ ૩.૨૩ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૨.૬૮ ટકા, એનટીપીસી ૧.૮૮ ટકા, લાર્સન ૧.૭૬ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૧.૪૦ ટકા, અદાણી પોટ્ર્સ ૧.૩૮ ટકા, બજાજ ફાઈનાન્સ ૧.૩૭ ટકા, પાવર ગ્રીડ ૧.૨૨ ટકા, ઝોમેટો ૧.૨૧ ટકા, અને સ્ટેટ બેન્ક ૧.૧૯ ટકા વધ્યા હતા, જ્યારે તાતા મોટર્સ ૫.૫૬ ટકા, સન ફાર્મા ૧.૪૧ ટકા, કોટક બેન્ક ૦.૯૫ ટકા, ભારતી એરટેલ ૦.૮૨ ટકા, એચસીએલ ટેકનોલોજી ૦.૪૦ ટકા મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૦.૩૫ ટકા, હિંદુસ્તાન યુનિલિવર અને તાતા સ્ટીલ ૦.૩૨ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં ગુરુવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૮૧.૭૮ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૪૬૬ સોદામાં ૫૨૫ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૧૦,૭૩,૬૦૭ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ. ૧૫,૨૦,૬૪૬.૮૮ કરોડનું રહ્યું હતું.

## ભારતે કુદરતી હીરાના ઝવેરાત માટે વિશ્વના બીજા સૌથી મોટા બજાર તરીકે ચીનને પાછળ ધકેલ્યું

મુંબઇઃ ભારતે કુદરતી હીરાના ઝવેરાત માટે વિશ્વના બીજા સૌથી મોટા બજાર તરીકે ચીનને પાછળ મૂકી દીધું છે. ભારતમાં હીરા સંપાદન દર હજુ પણ યુએસ જેવા પરિપક્વ બજારો કરતા ઘણો નીચે હોવા છતાં ભારતના કુદરતી હીરાના ઝવેરાત ક્ષેત્રમાં વધુ વૃદ્ધિને વેગ માટે એક મહત્વપૂર્ણ તક છે, એમ ડી બીયર્સ બ્રાન્ડ્સના સીઈઓ સેન્ડ્રિન કોન્સિલરે જણાવ્યું હતું. કુદરતી હીરા વધુને વધુ દુર્લભ બની રહ્યા છે. ૨૦૦૫થી હીરાની પુનઃપ્રાપ્તિમાં ૩૦ ટકાનો ઘટાડો થયો છે, તાજેતરના વર્ષોમાં કોઈ નોંધપાત્ર નવી માઇન મળી નથી. આ દુર્લભતા તેમની આકર્ષણને વધારે છે, જે તેમને એક કિંમતી અને વિશિષ્ટતાનું પ્રતીક બનાવે છે. ભારતીય બજારમાં વધુ પગપેસારો કરવાની વ્યૂહરચનાના ભાગરૂપે વિશ્વની સૌથી મોટી ડાયમંડ કંપની ડી બીયર્સ ગ્રુપે ખાસ યુવા પેઢીથી નેચરલ ડાયમંડની માગમાં વૃદ્ધિને ટેકો આપવા માટે સૌપ્રથમ સેકન્ડ ઇયર પિઅર્સિંગ રિચ્યુઅલ પ્રોગ્રામની રજૂઆત કરી છે અને આ થીમ માટે લવ ફ્રોમ ડેડ કલેકશનનું નામ આપ્યું છે અને આ કન્સેપ્ટનો દેશભરમાં પ્રસાર વધારવા માટે ડી બીયર્સ ગ્રુપે આ વર્ષના પ્રારંભે લોન્ચ થયેલા ઈન્ડિયન નેચરલ ડાયમંડ રિટેલર અલાયન્સ દ્વારા જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ સાથેની ભાગીદારીમાં આ પ્રોગ્રામને સંકલિત કર્યો છે.

## સેબી દ્વારા ખાનગી સેક્ટરની ઈન્ડસઈન્ડ બેન્કમાં ઈનસાઈડર ટ્રેડિંગની તપાસ

મુંબઇઃ ખાનગી સેક્ટરની ઈન્ડસઈન્ડ બેન્કની મુશ્કેલીઓ વધી છે. માર્કેટ રેગ્યુલેટર સેબીએ ઈન્ડસઈન્ડ બેન્કના વરિષ્ઠ અધિકારીઓ વિરૂદ્ધ ઈનસાઈડર ટ્રેડિંગની તપાસ હાથ ધરી છે. બેન્કે આ મહિનાની શરૂઆતમાં જ ડેરિવેટિવ્ઝ એકાઉન્ટમાં ગોટાળો થયો હોવાની માહિતી આપી હતી. સેબીએ ઈન્ડસઈન્ડ બેન્કના પાંચ વરિષ્ઠ અધિકારીઓ દ્વારા કરવામાં આવેલા સોદાઓ વિશે માહિતી આપવામાં આવી હતી. રેગ્યુલેટર તપાસ કરી રહ્યુ છે કે, શું અધિકારીઓ પાસે આવી ગોપનીય માહિતી હતી, જે જાહેર કરવામાં આવી નથી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સેબીએ બેન્ક વિરૂદ્ધ ડિસ્ક્લોઝર નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ પણ તપાસ હાથ ધરી છે.

ખાનગી સેક્ટરની બેન્ક પર છેતરપિંડી તથા આંતરિક ચૂક મુદ્દે તપાસ ચાલી રહી છે. મુંબઈ સ્થિત બેન્કે આ મહિનાની શરૂઆતમાં જ કહ્યું હતું કે, તેણે કરન્સી ડેરિવેટિવ્ઝ બુકમાં એકાઉન્ટિંગ ભૂલ જોવા મળી છે. આ ગોટાળો છ વર્ષ પહેલાનો હોવાનો અંદાજ છે. જેમાં અંદાજિત ૧૭.૫ કરોડ ડોલરનો ગોટાળો જોવા મળ્યો છે. બેન્કે સ્વતંત્ર સમીક્ષા તેમજ તપાસ માટે ગ્રાન્ટ થોર્નટનની નિમણૂક કરી છે. જેથી આ છેતરપિંડી કે ગોટાળા મુદ્દે પુરાવા એકત્રિત કરી શકાય. ઈન્સડઈન્ડ બેન્કે સાતમી માર્ચના સ્ટોક એક્સચેન્જીસને જણાવ્યું હતું કે, આરબીઆઈએ તેના એમડી અને સીઈઓ સુમંત કઠપાલિયાનો કાર્યકાળ એક વર્ષ માટે વધારી દીધો છે. જે ૨૩ માર્ચ, ૨૦૨૬ સુધી કાર્યરત રહેશે. બેન્કે ૧૦ માર્ચના રોજ સ્ટોક એક્સચેન્જીસ પર જણાવ્યું હતું કે, તેના ડેરિવેટિવ્ઝ એકાઉન્ટિંગમાં અમુક ગરબડ જોવા મળી છે. બેન્કે વિસ્તૃત આંતરિક સમીક્ષા કરી છે. જેમાં ડિસેમ્બર, ૨૦૨૪ની નેટવર્થમાં આશરે ૨.૩૫ ટકા નુકસાન થયુ હોવાનો અંદાજ છે. બેન્કને રૂ. ૧૬૦૦ કરોડની જોગવાઈ કરવી પડી છે. બેન્કમાં ગોટાળાની જાહેરાત બાદ શેર સતત તૂટ્યો છે. જે ૧૨ માર્ચે ૬૦૫.૪૦ની બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યો હતો. પાછલાં એક માસમાં શેર ૩૮ ટકા તૂટ્યો છે. જ્યારે છ માસમાં શેર પંચાવન ટકાથી વધુ તૂટ્યો છે. દેશની ટોચની પાંચમા ક્રમની ઈન્ડસઈન્ડ બેન્કની બેલેન્સશીટ ૬૩ અબજ ડોલરની છે. જ્યારે કોઈ કંપનીની ગુપ્ત અને નોન-ડિસ્ક્લોઝર માહિતીના આધારે શેરમાં ટ્રેડિંગ થાય તેને ઈનસાઈડર ટ્રેડિંગ કહે છે. આ માહિતીની જાણકારી ધરાવતા લોકો ઈનસાઈડર ટ્રેડિંગથી બજારનો લાભ મેળવે છે. અમુક રોકાણકારો સુધી કંપનીની અંદરની માહિતી પહોંચાડી ઈનસાઈડર ટ્રેડિંગ કરાવવામાં આવે છે.

## અમેરિકાની ઊંચી ટેરિફ બાદ હવે સ્ટીલ સામે યુકેના આયાત કવોટા ઘટાડવાની દરખાસ્ત

મુંબઈઃ સ્ટીલ તથા એલ્યુમિનિયમ પર ઊંચા ટેરિફ લાગુ કરવાના અમેરિકાના નિર્ણય બાદ હવે યુનાઈટેડ કિંગ્ડમ (યુકે) દ્વારા સ્ટીલની આયાત પર નિયમન લાવવાની દરખાસ્તથી ભારતના સ્ટીલ ઉદ્યોગ સામે વધુ એક પડકાર જોવાઈ રહ્યો છે જ્યારે આ દરખાસ્તની મોટી પ્રતિકૂળ અસર નહીં પડે તેવો સરકાર દાવો કરી રહી છે.

ઘરઆંગણે સ્ટીલની માગ મજબૂત હોવાથી યુરોપની આ દરખાસ્તથી ભારતના સ્ટીલ ઉદ્યોગને ફટકો નહીં પડે એમ વાણિજ્ય મંત્રાલયના સુત્રોએ જણાવ્યું હતું. યુરોપમાં સ્ટીલની વધી રહેલી આયાતને કારણે તેના સ્ટીલ ઉદ્યોગ પર આવેલા દબાણને ધ્યાનમાં રાખી યુરોપિયન કમિશને એપ્રિલથી સ્ટીલ આયાત ધોરણો સખત બનાવવાની જાહેરાત કરી છે. ૨૭ દેશોના બનેલા યુરોપિયન યુનિયને આયાત કવોટા ઘટાડવાનું નક્કી કર્યું છે જેથી ટેકસ ફ્રી સ્ટીલની આયાત મર્યાદિત માત્રામાં થઈ શકે.

યુરોપની દરખાસ્તથી થોડીઘણી અસર થશે પરંતુ ભારતમાં સ્ટીલનો વપરાશ એટલો ઝડપથી થઈ રહ્યો છે કે ઉદ્યોગો તેને ગ્રહણ કરી શકશે.

ભારતના ટોચના સ્ટીલ નિકાસ મથકોમાં યુરોપનો પણ સમાવેશ થાય છે. વર્તમાન નાણાં વર્ષના પ્રથમ ૧૧ મહિનામાં યુરોપમાં ભારતે ૨૦.૩૦ લાખ ટન સ્ટીલની નિકાસ કરી છે, જે દેશમાંથી સ્ટીલની કુલ નિકાસના ૪૬ ટકા હતી. ઘરઆંગણે સ્ટીલના થતા વપરાશની સરખામણીએ ભારતનો સ્ટીલ નિકાસ આંક ઘણો જ ઓછો છે. ગયા નાણાં વર્ષમાં ભારતની સ્ટીલ નિકાસ આંક ૭૫ લાખ ટન રહ્યો હતો જ્યારે ઘરઆંગણે સ્ટીલનો વપરાશ ૧૩.૬૦ કરોડ ટન રહ્યો હતો. સ્ટીલ ઉદ્યોગના વર્તુળો યુરોપની આ દરખાસ્તને ભારત સામે વધુ એક પડકાર તરીકે જોઈ રહ્યા છે. અમેરિકાના સૂચિત ટેરિફની પણ ભારતના સ્ટીલ ઉત્પાદકો પર ખાસ અસર નહીં થાય કારણ કે અમેરિકામાં ભારતની સ્ટીલ નિકાસ એકદમ સામાન્ય છે.

અમેરિકામાં ચીનની સ્ટીલ નિકાસ પણ સામાન્ય હોવાથી ચીન ખાતેથી ભારતમાં સ્ટીલની નિકાસ વધવાની શકયતા નહીં હોવાનું સુત્રોએ વધુમાં જણાવ્યું હતું.

# કચ્છના પશ્ચિમી સાગરકાંઠે તરતા માચડાઓ પર સી-વીડનું વાવેતર: માછીમારો માટે પાયલોટ પ્રોજેક્ટનો પ્રારંભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: 'સી-વીડ' તરીકે ઓળખાતી વનસ્પતિઓની દુનિયાભરમાં માગ છે અને ભારતમાં તે એમેઝોન કે ફ્લિપકાર્ટ જેવા મોટા ઓનલાઇન શોપિંગ પ્લેટફોર્મ્સ પર સરળતાથી મળી રહે છે. આ સી-વીડ સ્થૂળતા, થાયરોઇડ અને મધુપ્રમેહ જેવા રોગમાં સારવાર માટે આપી શકાય છે. આ વનસ્પતિની દરિયાકાંઠે થઇ રહેલી ખેતીથી દરિયાઈ જીવસૃષ્ટિને ખોરાક મળી રહે છે. કચ્છના સરક્રીક અને તેની આસપાસના ૯૬ કિલોમીટરની ત્રિજ્યાના વિસ્તારોમાં આવો પ્રયોગ હાથ ધરવામાં આવી રહ્યો હોવાનું જાણવા મળે છે.



(તસવીર: ઉત્સવ વૈદ્ય, ભુજ)

સેન્ટ્રલ મરીન ફિશરીઝ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ અને સરહદી સલામતી દળના સંયુક્ત પ્રયાસોથી શરૂ થયેલા આ કાર્યમાં હાલ પડાલા અને કોરીક્રીક ખાતે આ કાર્ય હાથ ધરવામાં આવી રહ્યું છે. અહીં લાકડાંના રાફ્ટ બનાવીને તેને દરિયામાં ગોઠવાય છે અને તેના પર આ સી-વીડ કે જેને ગ્લેસેરિયા પણ કહેવામાં આવે છે તેની ખેતી કરવામાં આવી રહી છે. આ પ્રકારના ૨૪૦ જેટલા રાફ્ટસ તૈયાર કરી તેને દરિયામાં મુકાશે. જેના પર વાવેતર કરવામાં આવશે. જેને લઈને પડાલા અને કોરીક્રીક અને તેની આસપાસના ૨૪ જેટલાં ગામોના માછીમારોના પરિવારોને આર્થિક ફાયદો મળશે.

એક અંદાજ પ્રમાણે એક રાફ્ટ બનાવવામાં રૂપિયા ૧૬૦૦૦નો ખર્ચ થાય છે અને માછીમાર એક વર્ષમાં આઠ વખત કુલ ત્રણ હજાર કિલોગ્રામ જેટલો સી-વીડનો પાક લઇ શકે છે. આ સી-વીડનો દુનિયાભરમાં વ્યાપક ઉપયોગ થાય છે. ખાસ કરીને પશુ આહાર, કોસ્મેટિક્સ,ખાતર,રસાયણો તેમજ દવાઓ બનાવવા માટે તેને ઉપયોગમાં લેવાય છે. ભારત સરકારે હજુ બે વર્ષ પહેલાં જ સી-વીડ મિશનનો પ્રારંભ કર્યો છે જે હેઠળ ભારતના સાગરકાંઠાના માત્ર પાંચ ટકા વિસ્તારમાં પણ જો આવું વાવેતર કરાય તો આગામી બે વર્ષમાં ૧૧ મેટ્રિક ટન જેટલું સી-વીડનું ઉત્પાદન મેળવી શકાશે.

હાલ કચ્છમાં ત્રણ જગ્યાએ આ પાયલોટ પ્રોજેક્ટનો સફળતાપૂર્વક આરંભ કરી દેવાયો છે. આગામી સમયમાં સી-વીડની ખેતી માટે જૂના બંદર, લૂણી, નાના લાયજા અને ઝરપરા ખાતે પણ વાંસના લાકડાના બનાવેલા તરતા રાફ્ટ મૂકવામાં આવશે.

દુનિયાના વૈજ્ઞાનિકોએ સી-વીડને એટલી હદે ઉપયોગી ઠેરવ્યો છે કે ન્યુક્લિયર વોર બાદની પરિસ્થિતિમાં કે જ્વાળામુખી ફાટવાની ઘટનાથી જ્યારે ખેતીવાડીને ખૂબ નુકશાન થાય છે. ત્યારે સી-વીડ ખોરાકના એક વિકલ્પ રૂપ કામ કરી શકવાની ક્ષમતા ધરાવે છે. આ ઉપરાંત પર્યાવરણ પર પણ તેની ખૂબ સારી અસર પહોંચે છે. પાણીમાં ઓગળી ગયેલા કાર્બન ડાયોક્સાઇડનું તે શોષણ કરે છે. સી-વીડ વનસ્પતિઓમાં કાર્બન ડાયોક્સાઇડ શોષવાની ક્ષમતા અન્ય વનસ્પતિઓ કરતાં પાંચ ઘણી વધારે હોય છે. આ પ્રકારનો પાયલટ પ્રોજેક્ટ તામિલનાડુમાં પણ શરૂ કરાયો છે. ગુજરાત,લક્ષદ્વીપ, આંદાબાર અને નિકોબારના સાગરકાંઠે પણ આ પ્રકારનો વિકલ્પ ક્રમશ શરૂ કરાશે તેમ જાણવા મળ્યું છે. ■

# કચ્છના ૨૪ આંદોલનકારી આરોગ્ય કર્મચારીઓને સરકારે નોકરીમાંથી છૂટા કર્યા: અન્યને શોકોઝ નોટિસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: વર્ષો જૂની પડતર માગણીઓ સંદર્ભે કચ્છ સહિત રાજ્યભરના આરોગ્ય કર્મચારીઓ ગત ૧૭ માર્ચથી અચોક્કસ મુદતની હડતાલ પર ઊતર્યા હતા. રાજ્ય સરકારે તેમને અલ્ટીમેટમ આપતા કરાર આધારિત કર્મચારીઓ પુન: ફરજમાં જોડાઈ ગયા હતા, પરંતુ કાયમી કર્મીઓ પોતપોતાની ફરજ પર ધરાર હાજર ન થતાં રાજ્ય સરકારે કડક પગલાં ભરવાની આપેલી સૂચનાને પગલે ગુજરાતમાં ૧૧૦૦ જેટલા આંદોલનકારી આરોગ્ય કર્મચારીને નોકરીમાંથી છૂટા કરાયા છે જેમાં કચ્છના ૨૪ જેટલા કર્મચારીનો સમાવેશ થાય છે.

કચ્છ જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા હડતાલ પર ઊતરેલા કર્મચારીઓને નોટિસો પાઠવાઇ હતી. જેને પરિણામે કરાર આધારિત કર્મચારીઓ નોકરીમાં જોડાઈ ગયા પરંતુ કાયમી કર્મચારીઓ જોડાયા નથી જેથી શિસ્ત અને અપીલના નિયમો પ્રમાણે એસમા એક્ટ મુજબ તેમને નોટિસ પાઠવાઇ હતી.

મનસ્વી રીતે ૧૭ માર્ચથી ફરજ પર ગેરહાજર રહેતા જાહેર આરોગ્યની વ્યવસ્થા પર અસર પડી છે અને ગુજરાત પંચાયત સેવા શિસ્ત અને અપીલના નિયમનો ભંગ થયાનું જણાઇ આવતા કર્મચારીઓને નોટિસ આપી તેમનો પક્ષ જાણવામાં આવી રહ્યો છે. જે બાદ છૂટા કરવાનાં પગલાં લેવાયાં છે. જે અન્ય કાયમી આરોગ્ય કર્મીઓ તરફથી નોટિસનો યોગ્ય જવાબ આગામી પાંચ દિવસમાં આપવામાં નહીં આવે તો કડક પગલાં ભરાશે તેવું જાણવા મળી રહ્યું છે. ■

# મુંદરાના ચકચારી કસ્ટોડિયલ ડેથ કેસમાં હાઈ કોર્ટે આરોપીની બે અરજીઓ નામંજૂર કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: રાષ્ટ્રીય સ્તરે ચર્ચાસ્પદ બનેલા કચ્છના મુંદરાના પોલીસ મથકના જાન્યુઆરી ૨૦૨૧ના કસ્ટોડિયલ ડેથ કેસમાં મુખ્ય પૈકીના આરોપી શક્તિસિંહ યોગેન્દ્રસિંહ ગોહિલ દ્વારા દાખલ કરવામાં આવેલી અલગ-અલગ બે અરજીને હાઈ કોર્ટે નામંજૂર કરી હતી.

ફરજમોકૂફ પોલીસ કર્મચારી શક્તિસિંહ ગોહિલ દ્વારા કેસની તપાસને સંલગ્ન અધિકારીઓને લગતાં વાહનોની લોગબુક સહિતના દસ્તાવેજોની માગણી કરાઈ હતી. આ તહોમતદાર દ્વારા તેના ઉપર કાવતરાંની કલમનો પ્રયોગ કરાયો છે તે ગેરકાયદે હોવાની અરજી કરી હતી. હાઈ કોર્ટના ન્યાયાધીશ દિવ્યેશ એ. જોશીની અદાલત સમક્ષ આ બન્ને અરજીની સુનાવણી થઈ હતી. બન્ને પક્ષને સાંભળી આ બન્ને અરજી નામંજૂર કરાઈ હતી.

આ સુનાવણીમાં હાઈ કોર્ટ સમક્ષ સરકાર વતી મુખ્ય સરકારી વકીલ હાર્દિકભાઈ એ. દવે અને ફરિયાદ પક્ષ વતી કે.આર. દવે અને રાહુલ કે. દવે હાજર રહ્યા હતા.

મુંદરા પોલીસે ચોરીનું આળ નાખીને ત્રણ ગઢવી સમાજના યુવકોની ગેરકાયદે અટક કરી, પોલીસ કસ્ટડીમાં ગોંધી રાખીને અમાનુષી ત્રાસ આપતાં બે યુવકોનાં કમકમાટીભર્યાં મૃત્યુ થયાં હતાં. ■

# મુખ્ય પ્રધાન સમક્ષ સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ભાવનગરના વિકાસને લગતાં સૂચનો રજૂ કરાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ગુજરાત સરકારના ઈન્ડેક્સ બીના માધ્યમથી ગુજરાતની વિવિધ ચેમ્બર્સ વેપાર- ઉદ્યોગના એસોસિએશનો, અને પ્રતિનિધિઓ સાથે મહાત્મામંદિર, ગાંધીનગર ખાતે મુખ્ય પ્રધાન ભુપેન્દ્ર પટેલ સાથે મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી તરફથી ભાવનગરના વિકાસને લગતાં વિવિધ સૂચનો રજૂ કરાયાં હતાં.

સૌરાષ્ટ્ર ચેમ્બર તરફથી કરવામાં આવેલ સૂચનોમાં શિપ બ્રેકીંગ સાથે શીપ બિલ્ડીંગનો પણ વિકાસ થાય તેવી કેન્દ્ર સરકારનાં બજેટમાં જે જાહેરાત કરાઈ છે તેના અનુસંધાનમાં ગુજરાત સરકાર દ્વારા ભાવનગરમાં પણ શીપ બિલ્ડીંગનાં કાર્યને વેગ મળે તે માટે સત્વરે કાર્યવાહી થવી જોઈએ. વ્હિકલ સ્ક્રેપ યાર્ડ માટે પણ ભાવનગરમાં ઘણી તકો છે તેમજ સીએનજી ટર્મિનલ કાર્યરત થતા બહારથી ઈમ્પોર્ટ થતા વ્હિકલ સ્ક્રેપમાં વધારો થશે. જેથી વ્હિકલ સ્ક્રેપ યાર્ડનાં નિર્માણ માટેની નીતિ ઘડવી જોઈએ.

ભાવનગર ખાતે કન્વેન્શન સેન્ટરની સ્થાપના માટે રજૂઆત કરવામાં આવી હતી. જ્યારે ધોલેરા અને લોથલ ખાતે નવા રોકાણો આવી રહ્યા છે ત્યારે ભાવનગર અને ધોલેરા વચ્ચે કન્વેન્શન સેન્ટરનું નિર્માણ કરવામાં આવે તો વેપાર-ઉદ્યોગને ખુબ જ અનુકુળતા રહેશે.

આ ઉપરાંત નારી અને માઢીયા જીઆઈડીસી માટે જાહેરાત આપી એક્સપ્રેસન ઓફ ઈન્ટેરેસ્ટ મંગાવવું જોઈએ જેથી ક્યા પ્રકારનાં ઉદ્યોગોની સંભાવના છે તેની જાણકારી મળી શકે અને તેના આધારે તે મુજબનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું થઇ શકે. નજીકના ભવિષ્યમાં દેશમાં ઓલિમ્પિકના આયોજનની શક્યતા છે ત્યારે ભાવનગરમાં સ્પોર્ટ્સ માટે સ્ટેડીયમ અને ખાસ કરીને દરિયાકાંઠા વિસ્તારમાં વિવિધ સ્પોર્ટ્સ સાથેના ટૂરિઝમનો વિકાસ થાય તે માટે પણ સર્વે થવો જોઈએ.

ગુજરાત સરકારનાં ગુજરાત મેરીટાઈમ બોર્ડે દ્વારા પોર્ટ સિટી તરીકે ચાર શહેરોને પસંદ કરવામાં આવ્યાં છે જેમાં ભાવનગરનો પણ સમાવેશ થાય છે. જેના પરિણામે પોર્ટ પર અનેક પ્રકારની આધુનિક સુવિધાઓનું નિર્માણ થશે. આ અંગે વિસ્તૃત જાણકારી લઇ કેવા પ્રકારના ઉદ્યોગોની સંભાવના છે તે માહિતી શેર કરવી જોઈએ.

જીએસટી કાયદા હેઠળ જે વસ્તુઓનું વેચાણ થાય છે તેના ક્લાસીફિકેશનમાં પ્રશ્નો ઊભા થતા હોય છે જેના પરિણામે ડિપાર્ટમેન્ટ દ્વારા શો-કોઝ નોટીસ આપી ૭ થી ૮ વર્ષની જૂની રીકવરી કાઢવામાં આવે છે અને તેમાં વ્યાજ અને પેનલ્ટી પણ હોય છે. આવા કોઈ પ્રશ્નો ઊભા ન થાય તે માટે ઉદ્યોગ વિભાગની એવી કોઈ એક ઓથોરીટી હોવી જોઈએ કે જ્યાંથી એમએસએમઈ ઉદ્યોકર્તાઓને દરેક વસ્તુઓના ક્લાસીફિકેશન માટેની સ્પષ્ટતા મળી શકે. વેચાણકર્તા ક્લાસીફિકેશન બાબત ઓનલાઈન માહિતી માંગે અને તેને તુરંત ઓનલાઈન પ્રત્યુત્તર પ્રાપ્ત થાય જેથી કાયદાકીય પ્રશ્નો ઊભા ન થાય. ■

# ભુજમાં એક સપ્તાહમાં સતત બીજી વખત ગાંજાના જથ્થા સાથે એક યુવક ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં સતત વધી રહેલા નશાખોરીના દૂષણ વચ્ચે ભુજિયા રિંગરોડ પરથી એક સપ્તાહમાં સતત બીજી વાર ભુજ બી ડિવિઝન પોલીસે કાર્યવાહી કરીને સંજોગ નગરના યુવકને અફઘાની ગાંજા સાથે ઝડપી લીધો હતો.

આ અંગે ભુજ બી ડિવિઝનના પી.આઈ જે. કે.મોરીના જણાવ્યા અનુસાર, પેટ્રોલિંગ દરમ્યાન મળેલી પૂર્વ બાતમીના આધારે ભુજિયા રીંગરોડ પર વોચ ગોઠવી હતી. સૂર્યાસ્ત બાદ અહીંથી પસાર થયેલા ઈબ્રાહીમ યુસુફ સીદી નામના શખસને અટકમાં લીધો હતો.

આ શખસની અંગજડતી દરમ્યાન રૂપિયા ૭,૩૬૫ના મૂલ્યનો ૭૩૬.૫ ગ્રામ ગાંજો મળી આવ્યો હતો. પોલીસે તેના કબ્જા હેઠળનો ૫૦ હજારનું હોન્ડા એક્ટીવા તેમજ ૫ હજારનો મોબાઈલ, રોકડ રૂ.૧૪૧૦ સહિતનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

તેની પ્રાથમિક પૂછપરછમાં અંજારના શબ્બીર ઉર્ફે સબલો કકલ નામના વ્યક્તિ પાસેથી માદક પદાર્થ મેળવ્યો હોવાનું જાણવા મળ્યું હતું. હાલ બી ડિવિઝનમાં બંને આરોપી સામે એનડીપીએસ એક્ટ તળે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ગત ૧૯મી માર્ચના રોજ આ રિંગરોડ પરથી ૩૬૫ ગ્રામ ગાંજા સાથે એક યુવકને ઝડપી લેવાયો હતો. ■

# પૂર્વ કચ્છ એસઓજીએ અંજારમાંથી નશાકારક હર્બલ ટોનિકની ૫.૪૫ લાખની ૩૬૫૪ બાટલી જપ્ત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પૂર્વ કચ્છના સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપે અંજાર શહેરમાં બે સ્થળે દરોડો પાડીને આયુર્વેદિક આસવના નામે વેચાતી નશાકારક આયુર્વેદિક સિરપની ૫.૪૫ લાખ રૂપિયાની ૩૬૫૪ બાટલીઓ જપ્ત કરી બે આરોપીને અંજાર પોલીસને સોંપી દીધા હતાં.





(તસવીર: ઉત્સવ વૈદ્ય, ભુજ)

અંજારના ભીમાસર ગામે મોમાય કૃપા નામની દુકાનમાં બાબુ હકુ કોલી નામનો દુકાનદાર આવી નશાકારક સિરપ વેચતો હોવાની પૂર્વ બાતમીના પગલે એસઓજીએ દરોડો પાડીને તેની દુકાનમાંથી કેટલોક જથ્થો જપ્ત કર્યો હતો. બાબુએ સિરપનો જથ્થો અંજારના દબડા રોડ પર હરીકૃપા કોમ્પ્લેક્સમાં દુકાન ધરાવતા જીવરાજ કરમણ ગઢવી પાસે મેળવ્યો હોવાનું કબૂલતાં પોલીસે ત્યાં દરોડો પાડીને વધુ કેટલોક જથ્થો જપ્ત કરી પૃથક્કરણ અર્થે એફ.એસ.એલ.માં મોકલાવી દીધો હતો.

ભુજમાં ૧૪-૦૯-૨૦૨૩ના રોજ એલસીબીએ ટ્રાન્સપોર્ટ મારફતે આવેલી આવા હર્બલ ટોનિકની ૧૨૩૯ બાટલીઓ કબ્જે કરીને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં તેના નમૂના મોકલી પરીક્ષણ કરાવતાં આ બાટલીઓમાં આઈસોપ્રોપાઈલ આલ્કોહોલ જેવા રાસાયણિક નશાકારક દ્રવ્યનું પ્રમાણ ૧૫ ટકા જેટલું હોવાનું બહાર આવ્યું હતું.

સામાન્ય રીતે ભારતમાં વેચાતાં ૫૦૦ એમએલના સ્ટ્રોંગ બીયર ટીનમાં આલ્કોહોલનું પ્રમાણ સાતથી આઠ ટકા જેટલું હોય છે તેની તુલનાએ આ ૪૦૦ એમએલના આયુર્વેદિક આસવમાં આલ્કોહોલની માત્રા ડબલ સ્ટ્રોંગ બીયર જેટલી જોવા મળતાં ગત ૧૩-૦૬-૨૦૨૪ના રોજ ભુજ બી ડિવિઝન પોલીસ મથકે આરોપીઓ સામે પ્રોહિબિશનની ધારાઓ તળે ગુનો દાખલ કરાયો હતો. ■

# રાજકોટમાં ટીપરવાનનું પાર્કિંગ બનાવવા મુદ્દે વિરોધ: ૧૦ સોસાયટીના રહીશોએ મહાનગરપાલિકામાં રજૂઆત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટનાં મવડી વિસ્તારમાં મહાનગર પાલિકાની માલિકીના પ્લોટમાં ૬ વોર્ડનાં ટીપરવાનનું પાર્કિંગ બનાવવા માટેનો નિર્ણય લેવાયો હતો. જેના કારણે આસપાસની સોસાયટીઓમાં રહેતા લોકોમાં વિરોધનો સૂર ઊઠયો હતો. ગુરુવારે ૧૦ સોસાયટીનાં રહીશોએ આ પાર્કિંગ રદ કરવા અંગે મહાનગર પાલિકામાં રજૂઆત કરી હતી. ટીપરવાનનાં પાર્કિંગને લઈ રોગચાળો ફેલાય તેવી દહેશત હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું. પ્રાપ્ત વિગતો પ્રમાણે રાજકોટના મવડી વિસ્તારમાં મંજૂર થયેલી ટી.પી.એસ નંબર-૨૬માં આસપાસનાં ૬ વોર્ડનો કચરો ઉપાડતી ટીપરવાનનું પાર્કિંગ કરવા માટે જગ્યા ફાળવવામાં આવી છે. ગુરુવારે રાજકોટ મહાનગર પાલિકા કચેરી ખાતે સ્થાનિક રહિશો ભેગા થયા હતાં અને મેયર, ડે. કમિશ્નર સહિતનાને મળી આ પાર્કિંગ રદ કરી ગાર્ડન બનાવવામાં આવે તે માટેની માગ કરાઈ હતી.





(તસવીર: પ્રવીણ સેદાણી, રાજકોટ)

સ્થાનિકોએ કહ્યું હતું કે, અમારા વિસ્તારમાં રાજ રાજેશ્વર મહાદેવ મંદિર આવેલું છે. જેની બાજુમાં મનપાનો પ્લોટ છે. અગાઉ ત્યાં ગાર્ડન બનાવવાનું હતું. પરંતુ હવે ટીપરવાન પાર્કિંગ આ પ્લોટમાં ઊભું કરવા નિર્ણય લેવાયો છે.

મંદિરની દીવાલને અડીને આવેલા પ્લોટમાં આ પાર્કિંગનાં કારણે લોકોની ધાર્મિક લાગણી દુભાય તેમ છે. ગંદકી ફેલાવાના કારણે બાળકો અને સિનિયર સિટિઝનોમાં બીમારી પણ ફેલાય તેવી શક્યતા હોવાથી આ પાર્કિંગ રદ કરી ગાર્ડન બનાવવા મેયર સહિતનાઓને રજૂઆત કરાઈ છે. ■

# વડા પ્રધાન મોદીએ જંગલ સફારી કર્યા બાદ ગીર આવતા પ્રવાસીઓની સંખ્યામાં ૧૮ ટકાનો ઉછાળો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડા પ્રધાન મોદી ગત ૧થી ૩ માર્ચ દરમિયાન ગુજરાતના પ્રવાસે હતા. તેમણે ત્રીજી માર્ચે સાસણગીર સ્થિત જંગલ સફારી ખાતે 'વિશ્વ વન્યજીવ દિવસ'ની ઉજવણી કરી ગીર અભયારણ્યમાં સિંહ દર્શનનો આનંદ માણ્યો હતો. વડા પ્રધાનની આ મુલાકાત પછી સાસણગીર જંગલ સફારીમાં પ્રવાસીઓનો ધસારો જોવા મળ્યો હતો.

વડા પ્રધાનની મુલાકાત પહેલાના ૨૦ દિવસમાં ગીરમાં પ્રવાસીઓની સંખ્યા ૪૯,૬૮૧ હતી, જે તેઓની મુલાકાત પછીના ૨૦ દિવસમાં વધીને ૫૯,૦૦૯ થઈ ગઈ છે, જે પ્રવાસીઓની સંખ્યામાં ૧૮.૮ ટકાનો વધારો દર્શાવે છે.

વડા પ્રધાનની ગીર જંગલ સફારીની મુલાકાતના પગલે પોરબંદર જિલ્લામાં સ્થિત બરડા વન્યજીવ અભયારણ્ય, જે એશિયાઇ સિંહોનું બીજું નિવાસસ્થાન કહેવાય છે, તેમાં પણ હવે પ્રવાસીઓનો રસ જાગૃત થયો છે. તેના કારણે, ફેબ્રુઆરી, ૨૦૨૫ની સરખામણીએ માર્ચ, ૨૦૨૫માં બરડા સફારીની મુલાકાત લેનારા પ્રવાસીઓની સંખ્યા બમણી થઈ છે. ફેબ્રુઆરી મહિના દરમિયાન બરડા સફારીની મુલાકાતે ૧૦૮ પ્રવાસીઓ આવ્યા હતા, જેની સામે માર્ચ મહિનામાં ૨૧૫ પ્રવાસીઓએ બરડા સફારીની મુલાકાત લીધી છે.

અત્યારસુધી જૂનાગઢ સ્થિત ગીર અભયારણ્ય એશિયાઇ સિંહોનું એકમાત્ર નિવાસસ્થાન હતું. પોરબંદર જિલ્લામાં આવેલું બરડા વન્યજીવ અભયારણ્ય ગીર સંરક્ષિત વિસ્તાર સાથે આવાસસ્થાનો, ભૌગોલિક ક્ષેત્ર અને ભૂમિપ્રદેશની દ્રષ્ટિએ ખૂબ જ સમાનતા ધરાવે છે. બરડા અભયારણ્ય સિંહ જનીનપૂલના સંરક્ષણ માટે ખૂબ જ મહત્ત્વનું સ્થળ છે. ઐતિહાસિક રીતે તે સિંહોના નિવાસસ્થાન તરીકે જાણીતું હતું. બરડા અભયારણ્યમાં સિંહોનું જૂથ છેલ્લે ૧૮૭૯માં જોવા મળ્યું હતું. પરંતુ, પછીથી આ વિસ્તારમાં સિંહો લુપ્ત થયા હતા.

સિંહોને તેમના ઐતિહાસિક રહેઠાણોમાં પુનઃસ્થાપિત કરવા માટે ગુજરાત વન વિભાગે બરડા વન્યજીવ અભયારણ્યમાં આહારશૃંખલાના પાયાને પુનઃસ્થાપિત કરવાનો કાર્યક્રમ શરૂ કર્યો. આ કાર્યક્રમ ચિતલ અને સાબરના સંવર્ધન અને પુનઃસ્થાપન પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જે સિંહો માટે જરૂરી શિકાર પ્રજાતિઓ છે. આ સંરક્ષણ પ્રયાસોને ૧૯ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ મોટી સફળતા મળી, જ્યારે બરડા વન્યજીવ અભયારણ્યમાં એક નર એશિયાઇ સિંહની હિલચાલ નોંધવામાં આવી. સિંહો એક સદી પછી તેમના ઐતિહાસિક નિવાસસ્થાનમાં પાછા ફર્યા. બરડા સ્થિત અભયારણ્યમાં ૮ સિંહોની વસ્તી સ્થાયી થયા પછી તેને સિંહોના 'સેકન્ડ હોમ' એટલે કે બીજા નિવાસસ્થાન તરીકે વિકસિત કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું.

તાજેતરમાં, બરડા વન્યજીવ અભયારણ્યમાં એશિયાઇ સિંહોના કુદરતી ફેલાવા અને સફળ સંવર્ધનને કારણે, બરડા આજે સિંહોના બીજા નિવાસસ્થાન તરીકે ઊભરી આવ્યું છે. આજે બરડા વન્યજીવ અભયારણ્યમાં ૧૭ સિંહો વસવાટ કરે છે, જેમાં ૧ નર, ૫ માદા સિંહ અને ૧૧ બાળસિંહ છે.

વડા પ્રધાન મોદીએ ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન ગીરના સિંહોના વિસ્તારમાં ઇકો-ટુરિઝમને પ્રોત્સાહન આપ્યું હતું. આ જ સમયગાળા દરમિયાન ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ દ્વારા 'ખુશ્બુ ગુજરાત કી' કેમ્પેઇન શરૂ કરવામાં આવ્યું હતું. આ કેમ્પેઇને મોટી સંખ્યામાં પ્રવાસીઓને આકર્ષિત કર્યા. ભારતભરના પ્રવાસીઓની સાથે અન્ય દેશોના પ્રવાસીઓને પણ આમંત્રિત કરીને ગીરના સંરક્ષિત ક્ષેત્રની વિઝિબિલિટીમાં વધારો કરવામાં આવ્યો, જેનાથી ગીર વૈશ્વિક પ્રવાસન નકશા પર આવી ગયું.

ગીરમાં ઇકો-ટૂરિઝમના વિકાસે વન્યજીવ સંરક્ષણમાં જ યોગદાન નથી આપ્યું, પરંતુ હજારો સ્થાનિક રહેવાસીઓની આવકમાં પણ હકારાત્મક પરિવર્તન આણ્યું છે, જેનાથી આ વિસ્તારના ટકાઉ વિકાસને પ્રોત્સાહન મળ્યું છે. છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૩૩,૧૫,૬૩૭ પ્રવાસીઓએ ગીર સંરક્ષિત વિસ્તારની મુલાકાત લીધી છે. ■

# સરકારે સૈદ્ધાંતિક મંજૂરી આપતા ગીર સોમનાથ જિલ્લામાં ચાર મોટા મત્સ્યબંદરોનો વિકાસ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ ખાતે આવેલા મત્સ્યબંદર વિશે વિધાનસભા ગૃહમાં મત્સ્યોદ્યોગ પ્રધાન રાઘવજીભાઈ પટેલે જણાવ્યું કે રાજ્ય સરકાર દ્વારા વેરાવળ ખાતે મત્સ્યબંદર વિકસાવવાને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવતાં ગીર સોમનાથ જિલ્લામાં કુલ ચાર જેટલા મોટા મત્સ્યબંદરોનો વિકાસ થશે.

તેમણે વિગતવાર માહિતી આપતાં કહ્યું હતું કે, વેરાવળ ખાતે આવેલા મત્સ્યબંદરમાં જરૂરી આધુનિક વ્યવસ્થાઓ જેવી કે લેન્ડિંગ-બર્થિંગ ફેસેલિટી, ઓક્શન હોલ, બ્રેકવોટર તથા મત્સ્ય પકડાશનાં જથ્થાયને આરોગ્યપ્રદ સ્થિતિમાં જાળવી રાખવા માટેની સુવિધાઓનો સમાવેશ કરવાં આવ્યો છે. પ્રથમ તબક્કામાં પાર્ટ-એ અંતર્ગત મરીન સ્ટ્રક્ચર જેટી, વાર્ફ વોલ વગેરે, પાર્ટ-બીમાં ડ્રેજિંગ, સોઇલ રિક્લેમેશન અને પાર્ટ-ડી અંતર્ગત ઈસ્ટર્ન અને વેસ્ટર્ન બ્રેક વોટર, હાર્બર રિસ્ટોરેશનનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેવી જ રીતે બીજા તબક્કામાં પાર્ટ-સી અંતર્ગત ઓન શોર સ્ટ્રક્ચર-વહીવટી બિલ્ડિંગ, ઓક્શન હોલ, બોટ રીપેર શોપ, ડોરમેટરી, ગીયર શેડ, રેસ્ટ શેડ, નેટ મેન્ડીંગ શેડ, ફીશ હેન્ડલિંગ એરીયા, રેડિયો કોમ્યુનિકેશન ટાવર, કંમ્પાઉન્ડ વોલ, ડીજી રૂમ, કોમ્યુનિટી હોલ, રેસ્ટોરન્ટ, રોડ, સેનિટેશન ફેસિલિટી વગેરે તેમજ પાર્ટઇ અંતર્ગત વોટર સપ્લાય તથા પાર્ટએફ અંતર્ગત ઇલેક્ટ્રિક અને મિકેનિકલ વગેરે સુવિધાઓ વિકસાવવાનું આયોજન કરવાં આવ્યું છે.

વેરાવળ ખાતે મત્સ્યબંદરનો વિકાસ થવાથી માછીમારોની બોટને અવર-જવરની સુગમતા રહેશે, હયાત બંદરો પરની સંકળાશનું નિવારણ થશે, મત્સ્ય પકડાશની ગુણવત્તામાં સુધારો થતા નિકાસમાં વધારો થશે તેમજ આવકમાં વધારો થશે, રોજગાર નિર્માણ વધશે, સ્થાનિક વ્યક્તિઓને પર્યટક વિકલ્પ પૂરો પડશે તેમ જ માછીમારોની આજીવિકા તથા જીવન-ધોરણ ઊંચું આવશે. ■